Extra No. 276

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII ] THURSDAY, JUNE 30, 2016/ASADHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

છઠ્ઠો માળ, ગીફ્ટ-૧, રોડ-૫ સી

ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર,

ગુજરાત-૩૮૨ ૩૫૫

તા. ૨૯-૦૩-૨૦૧૬ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ નોટિફીકેશન ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રૂપવંતસિંહ, આઇ.એ.એસ.**
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
ગાંધીનગર.

## ૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો


| પ્રકરણ-૧ : પ્રારંભિક | | પાના નંબર |
|---|---|---|
| ૧ | સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ, પ્રયોજયતા અને પ્રારંભ | ૫ |
| ૨ | વ્યાખ્યાઓ | ૫ |
| ૩ | વિનિયમનું ક્ષેત્ર અને પ્રયોજ્યાતાનો વ્યાપ | ૫ |
| ૪ | સંચાલનનાં ધોરણો ટોચ મર્યાદાનાં ધોરણો બનશે | ૧૧ |
| ૫ | ધોરણોથી વિચલન | ૧૨ |
| ૬ | સામાન્ય માળખું | ૧૩ |
| ૭ | આયોગની અંતર્ગત સત્તાનો બચાવ | ૧૩ |
| ૮ | પાલન નહીં કરવાની અસર | ૧૩ |
| ૯ | સામાન્ય | ૧૩ |
| ૧૦ | હુકમો અને પ્રેકટિસ આદેશો ઈસ્યુ કરવા | ૧૩ |
| ૧૧ | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા | ૧૩ |
| ૧૨ | છૂટછાટની સત્તા | ૧૩ |
| ૧૩ | અર્થઘટન | ૧૩ |
| ૧૪ | પૂછપરછ અને તપાસ | ૧૪ |
| ૧૫ | સુધારા કરવાની સત્તા | ૧૪ |
| **પ્રકરણ-૨ : સામાન્ય સિદ્ધાંતો** | | **૧૪** |
| ૧૬ | બહુવર્ષીય પ્રશુલ્ક માળખું | ૧૪ |
| ૧૭ | હિસાબપત્રક અને બહુવર્ષીય પ્રશુલ્ક અન્વયે ફાઈલીંગ | ૧૫ |
| ૧૮ | પ્રયોજયતા / લાગુ પડવું તે | ૧૫ |
| ૧૯ | બહુવર્ષીય પ્રશુલ્ક અરજી | ૧૬ |
| ૨૦ | કેટલીક પરિવર્તી બાબતો માટે ખાસ ગંતવ્ય માર્ગ (trajectory) | ૧૬ |
| ૨૧ | ટ્રુઈંગ-અપ | ૧૭ |
| ૨૨ | નિયંત્રણપાત્ર અને નિયંત્રણપાત્ર ન હોય તેવા પરિબળો | ૧૮ |
| ૨૩ | બિન-નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ અને નુકશાન પસાર થવા માટે તંત્ર-વ્યવસ્થા | ૧૮ |
| ૨૪ | નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ કે નુકશાનની હિસ્સેદારી માટે તંત્ર-વ્યવસ્થા | ૧૯ |
| ૨૫ | પ્રશુલ્કનો નિર્ણય | ૧૯ |
| ૨૬ | વીજઉત્પાદન પ્રશુલ્ક નકકી કરવું | ૧૯ |
| ૨૭ | પ્રવહન , વિતરણ વાયર ધંધો, છૂટક પૂરવઠા ધંધોનું પ્રશુલ્ક અને રાજય વીજંભાર રવાનગી કેંદ્રની ફી અને ચાર્જીસ નક્કી કરવા | ૨૦ |
| ૨૮ | ફાઈલિંગ કાર્યપદ્ધતિ | ૨૦ |
| ૨૯ | પ્રશુલ્ક હુકમ | ૨૧ |
| ૩૦ | પ્રશુલ્ક હુકમોને વળગી રહેવું | ૨૧ |
| ૩૧ | પ્રશુલ્કનું વાર્ષિક નિર્ધારણ | ૨૧ |
| ૩૨ | સહાયકી તંત્ર-વ્યવસ્થા | ૨૧ |
| **પ્રકરણ-૩ : નાણાકીય સિદ્ધાંતો** | | **૨૨** |
| ૩૩ | ડેબ્ટ-ઈક્વિટી ગુણોત્તર | ૨૨ |
| ૩૪ | મૂડી ખર્ચ | ૨૨ |

| | | |
|---|---|---|
| ૩૫ | અધિક મૂડીકરણ | ૨૩ |
| ૩૬ | ગ્રાહક ફાળો, અનામત કામ અને અનુદાન | ૨૫ |
| ૩૭ | ઈક્વિટી પર રીટર્ન | ૨૫ |
| ૩૮ | વ્યાજ અને નાણા વ્યવસ્થા ખર્ચ | ૨૬ |
| ૩૯ | ઘસારા ખર્ચ | ૨૭ |
| ૪૦ | કાર્યકારી મૂડી પર વ્યાજ | ૨૭ |
| ૪૧ | આવક પર કર | ૩૦ |
| ૪૨ | રિબેટ | ૩૦ |
| ૪૩ | વિલંબિત ચુકવણી સરચાર્જ | ૩૧ |
| ૪૪ | વિદેશી હૂંડિયામણ દરમાં તફાવત | ૩૧ |
| ૪૫ | વિદેશી હૂંડિયામણ દર તફાવતના હેજીંગ ખર્ચની વસૂલાત | ૩૧ |
| **પ્રકરણ–૪ : ઉત્પાદન** | | **૩૧** |
| ૪૬ | પ્રયોજયતા | ૩૧ |
| ૪૭ | વીજ ઉત્પાદન પ્રશુલ્ક નકકી કરવા માટે પીટીશન | ૩૨ |
| ૪૮ | પ્રશુલ્કના ઘટકો | ૩૩ |
| ૪૯ | વાર્ષિક નિયત ચાર્જ | ૩૩ |
| ૫૦ | નવીકરણ અને આધુનિકીકરણ | ૩૩ |
| ૫૧ | અસ્થાયી વીજળીનું વેચાણ | ૩૪ |
| ૫૨ | બિન–પ્રશુલ્ક આવક | ૩૪ |
| ૫૩ | થર્મલ વીજઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો | ૩૫ |
| ૫૪ | થરમલ વીજઉત્પાદન મથક માટે સંચાલન અને નિભાવ ખર્ચ | ૪૦ |
| ૫૫ | નવા વીજ ઉત્પાદન મથકો | ૪૦ |
| ૫૬ | જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો | ૪૧ |
| ૫૭ | જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ | ૪૨ |
| ૫૮ | થર્મલ વીજઉત્પાદન મથકો માટે વાર્ષિક સ્થાયી ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી અને ચૂકવણી | ૪૨ |
| ૫૯ | જળવિદ્યુત વીજઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી અને ચૂકવણી | ૪૫ |
| ૬૦ | પ્રોત્સાહન ચૂકવણી | ૪૬ |
| ૬૧ | જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન | ૪૬ |
| ૬૨ | ખર્ચનાં બિલ બનાવવા અને ચૂકવણી | ૪૬ |
| ૬૩ | સીડીએમ લાભોની હિસ્સેદારી | ૪૭ |
| **પ્રકરણ–૫ : આંતર–રાજય પ્રવહન** | | **૪૭** |
| ૬૪ | પ્રયોજયતા | ૪૭ |
| ૬૫ | પ્રશુલ્કતા ઘટકો | ૪૭ |
| ૬૬ | મૂડીરોકાણ યોજના | ૪૭ |
| ૬૭ | સંચાલન માટેનાં ધોરણો | ૪૭ |
| ૬૮ | એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી | ૪૮ |
| ૬૯ | બિન–પ્રશુલ્ક આવક | ૪૯ |
| ૭૦ | અન્ય ધંધામાંથી આવક | ૫૦ |

| | | |
|---|---|---|
| ૭૧ | પ્રવહન ખર્ચ નક્કી કરવું | ૫૦ |
| ૭૨ | આંતર–રાજ્ય પ્રવહન નેટવર્ક માટે ખર્ચમાં હિસ્સેદારી | ૫૦ |
| ૭૩ | પ્રોત્સાહન | ૫૧ |
| ૭૪ | આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમનો ઉપયોગ | ૫૧ |
| ૭૫ | પ્રવહન ઘટ | ૫૧ |
| ૭૬ | ભારત સરકારની કોઇપણ યોજનાની પારિણામિક અસર | ૫૨ |
| **પ્રકરણ–૬ : રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ખર્ચ** | | **૫૨** |
| ૭૭ | પ્રયોજ્યતા | ૫૨ |
| ૭૮ | મૂડી રોકાણ યોજના | ૫૨ |
| ૭૯ | વીજ ઉત્પાદન કંપનીઓ, પરવાનેદારી અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી ખર્ચ, લેવો અને વસૂલાત | ૫૨ |
| ૮૦ | બિન–પ્રશુલ્ક આવક | ૫૨ |
| ૮૧ | રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને અરજી નક્કી કરવા | ૫૩ |
| ૮૨ | રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ખર્ચનાં બિલો તૈયાર કરવા અને તેની વસૂલાત કરવી | ૫૩ |
| ૮૩ | ગ્રિડ જોડાણ માટે અરજી | ૫૪ |
| ૮૪ | રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રનું વિકાસ ફંડ | ૫૪ |
| **પ્રકરણ–૭ : વિતરણ વાયર ધંધો** | | **૫૪** |
| ૮૫ | પ્રયોજ્યતા | ૫૪ |
| ૮૬ | વિતરણ વાયર ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના ઘટકો | ૫૪ |
| ૮૭ | ફાળવણીની મેટ્રિક્સ | ૫૫ |
| ૮૮ | મૂડી રોકાણ યોજના | ૫૬ |
| ૮૯ | બિન–પ્રશુલ્ક આવક | ૫૬ |
| ૯૦ | અન્ય ધંધામાંથી આવક | ૫૬ |
| ૯૧ | વ્હીલીંગ ચાર્જનો નિર્ણય | ૫૭ |
| ૯૨ | વ્હીલીંગ ઘટ | ૫૭ |
| **પ્રકરણ–૮ : વીજળીનો છૂટક પુરવઠો** | | **૫૭** |
| ૯૩ | પ્રયોજ્યતા | ૫૭ |
| ૯૪ | પ્રશુલ્કતા ઘટાડો | ૫૭ |
| ૯૫ | મૂડી રોકાણ યોજના | ૫૯ |
| ૯૬ | વેચાણ આગાહી | ૫૯ |
| ૯૭ | બિન–પ્રશુલ્ક આવક | ૫૯ |
| ૯૮ | અન્ય ધંધામાંથી આવક | ૬૦ |
| ૯૯ | ક્રોસ–સબસીડી સરચાર્જને કારણે આવક | ૬૦ |
| ૧૦૦ | વધારાના સરચાર્જને કારણે આવક | ૬૦ |
| ૧૦૧ | વિતરણ ઘટ | ૬૦ |
| ૧૦૨ | પ્રશુલ્ક નિર્ધારણ | ૬૧ |

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો–૨૦૧૬

## ૨૦૧૬ ના જાહેરનામા નં.૪

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમ–૩૬, કલમ–૩૯, કલમ–૪૦, કલમ–૪૧, કલમ–૫૧, કલમ–૬૧, કલમ–૬૨, કલમ–૬૩, કલમ–૬૫ અને કલમ–૮૬ ને કલમ–૧૮૧ની પેટા કલમ–(૨)ની સાથે વાંચતા તે અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી અને ૨૦૦૩ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનરર્ચના અને વિનિયમ) અધિનિયમની (૨૦૦૩નો ગુજરાત અધિનિયમ–૨૪) કલમ–૩૨ અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અહીં નીચેના વિનિયમો કરે છે, જેમકે:

**<u>પ્રકરણ–૧ : પ્રારંભિક</u>**

**૧.　સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ, પ્રયોજયતા અને પ્રારંભ**

૧.૧　આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો–૨૦૧૬ કહેવાશે.

૧.૨　આ વિનિયમો સરકારી ગેઝેટમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૧.૩　આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે.

૧.૪　(ક) આ વિનિયમો, ૧લી એપ્રિલ–૨૦૧૬થી અને તે પછી આ વિનિયમો હેઠળ આવરી લીધેલા તમામ કેસોમાં પ્રશુલ્ક નક્કી કરવા લાગુ પડશે.

(ખ) આ વિનિયમો તમામ હાલની અને ભાવિ વીજઉત્પાદન કંપનીઓ, પ્રવહન પરવાનેદારો સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને વિતરણ પરવાનેદારો તથા તેમના ઉત્તરાધિકારીઓ, કોઇ હોય તો, તેને લાગુ પડશે.

(ગ) આ વિનિયમો "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક માળખું) વિનિયમો–૨૦૧૧" ને રદ કરે છે.

(ઘ) આ વિનિયમો "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (SLDC દ્વારા ફી લાગુ કરવી અને ખર્ચ વસૂલ કરવો) વિનિયમો–૨૦૦૫" ને રદ કરે છે.

**૨.　<u>વ્યાખ્યાઓ</u>**

(૧)　**"હિસાબ પત્રક"** એટલે દરેક વર્ષ માટે નીચેનાં પત્રકો જેમકે;

(૧) ૧૯૫૬ના વખતોવખત સુધાર્યા મુજબના કંપની અધિનિયમની અનુસૂચિ–VI ના ભાગ I માં સમાવિષ્ટ ફોર્મ અનુસાર તૈયાર કરેલ સરવૈયું;

(૨) ૧૯૫૬ના કંપની અધિનિયમની અનુસૂચિ VI ના ભાગ– II માં સમાવિષ્ટ જરૂરિયાતો અનુસાર સંકલન કરેલ નફા-ખાધના હિસાબ;

(૩) ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઇન્સ્ટિટ્યૂટના કેશ ફ્લો પત્રક અંગેના હિસાબ ધોરણ અનુસાર તૈયાર કરેલ કેશ ફ્લો પત્રક;

(૪) વૈધાનિક ઓડિટરોનો અહેવાલ;

(૫) ૧૯૫૬ના કંપની અધિનિયમની કલમ–૨૦૯(૧)(ડી) અંવયે કેન્દ્ર સરકારે ઠરાવેલ ખર્ચનો રેકર્ડ ખર્ચ ઓડિટ રીપોર્ટ સાથે;

તેની સાથેની નોંધો અને આવાં બીજા સમર્થક પત્રકો અને આયોગ વખતોવખત ફરમાવે તેવી માહિતી ભેગી કરીને:

પરંતુ, ૨૦૧૩ના કંપની અધિનિયમ હેઠળ નિયત કર્યા પ્રમાણે સુધારેલ અનુસૂચિઓ અને ફોર્મ જેમાં દર્શાવેલ તારીખથી લાગુ પડશે:

પરંતુ, વીજળી વિતરણના ધંધામાં રોકાયેલ કોઇ સ્થાનિક તંત્રના કેસના હિસાબી પત્રક એટલે જે પ્રસ્તુત અધિનિયમો કે કાનૂનો અનુસાર આવા સ્થાનિક તંત્રને લાગુ પડે તે મુજબ તૈયાર કરેલ અને જાળવેલ ઉપર દર્શાવેલી બાબતો:

પરંતુ, એકવાર આયોગ નિયંત્રક હિસાબો રજૂ કરવાના વિનિયમો જાહેર કરે, એટલે પ્રશુલ્ક નક્કી કરવા અને તેને ખરા કરવા અંગેની અરજીઓ નિયંત્રક હિસાબો પર આધારિત રહેશે.

(૨)　**"અધિનિયમ"** એટલે વખતોવખત સુધાર્યા મુજબ ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬)

(૩) **"એકંદર મહેસૂલ જરૂરિયાત"** એટલે આ વિનિયમો અનુસાર પ્રશુલ્ક મારફત વસૂલાત માટે વીજઉત્પાદન કંપની, અથવા પ્રવહન પરવાનેદાર અથવા વિતરણ પરવાનેદાર અથવા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને લગતી મૂડી પર છૂટપાત્ર ખર્ચ અને મૂડી પરના રિટર્નનો સમાવેશ કરતી વાર્ષિક મહેસૂલી જરૂરિયાત

(૪) **"ફાળવણી પત્રક"** એટલે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના દરેક અલગ ધંધા બાબતમાં દરેક નાણાંકીય વર્ષ માટેનું પત્રક જેમાં કોઇપણ મહેસૂલ, ખર્ચ, અસ્કયામત, જવાબદારી, અનામત કે જોગવાઇની રકમો દર્શાવેલી હોય છે જે ક્યાં તો :

(૧) તે ખર્ચના આધારના વર્ણનની સાથે આવા બીજા દરેક ધંધામાંથી અથવા તે ખાતે ચાર્જ કરેલ હોય; અથવા

(૨) વિભાજન કે ફાળવણીના આધાર વર્ણનની સાથોસાથ પરવાનો ધરાવતા ધંધાઓ સહિત પરવાનેદારના જુદા જુદા ધંધાઓ વચ્ચે વિભાજન કે ફાળવણી દ્વારા નકકી કરાયેલ હોય :

પરંતુ આ વિનિયમના હેતુસર, પુરવઠા વિસ્તાર માટે વિતરણ પરવાનેદારના પરવાનાવાળા ધંધાને વિતરણ વાયર અને છૂટક પુરવઠા ધંધા તરીકે અલગ કરવામાં આવશે.

પરંતુ વધુમાં વિતરણ પરવાનેદારની માલિકીના અને/અથવા તેના દ્વારા જાળવણી કરાતા અને અથવા સંચાલિત વીજઉત્પાદન મથકો બાબતમાં આવું ફાળવણી પત્રક એવી રીતે જાળવવું કે જેથી તબક્કાવાર, યુનિટવાર અને/અથવા સમગ્ર વીજઉત્પાદન મથક માટે પ્રશુલ્ક નકકી કરી શકાય.

(૫) **"ફાળવેલ પ્રવહન ક્ષમતા"** એટલે સામાન્ય સંજોગો હેઠળ આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમ પર લાંબા ગાળાના ગ્રાહક અને મધ્યમ-ગાળાના ગ્રાહકને દાખલ બિંદુ(ઓ) અને ઉપાડ બિંદુ(ઓ) વચ્ચે મે.વો.માં વીજળીની તબદીલી અને "પ્રવહન ફાળવણી ક્ષમતા" શબ્દપ્રયોગનો અર્થ તે પ્રમાણે કરવો.

પરંતુ લાંબા ગાળાના પ્રવહન ગ્રાહક કે મધ્યમ ગાળાના પ્રવહન ગ્રાહકને ફાળવેલ પ્રવહન ક્ષમતા, વીજળી ઉત્પાદન મથકો કરારિત ખાતેથી લાંબાગાળાના પ્રવહન ગ્રાહક કે મધ્યમગાળાના પ્રવહન ગ્રાહક ફાળવવામાં આવેલ વિજઉત્પાદન ક્ષમતા અને કરારિત વીજળી જો કોઇ હોય તો, તેને સરવાળો રહેશે.

(૬) **"અરજદાર"** એટલે વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર કે વિતરણ પરવાનેદાર, જેને અધિનિયમ અને આ વિનિયમો અનુસાર એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક નકકી કરવા અરજી કરી છે અને તેમાં વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે S L D C કે વિતરણ પરવાનેદારનો સમાવેશ કર્યો છે, જેમનું પ્રશુલ્ક, આયોગ દ્વારા સ્વયંના ધોરણે કે ખરૂં કરવાના વ્યાયમના ભાગ તરીકે સમીક્ષાને આધીન છે.

(૭) **"પુરવઠાનો વિસ્તાર"** એટલે એવો વિસ્તાર જેની અંદર વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા તેના લાઇસન્સ દ્વારા અધિકાર મળે છે.

(૮) **"તંત્ર"** એટલે અધિનિયમની કલમ-૭૦માં ઉલ્લેખ કરેલ કેન્દ્રિય વીજળી તંત્ર

(૯) **"ગૌણ ઊર્જા વપરાશ"** વીજ ઉત્પાદન મથકના કેસમાં મુદતના સંબંધમાં ગૌણ ઊર્જા વપરાશ એટલે કે વીજળી ઉત્પાદન મથકની ગૌણ સાધન-સામગ્રી, જેમકે, વીજળી ઉત્પાદન મથકના સ્વિચયાર્ડ સહિત સંચાલન પ્લાન્ટ અને યંત્ર સામગ્રીના હેતુ માટે વપરાતી સાધન-સામગ્રી દ્વારા વપરાતી વીજળીનું પ્રમાણ તથા વીજ ઉત્પાદન મથકની અંદર ટ્રાન્સફોર્મરની ઘટ અને તેનો વીજઉત્પાદન મથકના બધા યુનિટોના જનરેટર ટર્મિનલ ખાતે ઉત્પાદિત એકંદર ઉર્જાના સરવાળાની ટકાવારી તરીકે ઉલ્લેખ કરાશે.

પરંતુ ગૌણ ઊર્જા વપરાશમાં વિજઉત્પાદન મથક ખાતેની આવાસ કોલોની અને બીજી સુવિધાઓ માટે વપરાતો વીજ પુરવઠો અને બાંધકામ હેતુ માટે પૂરી પાડવામાં આવતી વીજળીનો સમાવેશ થશે નહીં.

(૧૦) (ક) **કોઇપણ મુદત માટે થર્મલ વીજઉત્પાદન મથકના સંબંધમાં "પ્રાપ્યતા"** એટલે વીજઉત્પાદન મથકની સ્થાપિત ક્ષમતા ઓછા આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ સાધારણ ગૌણ વપરાશની ટકાવારી તરીકે જે મુદતનો ઉલ્લેખ કરાયો હોય તે દરમ્યાન તમામ દિવસો માટે ગુજરાત રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર (S L D C) દ્વારા પ્રમાણિત કર્યા મુજબ જાહેર કરેલ દૈનિક સરેરાશ ક્ષમતાની સરેરાશ અને તેની ગણતરી નીચેની ફોર્મ્યુલા પ્રમાણે કરાશે:

$$\text{પ્રાપ્યતા} = ૧૦૦૦૦ \times \sum_{i=1}^{N} DC_i \;/\; \{ N \times IC \times (100 - AUX_n) \}\ \%$$

જ્યાં

N = નિશ્ચિત મુદતમાં દિવસોની સંખ્યા

$DC_i$ = આવી મુદતમાં જે તે દિવસે સરેરાશ જાહેર કરેલ ક્ષમતા MW માં

IC = વીજ ઉત્પાદન મથકની સ્થાપિત ક્ષમતા MW માં

AUX = નિર્દિષ્ટ સહાયક વપરાશ, કુલ ઉત્પાદનની ટકાવારી તરીકે વ્યક્ત કરાય છે.

(ખ) **નિયત મુદત માટે પ્રવહન સિસ્ટમના સંબંધમાં "પ્રાપ્યતા"** એટલે તે મુદત દરમિયાન કલાકોના સમયમાં પ્રવહન સિસ્ટમ, નિયત મુદતમાં કુલ કલાકોની ટકાવારીમાં દર્શાવેલ તેના નિર્ધારિત દરના વોલ્ટેજે વીજળીનું પ્રવહન કરવા સક્ષમ છે અને તેની ગણતરી આ વિનિયમોના જોડાણ-૨ માં જોગવાઇ કર્યા પ્રમાણે કરાશે.

(૧૧) **"બેંક દર"** એટલે ભારતીય રીઝર્વ બેંકે વખતોવખત જાહેર કરેલ બેંક દર;

(૧૨) **"હિતાધિકારી"** વીજઉત્પાદન મથકના સંબંધમાં હિતાધિકારી એટલે જેનું પ્રશુલ્ક આ વિનિયમો હેઠળ નકકી કરાય છે તે વીજ ઉત્પાદન મથક ખાતે ઉત્પાદિત વીજળીની ખરીદી કરનાર વ્યક્તિ;

(૧૩) **"બ્લોક"** થર્મલ વીજઉત્પાદન મથકની સંયુક્ત સાઇકલના સંદર્ભમાં બ્લોકમાં કમબશ્ચન ટર્બાઇન-જનરેટર, સંલગ્ન નકામી ઉષ્મા પુન:પ્રાપ્તિ બોઇલર, જોડાયેલ બાષ્પ ટર્બાઇન જનરેટરો અને ગૌણ સામગ્રીનો સમાવેશ થાય છે.

(૧૪) **"જથ્થાબંધ વીજળી પ્રવહન સમજૂતિ"** એટલે કરેલી એવી સમજૂતિ જેમાં શરતોનો સમાવેશ થાય છે, જે અન્વયે પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા, પ્રવહન પરવાનેદારની સિસ્ટમમાં પ્રવેશ કરવાનો અધિકાર મેળવે છે.

(૧૫) **"કાયદામાં ફેરફાર"** એટલે નીચેની કોઇપણ ઘટના બનવી :

(૧) કોઇપણ નવો ભારતીય કાયદો ઘડાવો, અમલમાં આવવો કે તેની જાહેરાત થવી; અથવા

(૨) કોઇપણ ચાલુ ભારતીય કાયદાને અપનાવવો, તેમાં સુધારણા, ફેરફાર રદ કરવો કે તે ફરીથી ઘડાવો; અથવા

(૩) સક્ષમ કોર્ટ, ટ્રિબ્યુનલ, ભારતીય સરકારી દસ્તાવેજીકરણ તંત્ર કે જે આવા અર્થઘટન કે વિનિયોગ માટે આખરી અધિકૃતિ ધરાવે છે તેના દ્વારા કોઇપણ ભારતીય કાયદાના અર્થઘટનમાં કે તેને લાગુ પાડવામાં આવતા ફેરફાર કરશે; અથવા

(૪) પરિયોજના માટે મેળવેલ કોઇપણ સંમતિ કે માન્યતા કે મંજૂરી અથવા ઉપલભ્ય લાઇસન્સની કોઇપણ શરતો કે કરારમાં કોઇપણ સક્ષમ વૈધાનિક તંત્ર દ્વારા ફેરફાર; અથવા

(૫) આ વિનિયમો હેઠળ વિનિયમીતતા વીજઉત્પાદન મથક કે પ્રવહન સિસ્ટમને અસર થતી હોય તેવી ભારત સરકાર અને અન્ય કોઇ સાર્વભૌમ સરકાર વચ્ચે કોઇ દ્વિપક્ષીય કે બહુપક્ષીય સમજૂતિ/સંધિ અમલમાં આવવી કે ફેરફાર થવો,

(૧૬) **"આયોગ"** એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ;

(૧૭) **"નિયંત્રણ મુદત"** એટલે આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર વર્તારો રજૂ કરવા માટે ૧લી એપ્રિલ, ૨૦૧૬થી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીના પાંચ વર્ષની મુદત;

(૧૮) **"કટ ઓફ ડેટ"** એટલે પરિયોજનાના વાણિજ્યિક સંચાલનના વર્ષના બે વર્ષ પછી પૂરા થતાં વર્ષની ૩૧મી માર્ચ અને પરિયોજનાની વાણિજ્યિક સંચાલનની જાહેરાત વર્ષના છેલ્લા ત્રિમાસમાં કરાય તો વાણિજ્યિક સંચાલનના વર્ષના ત્રણ વર્ષ પછી પૂરા થતાં વર્ષની ૩૧મી માર્ચ કટ ઓફ ડેટ ગણાશે.

પરંતુ પરિયોજનાનું વિકાસકારના નિયંત્રણ બહારના કારણોસર કટ ઓફ ડેટની મુદતમાં મૂડીકરણ કરી શકાયું ન હોવાનું દસ્તાવેજી પુરાવાને આધારે સાબિત થાય તો આયોગ કટ ઓફ ડેટ લંબાવી શકશે.

(૧૯) **"દિવસ"** એટલે ૦૦.૦૦ કલાકથી શરૂ થતી ૨૪ કલાકની મુદત;

(૨૦) **"વાણિજ્યિક સંચાલનની તારીખ"** એટલે :

(ક) થર્મલ વીજ ઉત્પાદન મથકના વીજઉત્પાદન એકમ કે બ્લોકના કેસમાં, હિતાધિકારીઓને કોઇ નોટિસ આપી હોય તો તે પછી સફળ અજમાયશી રન મારફત અધિકતમ સતત રેટીંગ કે સ્થાપિત શકિત પ્રદર્શિત કર્યા પછી વીજઉત્પાદન કંપની દ્વારા જાહેર કરાયેલી તારીખ અથવા વીજઉત્પાદન મથકના કેસમાં સમગ્રતયા, વીજઉત્પાદન મથકના છેલ્લા વીજઉત્પાદન એકમ કે બ્લોકના વાણિજ્યિક સંચાલનની તારીખ;

પરંતુ જ્યાં હિતાધિકારીઓ વીજઉત્પાદન મથકોમાંની વીજળી ખરીદવા બંધાયેલ હોય ત્યાં, અજમાયશી રન, વીજઉત્પાદન કંપની હિતાધિકારીઓને સાત દિવસની નોટિસ આપ્યા પછી શરૂ થશે અને શેડ્યુલીંગ અજમાયશી રન પૂરૂં થયા પછી ૦૦.૦૦ કલાકથી શરૂ થશે.

પરંતુ વીજઉત્પાદન કંપનીએ પ્રમાણિત કરવું જોઇશે કે, વીજઉત્પાદન મથક, ૨૦૧૦ના કેન્દ્રિય વીજળી તંત્ર (વીજળી પ્લાન્ટ અને વીજળી લાઇનોના બાંધકામ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમ, ૨૦૧૩ના ટેકનિકલ ધોરણોની મહત્વની જોગવાઇઓ પરીપૂર્ણ કરે છે.

(ખ) જળવિદ્યુત મથકના પમ્પિંગ સંગ્રહ જળ વિદ્યુત મથક સહિતના વીજઉત્પાદન એકમના કેસમાં આનો અર્થ એ થશે કે આયોગના આદેશ અનુસાર પ્રક્રિયા સમયબદ્ધ કર્યા પછી ૦૦.૦૦ કલાકથી વીજઉત્પાદનની કંપનીએ જાહેર કરેલી તારીખનો પૂરેપૂરો અમલ કરાયેલ છે અને સમગ્રપણે વીજઉત્પાદન મથકના સંબંધમાં, સફળ અજમાયશી સંચાલન મારફત વીજઉત્પાદન મથકની સ્થાપિત શકિતને આનુષાંગિક ટોચની ક્ષમતા દર્શાવ્યા બાદ વીજઉત્પાદન કંપનીએ જાહેર કરેલી તારીખ:

પરંતુ જ્યાં વીજઉત્પાદન મથકમાંથી વીજળી ખરીદવા હિતાધિકારીઓ બંધાયેલા હોય ત્યાં, વીજઉત્પાદન મથકના વીજઉત્પાદન એકમની શેડ્યુલીંગની પ્રક્રિયા અથવા સફળ અજમાયશી સંચાલન મારફત વીજઉત્પાદન મથકની સ્થાપિત શકિતને આનુષંગિક ટોચની ક્ષમતાનું નિદર્શન, વીજઉત્પાદન કંપની હિતાધિકારીને ૭ દિવસની નોટિસ આપ્યા પછી શરૂ થશે અને શેડ્યુલીંગ અજમાયશી સંચાલન પૂરૂં થયા પછી ૦૦.૦૦ કલાકથી શરૂ થશે.

પરંતુ વધુમાં વીજઉત્પાદન કંપની, વીજઉત્પાદન મથક અંગે એવું પ્રમાણિત કરશે કે તે કેન્દ્રિય વીજળી તંત્ર (વીજળી પ્લાન્ટ અને વીજ-લાઇનના બાંધકામ માટેના ટેકનિકલ ધોરણો) વિનિયમો, ૨૦૧૦ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમો, ૨૦૧૩નાં ટેકનિકલ ધોરણોની મહત્વની જોગવાઇઓ પરિપૂર્ણ કરે છે.

પરંતુ તળાવ કે સંગ્રહ સાથેના જળવિદ્યુત મથક જળાશય કે તળાવની સપાટી અપૂરતી હોવાને કારણે સ્થાપિત શકિત સાથે આનુષંગિક ટોચની ક્ષમતા દર્શાવવા સક્ષમ ન હોય તેવા કેસમાં, વીજઉત્પાદન મથકના છેલ્લા એકમના વાણિજ્યિક સંચાલનની તારીખને, સંપૂર્ણ વિજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ તરીકે ગણાશે અને આવા જળવિદ્યુત મથક માટે, આવું જળાશય/તળાવ સપાટી હાંસલ કરે તેમ અને ત્યારે વીજઉત્પાદન એકમ કે વીજઉત્પાદન મથકની સ્થાપિત શકિતને સમતુલ્ય ટોચની ક્ષમતાનું નિર્દશન કરવું આદેશાત્મક રહેશે.

પરંતુ આવી ટોચની ક્ષમતાનું નિર્દશન કરવા પાણીનો પ્રવાહ અપૂરતો હોય અને આવા મંદ પ્રવાહના સમયગાળા દરમ્યાન વહેતા પાણીની નદીના જળવિદ્યુત મથક કે તેના વિજઉત્પાદન એકમને વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરાયેલ હશે તો આવા જળવિદ્યુત મથક કે વીજઉત્પાદન મથક માટે, પૂરતો જળપ્રવાહ ઉપલબ્ધ થાય તેમ અને ત્યારે સ્થાપિત શકિતને સમતુલ્ય ટોચની ક્ષમતા દર્શાવવું ફરજીયાત બનશે.

(ગ) પ્રવહન સિસ્ટમના કેસમાં પ્રવહન પરવાનેદારે જાહેર કરેલ તારીખ ૦૦.૦૦ કલાકથી રહેશે, જેમાં પ્રવહન સિસ્ટમનું ઘટક-તત્વ, રવાનગી-છેડાથી પ્રાપ્તિ છેડા સુધી વીજળી પ્રવાહિત કરવા અને સંદેશા-વ્યવહાર સિગ્નલ માટે સફળ અજમાયશી સંચાલન પછી નિયમિત સર્વિસમાં હોય.

પરંતુ, પ્રવહન લાઇન કે પેટા મથક ચોક્કસ વીજઉત્પાદન મથકથી વીજળી ખેંચવા પ્રતિબદ્ધ હોય ત્યાં, વીજઉત્પાદન કંપની અને પ્રવહન પરવાનેદાર વિજઉત્પાદન મથક અને પ્રવહન સિસ્ટમને એક સાથે ચાલુ કરવા મહત્તમ પ્રયત્ન કરશે અને યોગ્ય અમલીકરણ સમજૂતિ મારફત તે સુનિશ્ચિત કરશે :

પરંતુ વધુમાં પ્રવહન સિસ્ટમ કે તેના ઘટક તત્વને પ્રવહન પરવાનેદાર કે તેના પુરવઠાકાર કે તેવા કન્ટ્રાકટરોને કારણે નહીં પરંતુ સંબંધિત વીજઉત્પાદન મથક શરૂ કરવામાં કે ઉપલી કે નીચલી પ્રવહન સિસ્ટમ શરૂ કરવામાં વિલંબને કારણે નિયમિત સર્વિસથી પ્રતિબંધિત કરાય તો, પ્રવહન પરવાનેદાર, આવી પ્રવહન સિસ્ટમ અથવા તેના ઘટક તત્વના વાણિજ્યિક સંચાલનની તારીખ મંજૂર કરવા યોગ્ય અરજી મારફત આયોગનો સંપર્ક કરશે.

(૨૧) **"ડિ-કેપિટાલાઇઝેશન"** એટલે આયોગે સ્વીકાર્યા મુજબ અસ્ક્યામતો દૂર કરવાને આનુષંગિક પરિયોજનાની એકંદર સ્થાયી અસ્ક્યામતોમાં ઘટાડો;

(૨૨) **"જાહેર કરેલી ક્ષમતા"** એટલે વીજઉત્પાદન મથકના સંબંધમાં, બળતણ કે પાણીની પ્રાપ્યતા યોગ્ય રીતે ધ્યાનમાં લઇને અને પ્રસ્તુત વિનિયમમાં વધુ લાયકાતને આધીન રહીને ૨૦૧૩ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમોમાં નક્કી કર્યા મુજબ દિવસના કોઇપણ સમય-ઘટક કે આખા દિવસના સંબંધમાં આવા વીજઉત્પાદન મથકે જાહેર કરેલ એક્સ-બસ વીજળી – મે.વો.માં આપવાની ક્ષમતા

(૨૩) **"ડિઝાઇન ઊર્જા"** જળવિદ્યુત ઉત્પાદન મથકના સંદર્ભમાં ડિઝાઇન ઊર્જા એટલે ઊર્જાનો જથ્થો જે, વીજઉત્પાદન મથકની ૯૫ ટકા સ્થાપિત શકિત સાથે આધારપાત્ર વર્ષના ૯૦ ટકામાં ઉત્પાદિત કરી શકાય તેમ હોય;

(૨૪) **"વિતરણ ધંધો"** એટલે વિતરણ પરવાનેદારના પૂરવઠા વિસ્તારમાં વીજળી પૂરી પાડવા વિતરણ સિસ્ટમનું સંચાલન અને જાળવણીનો ધંધો;

(૨૫) **"વિતરણ વાયરનો ધંધો"** એટલે વિતરણ પરવાનેદારના વિસ્તારમાં વીજળીના વ્હીલીંગ માટે વિતરણ સિસ્ટમનું સંચાલન અને જાળવણીનો ધંધો.

(૨૬) **" પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક"** એટલે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને, પ્રવર્તમાન પ્રશુલ્કે વિનીયમીત ધંધામાંથી મળનાર અંદાજીત આવક;

(૨૭) **"હાલનું વીજઉત્પાદન એકમ/મથક"** એટલે આ વિનિયમો અમલી બન્યાની તારીખ પહેલાં વાણિજ્યિક સંચાલક હેઠળ જાહેર કરેલ વીજઉત્પાદન એકમ/મથક;

(૨૮) **"હાલનો પ્રોજેક્ટ"** એટલે આ વિનિયમો અમલી બન્યાની તારીખ પહેલાં વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલ પ્રોજેક્ટ;

(૨૯) **"ઘટના"** એટલે ખામીઓ બનાવો અને ભંગાણ સહિત આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમમાં બિનઅનુસૂચિ કે બિનઆયોજીત ઘટના;

(૩૦) **"ફીઝ"** એટલે રાજ્ય ગ્રિડ સાથે જોડાણ માટે રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્રને ભરવાપાત્ર ફીઝ.

(૩૧) **"કુદરતી આપત્તિની ઘટના"** એટલે કોઇપણ પક્ષકાર, કોઇ ઘટના કે સંજોગ અથવા સંયોજીત ઘટનાઓ કે સંજોગો, તેમાં તેમજ નીચે દર્શાવેલ ઘટનાઓ સહિત, જે વાજબી કાબૂમાં ન હોય અને જે તે પક્ષકારની ચૂક કે કરેલ કાર્યને કારણ ન થયેલ હોય તો જે યોગ્ય સંભાળ અને ખંતપૂર્વક પ્રયત્ન કરીને તેને અટકાવી શકાત નહીં અને આગળ જણાવ્યા પ્રમાણે જેની સામાન્યતાને મર્યાદિત કર્યા વિના નીચેની ઘટનાઓને સમાવિષ્ટ કરશે;

(ક) ઇશ્વરનું કૃત્ય તેમાં વીજળી, દુષ્કાળ, આગ અને વિસ્ફોટ, ભૂકંપ, જવાળામુખી ફાટવો, જમીન ધસવી, પૂર, વાવાઝોડું, વંટોળ, ચક્રવાત, ભૌગોલિક આશ્ચર્યજનક ઘટનાઓ અથવા અપવાદપણે વિપરિત મોસમી સ્થિતિનો સમાવેશ થાય છે, જે છેલ્લા સો વર્ષના આંકડાકીય માપ કરતાં ખૂબ વધારે હોય; અથવા

(ખ) યુદ્ધ, આક્રમણ, સશસ્ત્ર સંઘર્ષનું કોઇપણ કૃત્ય અથવા વિદેશી દુશ્મનનું કૃત્ય, નાકાબંધી, પ્રતિબંધ, ક્રાંતિ, હુલ્લડ, બળવો, આતંકવાદી કે લશ્કરી કામગીરી; અથવા

(ગ) ઉદ્યોગ વ્યાપી હડતાલો અને મજૂરોની ધમાલ, જેની ભારતમાં રાષ્ટ્રવ્યાપી અસર હોય;

(૩૨) **"વીજઉત્પાદન ધંધો"** એટલે (૧) કોઇપણ જગ્યાને વીજપુરવઠો પૂરો પાડવા અથવા આ રીતે પૂરવઠો આપવા સક્ષમ બનાવવા, અથવા (૨) અધિનિયમ અને તે હેઠળ ઘડેલ નિયમો અને વિનિયમો અનુસાર કોઇપણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા અથવા (૩) અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ(૨) અન્વયે કરેલ વિનિયમોને આધીન રહીને કોઇ ગ્રાહકને વીજળી પૂરી પાડવાના હેતુસર વીજઉત્પાદન મથકે વીજળીના ઉત્પાદનનો ધંધો

(૩૩) **"વીજઉત્પાદન મથક"** એટલે વીજળી ઉત્પન્ન કરવા માટેનું કોઇપણ મથક, તેમજ સ્ટેપ-અપ ટ્રાન્સફોર્મર સાથે કોઇપણ મકાનનો પ્લાન્ટ, તે હેતુ માટે વપરાતા હોય તેવા સ્વિચગિયર, સ્વિચયાર્ડ, કેબલ્સ કે અન્ય આનુષંગિક સાધન-સામગ્રી, જો કોઇ હોય તો, અને તે માટેની જગ્યા; જે જગ્યા વીજઉત્પાદન મથક માટે વાપરવાનો ઇરાદો હોય, વીજઉત્પાદન મથકના સંચાલન સ્ટાફને રાખવા માટે વપરાતું કોઇપણ મકાન અને જ્યાં વીજળી જલ-શક્તિથી ઉત્પન્ન કરાય છે જેમાં પેન-સ્ટોક, ઉપરનાં અને છેડાનાં વર્કસ, મુખ્ય અને નિયંત્રક જળાશયો બંધો તથા અન્ય જલીય-વર્કસનો સમાવેશ થાય છે. પરંતુ તેનાં કોઇપણ સંજોગોમાં કોઇ પેટા-મથકનો સમાવેશ થતો નથી.

(૩૪) **"વીજઉત્પાદન એકમ"** થર્મલ વીજઉત્પાદન મથકના સંબંધમાં 'વીજઉત્પાદન એકમ' એટલે (સંયુક્ત સાઇકલ થર્મલ વીજઉત્પાદન મથક સિવાયનો અન્ય) બાષ્પ જનિત્ર, ટર્બાઇન-જનિત્ર અને સહાયક સાધનો, અથવા સંયુક્ત સાઇકલ થર્મલ વીજઉત્પાદન મથક એટલે ટર્બાઇન-જનિત્ર અને સહાયક-સામગ્રી અને જળવિદ્યુત ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ ટર્બાઇન-જનિત્ર અને સહાયક સામગ્રી થાય છે;

(૩૫) **"ગ્રિડ"** એટલે આંતર-સંયોજીત પ્રવહન લાઇનો, પેટા-મથકો અને વીજઉત્પાદન પ્લાન્ટની ઉચ્ચ વોલ્ટેજની આધારરૂપ સિસ્ટમ;

(૩૬) **"એકંદર કેલરિફિક મૂલ્ય"** થર્મલ વીજઉત્પાદન મથકના સંદર્ભમાં તેનો અર્થ થાય છે- એક કિલોગ્રામ ઘન-બળતણ અથવા એક લિટર પ્રવાહી બળતણ અથવા એક સ્ટાન્ડર્ડ ઘનમીટર ગેસનું બળતણ, યથાપ્રસંગ, જે સંપૂર્ણ દહન કરીને કિલો કેલેરીમાં ઉત્પન્ન થતી ઉષ્મા છે;

(૩૭) **"મથકનો એકંદર ઉષ્મા દર"** એટલે જનરેટર ટર્મિનલ ખાતે એક કિલો વોટ કલાકની વીજળી ઉત્પન્ન કરવા જરૂરી ઉષ્મા ઊર્જા નિવેશ કીઓ કેલેરી માં ;

(૩૮) **"અસ્થાયી વીજળી"** એટલે વીજઉત્પાદન મથકના એકમ કે બ્લોકના વાણિજ્યિક સંચાલન પૂર્વે ગ્રિડમાં નાખેલ વીજળી;

(૩૯) **"સ્થાપિત શક્તિ"** એટલે આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે વીજઉત્પાદન મથકોનાં તમામ એકમોની નેમ-પ્લેટ ક્ષમતા અથવા વીજઉત્પાદન મથકની (જનરેટર ટર્મિનલ પર ગણતરી કરેલ) ક્ષમતાનો સરવાળો;

(૪૦) **"અધિકતમ સતત દર નિર્ધારણ"** થર્મલ વીજઉત્પાદન મથકના એકમના સંદર્ભમાં તેનો અર્થ થાય છે – નિર્ધારિત પારમિતિએ ઉત્પાદકે બાંયધરી આપેલ જનરેટર ટર્મિનલ ખાતે અધિકતમ સતત ઉત્પાદન અને સંયુક્ત સાઇકલ થર્મ વીજઉત્પાદન મથકના બ્લોકના સંદર્ભમાં તેનો અર્થ છે – પાણી અને બાષ્પના ઇંન્જેકશન (લાગુ પડે તો) અને સુધારેલ ૫૦ Hz ગ્રિડ ફ્રિકવન્સી અને નિર્દિષ્ટ સ્થળની સ્થિતિ સાથે ઉત્પાદકે બાંયધરી આપેલ, જનરેટર ટર્મિનલ ખાતે અધિકતમ સતત ઉત્પાદન

(૪૧) **"મધ્ય -સત્રીય સમીક્ષા"** એટલે વિનિયમ ૧૬.૨(i) ના બીજા પરંતુક અનુસાર હાથ ધરવાની સમીક્ષા;

(૪૨) **"નવું વીજઉત્પાદન એકમ/મથક"** એટલે આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખે અથવા તે પછી વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલ વીજ ઉત્પાદન એકમ/મથક;

(૪૩) **"ધોરણસરનું વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર" અથવા "NAPAF"** થર્મલ વીજઉત્પાદન મથકના સંદર્ભમાં તેનો અર્થ થાય છે– થર્મલ વીજઉત્પાદન મથકો માટે વિનિયમ ૫૩-૧ માં નિર્દિષ્ટ પ્રાપ્યતા ફેક્ટર અને જળવિદ્યુત ઉત્પાદન મથકના સંબંધમાં તેનો અર્થ – જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે વિનિયમો ૫૬.૧ અને ૫૬.૨ માં નિર્દિષ્ટ પ્રાપ્યતા ફેકટર;

(૪૪) **"બિન-પ્રશુલ્ક આવક"** એટલે અન્ય ધંધામાંથી થતી કોઇપણ આવક બાદ કરીને અને વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા ધંધાના કેસમાં પ્રતિ-સહાયકી સરચાર્જ અને વ્હીલીંગના ચાર્જ પર વધારાના સરચાર્જ અને વ્હીલીંગમાંથી પ્રાપ્ત થતી આવક બાદ કરીને પ્રશુલ્કમાંથી હોય તે સિવાયની અન્ય વિનીયમીત ધંધાને લગતી આવક;

(૪૫) **"સંચાલન અને જાળવણી ખર્ચ" અથવા "O & M ખર્ચ"**

(ક) વીજઉત્પાદન કંપનીના સંબંધમાં વીજઉત્પાદન કંપનીના પ્રોજેક્ટ કે તેના ભાગ અંગે સંચાલન અને જાળવણી પર અંગે કરેલું ખર્ચ અને જેમાં માનવશક્તિ, મરામત, છૂટક ભાગો, વપરાતી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થાય છે પરંતુ બળતણ ખર્ચ અને પાણીના ખર્ચનો સમાવેશ થતો નથી;

(ખ) પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના સંબંધમાં, પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારે સિસ્ટમ સંચાલન અને જાળવણી અંગે કરેલું ખર્ચ અને જેમાં માનવ શકિત, મરામત, છૂટક ભાગો, વપરાતી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થાય છે;

(૪૬) **"મૂળ પ્રોજેક્ટ ખર્ચ"** એટલે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદારે, યથા પ્રસંગ, આયોગે સ્વીકાર્યા પ્રમાણે પ્રોજેક્ટના મૂળ વ્યાપની અંદર રહીને કટ-ઓફ-ડેટ સુધી કરેલું ખર્ચ;

(૪૭) **"અન્ય ધંધો"** એટલે આયોગ દ્વારા વિનીયમીત ધંધા સિવાયનો અન્ય, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC) કે વિતરણ પરવાનેદારે હાથ ધરેલ કોઇપણ ધંધો;

(૪૮) **"પ્લાન્ટ લોડ ફેકટર"** આપેલ નિશ્ચિત મુદત માટે થર્મલ વીજઉત્પાદન મથક કે એકમના સંદર્ભમાં પ્લાન્ટ લોડ ફેકટર એટલે તે મુદતની અંદર કે જે અનુસૂચિત વિજઉત્પાદનને આનુષંગિક કૂલ બહાર મોકલેલ વીજળી કે જે સ્થાપિત શક્તિને આનુષંગિક બહાર મોકલેલ વીજળીની ટકાવારીમાં દર્શાવવામાં આવે છે અને તેની ગણતરી નીચે મુજબની ફોર્મ્યુલા પ્રમાણે કરાશે :

$$PLF = 10000 \times \sum_{i=1}^{N} SG_i / \{N \times IC \times (100 - AUX_n)\} \%$$

જ્યાં;

IC = વીજઉત્પાદન મથક કે એકમની સ્થાપિત શક્તિ મેગા-વોટમાં

SGi = મુદતના i મા સમય-બ્લોક માટે અનુસૂચિત વીજઉત્પાદન-મેગાવોટમાં

N = મુદત દરમિયાન સમય-બ્લોકની સંખ્યા

AUXn = એકંદર વીજઉત્પાદનની ટકાવારી તરીકે નિર્દિષ્ટ સહાયક વીજ વપરાશ

(૪૯) **"પ્રોજેક્ટ"** એટલે યથાપ્રસંગ, વીજઉત્પાદન. મથક કે પ્રવહન સિસ્ટમ અને જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં, વીજઉત્પાદન સુવિધાના તમામ ઘટકો, જેવા કે, પેનસ્ટોક, આગળ અને છેડાનાં કામ, મુખ્ય અને નિયંત્રક જળાશયો, બંધો તથા અન્ય જલિય કામો, નિવેશિત જળવાહક સિસ્ટમ, વીજઉત્પાદનમાં વિભાજીત કર્યા પ્રમાણે યોજનાના વીજઉત્પાદન મથક અને વીજઉત્પાદન એકમોનો સમાવેશ થાય છે અને થર્મલ વીજઉત્પાદન મથકના કેસમાં તે pit head પ્રોજેક્ટ હોય અને આબદ્ધ કોલસાના ખાણકામ માટે સમર્પિત હોય તો ખાણકામનો સમાવેશ થતો નથી.

(૫૦) **"વિચાર-વિવેકપૂર્વકની ચકાસણી"** એટલે આયોગ દ્વારા પ્રશુલ્ક નક્કી કરવા માટે કરેલ ખર્ચ કે સૂચિત ખર્ચ, નાણા વ્યવહારનું આયોજન, કાર્યક્ષમ પ્રોદ્યોગિક વિજ્ઞાન, સમય અને કિંમતોનું મર્યાદા બહાર જવું કે એવી બીજી બાબતોના વ્યાજબીપણાની ઝીણવટ ભરી તપાસ;

(૫૧) **"પંપ દ્વારા સંગ્રહિત જલ વીજઉત્પાદન મથક"** એટલે જળવિદ્યુત મથક જે નિમ્ન ઉંચાઇ પરના જળાશયમાંથી ઉંચા જળાશયમાં પંપ દ્વારા એકત્રિત જળવિદ્યુતના સ્વરૂપમાં સંગ્રહ કરાયેલ ઊર્જા મારફત વીજળીનું ઉત્પાદન કરે છે;

(૫૨) **"નિર્ધારિત વોલ્ટેજ"** એટલે ઉત્પાદકના ડિઝાઇન વોલ્ટેજ કે જે વોલ્ટેજે ચાલવા માટે પ્રવહન સિસ્ટમ ડીઝાઇન થયેલ છે, અથવા એવા ઓછા વોલ્ટેજ કે જેનાથી પ્રવહન સિસ્ટમના વપરાશકાર સાથે ચર્ચા વિચારણા બાદ, તત્સમય પૂરતી લાઇન ચાર્જ કરાયેલ હોય;

(૫૩) **"વિનીયમીત ધંધો"** એટલે કોઇપણ વીજળીનો ધંધો જેનું નિયંત્રણ આયોગ દ્વારા થાય છે.

(૫૪) **"છૂટક પૂરવઠા ધંધો"** એટલે લાઇસન્સની શરતો અનુસાર વિતરણ પરવાનેદાર દ્વારા તેના ગ્રાહકોને થતાં વીજળીના વેચાણનો ધંધો;

(૫૫) **"રન-ઓફ-રિવર વીજઉત્પાદન મથક"** એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, જેને ઉપરવાસમાં પોન્ડેજ હોતું નથી;

(૫૬) **"રન-ઓફ-રિવર" વીજઉત્પાદન મથક પોન્ડેજ સાથે:** એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, જે વીજ માંગમાં થતી દૈનિક વધ-ઘટને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં પોન્ડેજ ધરાવતું હોય;

(૫૭) **"રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC)"** એટલે વીજળી અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ સત્તાનો અમલ કરવા અને કાર્યો બજાવવાના હેતુસર વીજળી અધિનિયમ અન્વયે રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર;

(૫૮) **"નાનુ ગેસ ટર્બાઇન વીજઉત્પાદન મથક"** એટલે તેમાં ખુલ્લા સાઇકલ ગેસ ટર્બાઇનનો સમાવેશ થાય છે અથવા ૫૦ મે.વો. કે તેની ઓછી ક્ષમતાવાળા ગેસ ટર્બાઇન સાથે સંયોજીત સાઇકલ વીજઉત્પાદન મથકનો સમાવેશ થાય છે;

(૫૯) **"અનુસૂચિત વીજઉત્પાદન"** કોઇપણ સમય અથવા કોઇપણ મુદત માટે અથવા સમય બ્લોકમાં અનુસૂચિત વીજઉત્પાદન એટલે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા આપેલ અનુસૂચિત વીજઉત્પાદન એક્સ બસ મે.વો. માં;

(૬૦) **"સ્ટૉરેજ પ્રકારનું વીજમથક"** એટલે માગ પ્રમાણે વીજળીના ઉત્પાદનમાં ફેરફાર કરી શકાય તે માટે વિશાળ સંગ્રહ-ક્ષમતા સાથે જોડાયેલ જળવિદ્યુત ઉત્પાદન મથક;

(૬૧) **"પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા"** એટલે લાગુ પડે તેમ અને વખતોવખત સુધાર્યા મુજબ ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજ્ય પ્રવહન અને વિતરણમાં ખુલતો પ્રવેશ) વિનિયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે હોય તે સિવાય, જેને જથ્થાબંધ વીજળી પ્રવહન સમજૂતિ અનુસાર આંતર રાજ્ય પ્રવહન સિસ્ટમમાં પ્રવેશ કરવાના પ્રવહન ક્ષમતા હક્કો ફાળવવામાં આવ્યા હોય તેવી વ્યક્તિ;

(૬૨) **"ઉપયોગી આવરદા"** વાણિજ્યિક સંચાલનની તારીખ વીજઉત્પાદન મથક, પ્રવહન સિસ્ટમ અને વિતરણ સિસ્ટમના સંબંધમાં ઉપયોગી આવરદા નીચે મુજબ રહેશે; જેમકે,

(૧) કોલસો/લિગ્નાઇટ આધારિત થર્મલ વીજઉત્પાદન- ૨૫ વર્ષ

(૨) ગેસ/પ્રવાહી બળતણ આધારીત થર્મલ વીજઉત્પાદન મથલ-૨૫ વર્ષ

(૩) પંપ દ્વારા સંગ્રહિત જળવિદ્યુત મથક સહિત જળવિદ્યુત ઉત્પાદન મથક – ૩૫ વર્ષ

(૪) AC અને DC પેટા મથક – ૩૫ વર્ષ

(૫) ગેસ વિસંવાહિત પેટા-મથક (GIS) / સંકર પેટા-મથક – ૩૫ વર્ષ

(૬) પ્રવહન લાઇન (HVAC અને HVDC સહિત) – ૩૫ વર્ષ

(૭) વિતરણ લાઇન -- ૩૫ વર્ષ

(૬૩) **"વર્ષ"** એટલે નાણાકીય વર્ષ;

આ વિનિયમોમાં વપરાયેલ અને તેમાં વ્યાખ્યા ન આપેલ, પરંતુ આયોગના કોઇ અન્ય વિનિમયોમાં વ્યાખ્યાયીત કરાયેલ શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ અધિનિયમ અન્વયે તેને આપેલ અર્થ રહેશે.

**(૩) <u>વિનિયમનું ક્ષેત્ર અને તેની પ્રયોજ્યતાનો વ્યાપ :</u>**

૩.૧ નીચેના કેસો સહિત, અધિનિયમ અન્વયે આયોગ જે માટે અધિકારક્ષેત્ર ધરાવતું હોય તે તમામ બાબતો માટે, આયોગ બહુવર્ષીય-પ્રશુલ્ક માળખાની અંદર રહીને પ્રશુલ્ક નક્કી કરશે :

(૧) વીજ ઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજપૂરવઠો :

પરંતુ આયોગ ને જ્યારે એવું લાગે જે વીજળી પૂરવઠાની ખેંચ પ્રર્વતે છે ત્યારે વીજળીના વાજબી ભાવ સુનિશ્ચિત કરવા, વધુમાં વધુ એક વર્ષ માટે વીજળીની ખરીદ અને વેચાણના પ્રશુલ્ક પર ન્યૂનતમ અને અધિકતમ ટોચમર્યાદા, વિજઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે થયેલ સમજૂતીના અન્વયે, નકકી કરી શકે.

(૨) વીજળીનું આંતર–રાજય પ્રવહન

(૩) રાજય વીજભાર રવાનગી કેન્દ્રના ફીઝ અને ચાર્જ,

(૪) વિજળીનું આંતર–રાજય વ્હીલીંગ

(૫) વીજળીનું છૂટક વેચાણ :

પરંતુ, બે કે વધુ પરવાનેદારો સમાન વિસ્તારમાં વીજળીનું વિતરણ કરતા હોય તેવા કિસ્સામાં આયોગ, વિતરણ પરવાનેદારોમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવા, વીજળીના છૂટક વેચાણ માટે માત્ર અધિકતમ ટોચ–મર્યાદા નકકી કરશે:

વધુમાં આયોગે અધિનિયમની કલમ–૪૨ની પેટા–કલમ(૨) અન્વયે ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં આવા ગ્રાહકો અધિનિયમની કલમ–૬૨ ની પેટા–કલમ(૧) ના ખંડ(ડી) ની જોગવાઇઓમાં ગમે તે હોય તેમ છતાં તેઓ સમજૂતિ કરે તેવી શરતોએ (પ્રશુલ્ક સહિત) વીજળીના પૂરવઠા કે ખરીદી માટે કોઇપણ વ્યકિત સાથે સમજૂતિ કરી શકશે:

વધુમાં આયોગ, આ વિનિયમો અન્વયે તેને કરાયેલી અરજી પર પ્રશુલ્ક નકકી કરતી વખતે આવી લેવડ–દેવડ કરનાર કોઇપણ પક્ષકારો આવા આયોગ કે કેન્દ્રિય આયોગના અધિકારક્ષેત્ર હેઠળ આવે ત્યાં આવા અન્ય રાજયના રાજય આયોગ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે પ્રશુલ્કની શરતો અને/અથવા કેન્દ્રિય આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાય તે પ્રશુલ્કની શરતો પણ ધ્યાનમાં રાખશે.

૩.૨ આ વિનિયમોમાં ઠરાવેલ સિદ્ધાંતો અનુસાર, આયોગ નીચેના માટે અલગ એકંદર મહેસૂલી જરૂરિયાત નકકી કરશે.

(ક) વિતરણ વાયર ધંધો અને

(ખ) છૂટક પૂરવઠાનો ધંધો

૩.૩ વિતરણ પરવાનેદાર, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ફાળવણી મેટ્રિકસને આધારે વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે એકંદર મહેસૂલ જરૂરિયાત નકકી કરવા અલગ વિગતો સમાવિષ્ટ કરતી પીટીશન દાખલ કરશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રક હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે વિતરણ વાયર ધંધા અને છૂટક પૂરવઠા ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાત (A R R ) નકકી કરવાની અલગ વિગતો સમાવિષ્ટ કરતી પીટીશન નિયંત્રક હિસાબોને આધારે કરશે.

૩.૪ વિતરણ વાયર ધંધા માટે નકકી કરેલી એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે વ્હીલીંગ પ્રશુલ્ક/ચાર્જ નકકી કરાશે.

૩.૫ વિતરણ વાયર ધંધા અને છૂટક પૂરવઠા ધંધા માટે નકકી કરાયેલ એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે વીજળીના છૂટક વેચાણ માટે છૂટક પૂરવઠા પ્રશુલ્ક નકકી કરાશે.

૩.૬ આયોગ, ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (આંતર રાજય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો તથા આયોગે વખતોવખત બહાર પાડેલા આદેશો મારફત કરેલ સુધારા અનુસાર, અધિનિયમની કલમ–૪૨ની પેટા–કલમ(૨)ના પ્રથમ પરંતુક અન્વયે વ્હીલીંગ ચાર્જ ઉપરાંત સરચાર્જ પણ નકકી કરશે.

૩.૭ આયોગ, ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો તથા આયોગે વખતોવખત બહાર પાડેલ આદેશો મારફત કરેલા સુધારા અનુસાર, અધિનિયમની કલમ–૪૨ની પેટા–કલમ–(૪) અન્વયે વ્હીલીંગ માટેના ચાર્જ અંગે વધારાનો સરચાર્જ પણ નકકી કરશે.

૩.૮ આ વિનિયમોમાં કોઇપણ સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગ અધિનિયમની કલમ–૬૩ અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડાયેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર બોલીની પારદર્શક પ્રક્રિયા મારફત આવું પ્રશુલ્ક નકકી કરવામાં આવ્યું હોય તો, આયોગ, આ પ્રશુલ્ક અપનાવશે.

૪. **સંચાલનનાં ધોરણો ટોચ મર્યાદાનાં ધોરણો બનશે**

શંકા દૂર કરવા એ બાબતનો ખુલાસો કરવાનો કે, આ વિનિયમો અન્વયે નિર્દિષ્ટ સંચાલન ધોરણો ટોચના ધોરણો છે અને યથાપ્રસંગ વીજઉત્પાદન નિર્દિષ્ટ સંચાલન ધોરણો છે અને યથાપ્રસંગ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર અને હિતાધિકારીઓને, આયોગ નકકી કર્યા મુજબ સંચલનના સુધારેલાં ધોરણો સ્વીકરતાં અટકાવશે નહીં અને આવાં સુધારેલાં ધોરણો પ્રશુલ્ક નકકી કરવા માટે લાગુ પડશે.

૫. **ધોરણોથી વિચલન :**

વીજઉત્પાદન કંપની દ્વારા વીજળીના વેચાણ માટેના પ્રશુલ્ક, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોથી વિચલન કરીને નીચેની શરતોને આધીન રહીને નકકી કરશે.

(૧) ધોરણોમાં વિચલન કરીને તેને આધારે ગણી કાઢેલ અસ્કયામતની સમગ્ર આવરદા દરમિયાન વીજળીના યુનિટ દિઠ એકંદર પ્રશુલ્ક, આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોને આધારે ગણી કાઢેલ યુનિટ દીઠ પ્રશુલ્કથી વધવું જોઇએ નહીં.

(૨) આવું કોઇપણ વિચલન આયોગે મંજૂર કર્યા પછી જ અમલમાં આવશે.

૬. **સામાન્ય માળખુ:**

આ વિનિયમો સામાન્ય માળખારૂપે હોય છે, જેના આધારે પ્રશુલ્ક નકકી કરવાની કવાયત કરાશે. આમા છતાં આયોગને હકીકતો અને સંજોગોને કારણે તેમ કરવું જરૂરી લાગે તેમ અને ત્યારે આ વિનિયમોમાં નિર્દિષ્ટ કાર્યપદ્ધતિ પારમિતિઓમાં ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે.

૭. **આયોગની અંતર્ગત સત્તાનો બચાવ :**

૭.૧ આ વિનિયમોમાંનું કશું પણ, આયોગને ન્યાયના હેતુ માટે કે આયોગની કાર્યવાહીનો દુરુપયોગ અટકાવવા જરૂરી બને તેવા આદેશો કરવાની તેની અંતર્ગત સત્તાને મર્યાદિત કે અન્યથા અસર કરતી હોવાનું ગણવામાં આવશે નહીં.

૭.૨ આ વિનિયમોનું કશું પણ, આયોગને, બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતાં અને લેખિતમાં નોંધેલા કારણોસર આવી બાબત કે બાબતોના વર્ગની કામગીરી હાથ ધરવામાં જરૂરી કે આવશ્યક જણાય, કે જે વિનિયમોની કોઇપણ જોગવાઇઓથી અલગ પડતી હોય તેવી કાર્યપદ્ધતિ અધિનિયમોની જોગવાઇઓ સાથે સુસંગત રહીને અપનાવવા માટે અટકાવશે નહીં.

૭.૩ આ વિનિયમોમાંનું કશું પણ આયોગને સ્પષ્ટ કે ગર્ભિત રીતે જેના માટે કોઇ વિનિયમો ઘડવામાં ન આવ્યા હોય તે અધિનિયમ હેઠળ કોઇ બાબત હાથ ધરવા કે કોઇ સત્તા અમલમાં મૂકવા બાબત અટકાવી શકશે નહીં અને આયોગ તેને યોગ્ય લાગે તે રીતે આવી બાબતો, સત્તા અને કાર્યો હાથ ધરશે.

૮. **પાલન નહીં કરવાની અસર :**

આ વિનિયમોની કોઇપણ જોગવાઇનું પાલન કરવાની નિષ્ફળતા, આયોગની દ્રષ્ટિએ ન્યાયની વિફળતાનું પરિણામ હોય, તે સિવાય આવી નિષ્ફળતાના કારણ માત્રથી કોઇપણ કાર્યપદ્ધતિને ગેરકાયદેસર બનાવશે નહીં.

૯. **સામાન્ય :**

આયોગ નીચેની બાબતોમાંથી માર્ગદર્શન મેળવશે.

(૧) વીજઉત્પાદન કંપનીઓ અને પ્રવહન પરવાનેદારોને લાગુ પડતા પ્રશુલ્કના નિર્ણય માટે વખતોવખત અમલમાં આવે તે પ્રમાણે કેન્દ્રીય આયોગ દ્વારા નિર્દિષ્ટ સિદ્ધાંતો અને પદ્ધતિ;

(૨) વખતોવખત અમલમાં હોય તે મુજબ નેશનલ ઇલેક્ટ્રીસીટી પોલિસી અને ટેરીફ પોલીસી, અને

(૩) વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૬૧માં દર્શાવ્યા મુજબના સિદ્ધાંતો.

૧૦. **હુકમો અને પ્રેકટિસ આદેશો ઇશ્યૂ કરવા :**

૧૦.૧ અધિનિયમ અને આ નિયમોની જોગવાઇને આધીન રહીને, આયોગને આ વિનિયમો અન્વયે આદેશ આપવાની સત્તા હોય તેવી વિવિધ બાબતો અને તેને સંબંધિત કે આનુષંગિક બાબતો અંગે આ વિનિયમો અનુસરવાના અને વિવિધ બાબતો અંગેની કાર્યપદ્ધતિના અમલીકરણ સંબંધમાં આયોગ વખતોવખત હુકમો અને પ્રેકટિસ આદેશો ઇશ્યૂ કરશે.

૧૦.૨ આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઇપણ હોય તેમ છતાં આયોગને કોઇ હિત ધરાવતી અથવા અસર પામેલ પાર્ટીએ દાખલ કરેલ અરજી પર અથવા સ્વયં કોઇપણ અરજદારનું પ્રશુલ્ક નકકી કરવાની સત્તા રહેશે.

૧૧. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા:**

આ વિનિયમોની કોઇપણ જોગવાઇઓ અમલી બનાવવામાં કોઇ મુશ્કેલી ઉભી થાય તો આયોગ સામાન્ય કે ખાસ હુકમથી આ વિનિયમો કે અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તે રીતે આ મુશ્કેલીઓ દૂર કરવાના હેતુસર જરૂરી કે આવશ્યક જણાય તેવી વસ્તુઓ કરશે કે કરવાની બાંયધરી આપશે અથવા વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે, રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને આવી વસ્તુઓ કરવા કે તે અંગે બાંયધરી આપવા ફરમાવશે.

૧૨. **છૂટછાટની સત્તા:**

આયોગ લેખિતમાં નોંધવાનાં કારણોસર તેની પોતાની દરખાસ્તને આધારે કે હિત ધરાવતી વ્યકિતએ તેની સમક્ષ કરેલી અરજીને આધારે આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં છૂટછાટ મૂકી શકશે.

૧૩. **અર્થઘટન :**

આ વિનિયમોની કોઇપણ જોગવાઇના અર્થઘટન સંબંધમાં કોઇ પ્રશ્ન ઊભો થાય તો આયોગનો નિર્ણય આખરી બનશે.

**૧૪. પૂછપરછ અને તપાસ :**

આયોગ ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબાર વિનિયમોનું સંચાલન) વિનિયમોની વખતોવખત સુધાર્યા મુજબની જોગવાઇઓ અનુસાર આયોગ કાર્યવાહી મારફત આ વિનિયમો હેઠળની તમામ પૂછપરછો, તપાસ અને ન્યાય-નિર્ણયો કરશે.

**૧૫. સુધારો કરવાની સત્તા:**

આયોગ, લેખિતમાં નોંધવાના કારણોસર કોઇપણ સમયે, સુધારા દ્વારા વિનિયમોની કોઇપણ જોગવાઇમાં ફેરફાર, બદલાવ કે સુધારો કરશે.

**પ્રકરણ-૨**

**સામાન્ય સિદ્ધાંતો**

**૧૬. બહુવર્ષીય પ્રશુલ્ક માળખું :**

૧૬.૧ આયોગ ૧લી એપ્રિલ, ૨૦૧૬ થી અસરકારક બહુવર્ષીય પ્રશુલ્ક માળખા હેઠળ વિનિયમ ૩.૧ની કલમ-(૧), (૨), (૩), (૪) અને (૫) હેઠળ આવરી લેવાયેલ બાબતો માટે પ્રશુલ્ક નકકી કરશે.

પરંતુ આયોગ સ્વયં અથવા અરજદારે તેને કરેલી અરજીના આધારે વીજઉત્પાદન કંપની અથવા પ્રવહન પરવાનેદાર અથવા રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને બહુવર્ષીય પ્રશુલ્ક માળખા હેઠળ પ્રશુલ્ક નકકી કરવામાંથી આવી મુક્તિ તે મંજૂર કરતા હુકમમાં સમાવિષ્ટ હોય તે મુજબની મુદત માટે મુક્તિ આપશે.

૧૬.૨ બહુવર્ષીય પ્રશુલ્ક માળખું એકંદર મહેસૂલી જરૂરિયાત અને વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધો તથા છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક નકકી કરવા નીચેના ઘટકો પર આધારિત રહેશે.

(૧) સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના અને નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે હાલના પ્રશુલ્કમાંથી અપેક્ષિત મહેસૂલનો વર્તારો સમાવિષ્ટ કરતી વિગતવાર બહુવર્ષીય પ્રશુલ્ક અરજી અરજદારે રજૂ કરવાની રહેશે :

પરંતુ કામગીરીના પરિમાણો જેનો ગમન માર્ગ વિનિયમોમાં નિર્દિષ્ટ કરાયો છે, તે સમગ્ર નિયંત્રણ મુદત માટેની એકંદર મહેસૂલી જરૂરિયાતોમાં આ કામગીરી પરિમાણોના અંદાજો માટેનો આધાર બનશે;

પરંતુ વધુમાં નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટેના ટ્રુઇંગ-અપ અને ચોથા વર્ષના પ્રશુલ્ક નકકી કરવા માટેની અરજદારોએ દાખલ કરેલ પીટીશનની સાથે કરવાની અરજી આધારે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર અને વિતરણ પરવાનેદાર માટે એકંદર મહેસૂલી જરુરિયાતની મધ્યસત્રિય સમીક્ષા હાથ ધરાશે;

(૨) સમગ્ર નિયંત્રણ મુદત માટે આયોગ દ્વારા એકંદર મહેસૂલી જરૂરિયાત અને વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધો અને છૂટક પુરવઠા ધંધા માટે નિયંત્રણ મુદતના પ્રથમ વર્ષ માટે પ્રશુલ્કનો નિર્ણય;

(૩) અરજદારના કાબૂમાં હોય તેવાં પરિબળોની (નિયંત્રણપાત્ર પરિબળો) અને અરજદરની કાબૂ બહારના પરિબળો (નિયંત્રણપાત્ર ન હોય તેવાં પરિબળો) ને કારણે કામગીરીમાં જે ફેરફારો થયા હોય તેના વર્ગીકરણ અને મંજૂર કરેલ વરતારાની સામે ઓડિટ કરેલા હિસાબોને આધારે આયોગ દ્વારા આગલા વર્ષ ના ખર્ચ અને આવકનું ટ્રુઇંગ-અપ;

પરંતુ એકવાર આયોગ નિયંત્રક હિસાબોની રજૂઆત માટેના વિનિયમો જાહેર કરે પછી પ્રશુલ્ક નિર્ણય અને ટ્રુઇંગ-અપ કરવાની અરજીઓનો આધાર નિયંત્રક હિસાબો પર રહેશે.

(૪) આ વિનિયમોમાં આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિયંત્રણ બહારના પરિબળોને કારણે મંજૂર કરાયેલ પ્રાપ્તિ અને નુકશાનને આપવાની તંત્ર-વ્યવસ્થા;

(૫) આ વિનિયમોમાં આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિયંત્રણ હેઠળના પરિબળોને કારણે મંજૂર કરેલ પ્રાપ્તિ અને નુકશાનને વહેંચવાની તંત્ર-વ્યવસ્થા;

(૬) મંજૂર કરેલ વર્તારા અને ટ્રુઇંગ-અપ કરવાની કવાયતાના પરિણામને આધારે નિયંત્રણ મુદતની અંદર દરેક નાણાકીય વર્ષ માટે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે પ્રશુલ્કનો વાર્ષિક નિર્ણય.

૧૭. **હિસાબપત્રક અને બહુવર્ષીય પ્રશુલ્ક અન્વયે ફાઈલીંગ :**

૧૭.૧ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર અને વિતરણ પરવાનેદાર બહુવર્ષીય પ્રશુલ્ક હેઠળ ફાઈલિંગ, આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-રેખા અનુસાર અને આ વિનિયમોમાં નિર્દિષ્ટ એકંદર મહેસૂલી જરૂરિયાતના નિર્ણય માટેના સિદ્ધાંતોનું પાલન કરીને, આયોગ વખતોવખત નકકી કરે તેવા સ્વરૂપમાં કરશે.

૧૭.૨ આ વિનિયમો અન્વયે નિયંત્રણ મુદત માટે ફાઈલિંગ નીચે મુજબ કરાશે.

(ક) બહુવર્ષીય પ્રશુલ્ક પીટીશનમાં નીચેનાનો સમાવેશ થશે.

(૧) ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો અન્વયે હાથ ધરવાની નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ની ટ્રુઇંગ-અપ કામગીરી :

પરંતુ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર માટે ટ્રુઇંગ-અપ કામગીરી (truing up) ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ફી અને ચાર્જ નાખવા અને વસુલ કરવા) વિનિયમો હેઠળ હાથ ધરાશે;

(૨) સમગ્ર નિયંત્રણ મુદત માટે વર્ષવાર વિગતો સાથે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાત;

(૩) આ વિનિયમો હેઠળ નિયંત્રણ મુદતના બીજા વર્ષ, જેમકે વર્ષ ૨૦૧૭-૧૮ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જ મુજબ વીજળીના વેચાણમાંથી આવક તથા અંદાજેલ મહેસૂલી ઘટ અથવા મહેસૂલી પુરાંત;

(૪) ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે આખરી એકંદરે મહેસૂલી જરૂરિયાતના નિર્ણય અને ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ માટે પ્રશુલ્કના નિર્ણય માટે અરજી.

(ખ) નિયંત્રણ મુદતના બીજા વર્ષથી અને તેથી આગળના વર્ષો માટે પીટીશનમાં નીચેનો સમાવેશ થશે.

(૧) ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ અને આગળના વર્ષો માટે ટ્રુઇંગ-અપ કામગીરી ૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો અન્વયે હાથ ધરાશે.

(૨) આગામી વર્ષ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જના દરે વીજળીના વેચાણમાંથી આવક;

(૩) બહુવર્ષીય પ્રશુલ્ક ઓર્ડરમાં મંજૂર કરાયેલ એકંદર મહેસૂલી જરૂરિયાત અને પાછલા વર્ષના ટ્રુઇંગ-અપના આધારે ગણી કાઢેલ આગામી વર્ષ માટેના મહેસૂલી ઘટ અને મહેસૂલી પુરાંત;

(૪) આગામી વર્ષ માટે પ્રશુલ્ક નકકી કરવા અરજી

(ગ) વિનિયમ ૧૬.૨(૧) અન્વયે એકંદર મહેસૂલી જરૂરિયાતની મધ્યસત્રીય સમીક્ષાના કેસમાં પીટીશનમાં નીચે મુજબ સમાવેશ થશે.

(૧) આ વિનિયમો અન્વયે આગલા વર્ષ માટે ટ્રુઇંગ-અપ કામગીરી

(૨) નિયંત્રણ મુદતના બાકીના વર્ષો, જો કોઇ હોય તો તે માટે એકંદર મહેસૂલી જરૂરિયાતમાં સુધારણા, તે માટે પૂરતા વાજબી કારણ સાથે;

(૩) આગામી વર્ષ માટે હાલના પ્રશુલ્ક અને ચાર્જના દરે વીજળીના વેચાણમાંથી આવક;

(૪) બહુવર્ષીય પ્રશુલ્ક ઓર્ડરમાં મંજૂર કરેલ અને પાછલા વર્ષ માટે ટ્રુઇંગ-અપ કરાયેલ એકંદર મહેસૂલી જરૂરિયાતને આધારે ગણી કાઢેલ આગામી વર્ષ માટે મહેસૂલી ઘટ અને મહેસૂલી પુરાંત.

૧૭.૩ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે વિતરણ પરવાનેદારે, વિનિયમ-૨૧ અન્વયે પ્રશુલ્ક નકકી કરવા અને ટ્રુઇંગ-અપ માટેની અરજીની સાથે અલગ ઓડીટ કરેલ હિસાબી પત્રકો દાખલ કરશે:

પરંતુ વાયરના ધંધા અને પુરવઠા ધંધા વચ્ચે સંપૂર્ણ હિસાબી વિભાજન કરાયું ન હોય તો, વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતનું વિભાજન, આ વિનિયમોના પ્રકરણ-૭ માં નિર્દિષ્ટ ફાળવણી સિદ્ધાંતો અનુસાર વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે કરાશે.

૧૮. **પ્રયોજયતા/ લાગુ પાડવું તે :**

વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે વિતરણ પરવાનેદાર માટે કરેલ અરજીઓને બહુવર્ષીય પ્રશુલ્ક માળખું લાગુ પડશે.

૧૯. **બહુવર્ષિય પ્રશુલ્ક અરજી**

૧૯.૧ અરજદાર સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાતની આગાહી અને નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટે પ્રશુલ્ક દરખાસ્ત, આ વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબની રીતે, અને તેટલી સમય-મર્યાદામાં રજૂ કરશે અને તેની સાથે વખતોવખત સુધારા મુજબના ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ફી, દંડ અને ખર્ચ) વિનિયમો અન્વયે નિર્દિષ્ટ કર્યા મુજબ ચૂકવવાપાત્ર ફી ભરશે.

૧૯.૨ અરજદાર, આયાગે વખતોવખત ઠરાવ્યા પ્રમાણે માર્ગદર્શક સૂચનાઓ અને ફોર્મેટ અનુસાર, વિગતવાર વર્ગવાર વેચાણ અને માગ અંદાજો, વીજળી પ્રાપ્તિ યોજના, મૂડી રોકાણ યોજના, નાણા-વ્યવસ્થા યોજના અને ભૌતિક લક્ષ્યાંકોની સાથોસાથ નિયંત્રણ મુદત દરમિયાન એકંદર મહેસૂલી જરૂરિયાતનો સમાવેશ કરતા અલગ-અલગ બાબતોની વર્તણૂંકના ફેરફારો સંબંધિત ધારણાઓનો ઉપયોગ કરીને એકંદર મહેસૂલી જરૂરિયાતની આગાહી વિકસાવશે.

૧૯.૩ મૂડી રોકાણ યોજના, અલગ રીતે, નિયંત્રણ મુદતમાં ખેંચાયેલ ચાલુ પરિયોજનાઓ અને નિયંત્રણ મુદતમાં શરૂ થનાર પરંતુ નિયંત્રણ મુદતની અંદર કે તેની બહાર પૂરી થનાર નવી પરિયોજનાઓ (વાજબી કારણ સાથે) દર્શાવશે. આયોગ દ્વારા મૂડી રોકાણ યોજનાને ગણતરીમાં લેવા અને મંજૂર કરવા માટે વિજઉત્પાદન કંપની, પ્રવાહન પ્રવાનેદાર, રાજય વિજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ વાયર ધંધો અને પુરવઠા ધંધા એ લાગુ પડતી તાંત્રિક અને વાણિજ્યિક વિગતો રજુ કરવાની જરૂર પડશે.

૧૯.૪ વિતરણ પરવાનેદાર ઊર્જા ખરીદી માટે ધ્યાનમાં લેવાતા બધા વિજઉત્પાદન મથકોના મેરીટ ઓર્ડર ડીસ્પેચ સિદ્ધાંતો, ૨૦૧૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળી પ્રાપ્તિ) (પ્રથમ સુધારો) વિનિયમોના વિનિયમ-૪ મુજબના રીન્યુએબલ પરચેસ ઓબ્લીગેશનના જથ્થા અને વીજળી કાર્યક્ષમતા અને માંગ બાજુના વ્યવસ્થાપનની યોજનાઓ માટે કોઇ લક્ષ્યાંક નકકી કરેલ હોય તો તે અંગે વિજ ખરીદી જરૂરીયાત અંદાજવી જોઇએ.

૧૯.૫ અરજદાર, નીચેની બાબતોને આધારે પ્રશુલ્ક અને ચાર્જમાંથી મળતી અપેક્ષિત આવકની આગાહી વિકસાવશે.

(ક) વીજઉત્પાદન કંપનીના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે દરેક એકમ મથક દ્વારા ઉત્પન્ન થનાર વીજળીના જથ્થાનો અંદાજ;

(ખ) પ્રવહન પરવાનેદારના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે પ્રવહન સિસ્ટમ વપરાશકર્તાને ફાળવેલ પ્રવહન ક્ષમતાના અંદાજો;

(ગ) રાજય વીજભાર રવાનગી કેન્દ્રના કેસમાં, હિતાધિકારીઓ સુધી વિસ્તારવાના સેવાના અંદાજ,

(ઘ) વિતરણ પરવાનેદારના કેસમાં, નિયંત્રણ મુદતની અંદર આગામી નાણાકીય વર્ષ માટે ગ્રાહકોને પૂરી પાડવાની વીજળી અને વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ વતી વ્હીલ કરવાની વીજળીના જથ્થાના અંદાજ;

(ચ) અરજી કર્યાની તારીખે પ્રવર્તમાન પ્રશુલ્ક,

૧૯.૬ એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની આગાહીને આધારે, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના વિતરણ પરવાનેદાર પ્રશુલ્કની દરખાસ્ત કરશે, જે એકંદર મહેસૂલી જરૂરિયાતમાં કોઇ ઘટ હોય તો તેને પરિપૂર્ણ કરશે.

૧૯.૭ અરજદાર આગાહીના સમર્થનમાં પૂરેપૂરી વિગતો પૂરી પાડશે, જેમાં ભૂતકાળની કામગીરી, કાર્યક્ષમતા કે ઉત્પાદકતા પ્રાપ્તિ હાંસલ કરવા સૂચિત પહેલ-પગલાં, ટેકનિકલ અભ્યાસ, કરારયુક્ત ગોઠવણો અને/અથવા ગૌણ સંશોધનની વિગતો સમાવિષ્ટ થશે પરંતુ તેટલા પૂરતું મર્યાદિત રહેશે નહીં, જેથી આયોગ આગાહીના વાજબીપણાનું મૂલ્યાંકન કરી શકે.

૧૯.૮ અરજી મળ્યેથી આયોગ, કા તો,

(ક) ઉકત આદેશમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સુધારા અને શરતોને આધીન રહીને, સમગ્ર નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાત અને નિયંત્રણ મુદતના બીજા વર્ષ માટે પ્રશુલ્ક મંજૂર કરતો આદેશ ઇશ્યૂ કરશે, અથવા

(ખ) આયોગને યોગ્ય લાગે તે પ્રમાણે, લેખિતમાં નોંધેલ કારણોસર અરજી રદ કરશે.

પરંતુ અરજદારની અરજી રદ કરતાં પહેલાં તેને સાંભળવાની પૂરતી વાજબી તક આપવી જોઇશે.

૨૦. **કેટલીક પરિવર્તી બાબતો માટે ખાસ ગંતવ્ય-માર્ગ (trajectory) :**

બહુવર્ષીય પ્રશુલ્ક પીટીશન મંજૂર કરતા સમયે આયોગ, પરિવર્તી બાબતો માટે એક ગંતવ્ય-માર્ગ નકકી કરશે, જેમાં ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ અને તેથી આગળ માટે સંચાલન અને જાળવણી ખર્ચ, લક્ષ્યાંક પ્લાન્ટ ભાર પરિબળ અને વિતરણ ઘટ સમાવિષ્ટ થશે, પરંતુ તેટલા પૂરતું મર્યાદિત રહેશે નહીં.

પરંતુ યુટિલિટી, ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે આ વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણોને વળગી રહેશે.

પરંતુ વધુમાં, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધાદારીઓ, બાકીની નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાતની મધ્યસત્રિય સમીક્ષા વખતે ટ્રેજેકટરી(ગંતવ્ય માર્ગ)ની સમીક્ષા કરવા માગણી કરી શકે છે.

૨૧. **ટ્રુઇંગ–અપ :**

૨૧.૧ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર, આ વિનિયમો અનુસાર, નિયંત્રણ મુદત દરમિયાન આવક અને ખર્ચના ટ્રુ–અપને આધીન રહેશે.

૨૧.૨ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર, આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં આગલા વર્ષ ના ટ્રુ–અપ અને આગામી વર્ષ માટે પ્રશુલ્ક નિર્ણયની અરજી દાખલ કરશે.

પરંતુ, યથાપ્રસંગ, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર, આયોગે નકકી કરેલા ફોર્મમાં આયોગ સમક્ષ માહિતી રજૂ કરશે, જેમાં ઓડિટ કરેલા હિસાબો, હિસાબના ચોપડામાંથી અર્ક અને બીજી વિગતો, તેની આયોગને નાણાકીય કામગીરીમાં, એકંદર મહેસૂલી જરૂરિયાતની મંજૂર કરેલી આગાહી અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવક કરતાં કોઇ ફેરફાર તેને તેના પ્રમાણ માટેનાં કારણોનું મૂલ્યાંકન કરવા જરૂરી જણાય તેવી વિગતોનો સમાવેશ થશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રક હિસાબોની રજૂઆત માટે વિનિયમો જાહેર કરે પછી પ્રશુલ્ક નિર્ણય અને ટ્રુઇંગ–અપ માટેની અરજીઓ નિયંત્રક હિસાબો પર આધારિત રહેશે.

૨૧.૩ ટ્રુઇંગ–અપ કરવાનો વ્યાપ, એ એકંદર મહેસૂલી જરૂરિયાતની મંજૂર કરેલી આગાહી અને પ્રશુલ્ક અને ચાર્જમાંથી અપેક્ષિત આવક સાથે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર સાથેની સરખામણી બની રહેશે અને તેમાં નીચેનાઓ સમાવેશ થશે.

(ક) આગલા નાણાકીય વર્ષ માટે અરજદારની ઓડિટ કામગીરીની, આવા આગલા નાણાકીય વર્ષ માટે મંજૂર કરેલ આગાહી સાથેની સરખામણી, જે વિવેકપૂર્વકની તપાસણીને આધીન રહેશે.

(ખ) આયોગે, વખતોવખત બહાર પાડેલ આદેશોના પાલનની સમીક્ષા:

(ગ) કોઇ અન્ય પ્રસ્તુત વિગતો હોય તો તે.

૨૧.૪ નિયંત્રણપાત્ર અને નિયંત્રણપાત્ર ન હોય તે પારમિતિઓ માટે વર્ષ દરમિયાન વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારે કરેલા ખર્ચ બાબતમાં, આયોગ ટ્રુઇંગ–અપ કામગીરીના ભાગરૂપે અરજદારની કામગીરીની સાથોસાથ મંજૂર કરેલ આગાહીની વિગતવાર સમીક્ષા કરશે,

૨૧.૫ ઉપરના વિનિયમ ૨૧.૪ અન્વયે ટ્રુઇંગ–અપ કરવાની કામગીરી પૂરી થતાં આયોગ વિનિયમ–૨૨ હેઠળ નિર્દિષ્ટ પરવર્તનશીલ ઘટકની કામગીરીના કોઇપણ ફેરફારો કે અપેક્ષિત ફેરફારોને અરજદારના કાબૂ હેઠળનાં (નિયંત્રણપાત્ર) ઘટક અથવા અરજદારના કાબૂ બહારના (નિયંત્રણપાત્ર ન હોય) ઘટક તરીકે ગણાવશે.

પરંતુ નીચે વિનિયમ ૨૨.૧ માં નિર્દિષ્ટ હોય તે સિવાયના બીજા ફેરફાર માટે કામગીરીમાં કોઇપણ ફેરફાર કે અપેક્ષિત ફેરફાર સંપૂર્ણપણે નિયંત્રણપાત્ર ઘટકોને કારણે હોવાનું ગણાશે.

૨૧.૬ ઉપર્યુક્ત વિનિયમ ૨૧.૪ અન્વયે ટ્રુઇંગ–અપ કામગીરી પૂરી થતાં, આયોગ નીચેની બાબતોની નોંધ કરી હુકમ પસાર કરશે.

(ક) નિયંત્રણપાત્ર ઘટકને કારણે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર પ્રાપ્તિ કે નુકશાન અને આવા પ્રાપ્તિ કે નુકશાનની રકમ, આ વિનિયમના વિનિયમ–૨૪ અનુસાર વહેંચી શકાશે.

(ખ) નિયંત્રણમાં ન હોય તેવા ઘટકોને લગતા જેની આગલા વર્ષો વસૂલાત ન કરાઇ હોય એ મંજૂર કરેલ ખર્ચના ઘટકો આ વિનિયમના વિનિયમ–૨૩ અનુસાર પસાર થશે.

(ગ) મહેસૂલી ઘટ (gap) અથવા મહેસૂલી પુરાંતની રકમ પરના વહન ખર્ચને આવી ઘટ/પુરાંત બાકી નીકળે તે તારીખથી, એટલે કે, ટ્રુઇંગ–અપ કામગીરી જે વર્ષ માટે કરાય તેના અંતથી શરૂ કરીને, તે લાગુ પડાય તે વર્ષના અંત સુધી છૂટ આપવી, તે, જે વર્ષ માટે મહેસૂલી ગાળો અથવા મહેસૂલી પુરાંત નકકી કરાય તે પ્રસ્તુત વર્ષ માટે વેઇટેડ સરેરાશ સ્ટેટ બેંક બેઝરેટને આધારે સાદા વ્યાજથી ગણી કાઢેલ હોય છે.

પરંતુ જે વર્ષ માટે મહેસૂલી ઘટ પડે તે પૂર્વેના વર્ષોમાં કરેલ વહન ખર્ચ માટે વિવેકપૂર્ણ તપાસ અને દસ્તાવેજી પુરાવાની રજૂઆતને આધીન રહીને મહેસૂલી ગાળાની રકમ પર વહન ખર્ચને ઉપરની મર્યાદામાં છૂટ આપવી.

(ઘ) આગામી વર્ષ માટે નકકી કરેલ પ્રશુલ્ક

**૨૨. નિયંત્રણપાત્ર અને નિયંત્રણપાત્ર ન હોય તેવાં પરિબળો :**

૨૨.૧ આ વિનિયમોના હેતુ માટે, "બિન–નિયંત્રણપાત્ર પરિબળો" એ શબ્દમાં નીચેના પરિબળોમાં સમાવેશ થશે, જે અરજદારના નિયંત્રણ બહાર હોય અને અરજદાર દ્વારા તેમાં ઘટાડો ન કરી શકાય.

(ક) કુદરતી આપતીની ઘટનાઓ;

(ખ) કેન્દ્ર સરકાર, રાજય સરકાર કે આયોગના કાયદા, અદાલતી જાહેરાતો અને આદેશોમાં ફેરફાર;

(ગ) આયોગે વખતોવખત મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા અનુસાર બળતણની કિંમત અને/ અથવા વીજળી ખરીદીની કિંમતમાં ફેરફાર

(ઘ) ગ્રાહકોની સંખ્યાનું મિશ્રણ અથવા ગ્રાહકોને મોકલાતી વીજળીના જથ્થામાં ફેરફાર;

પરંતુ અરજદારના પુરવઠા વિસ્તારમાં એક કરતાં વધુ વિતરણ પરવાનેદાર હોય ત્યાં, એક વિતરણ પરવાનેદારથી અન્ય તરફ સ્થળાંતરને કારણે બે કે વધુ આવા વિતરણ પરવાનેદારો સેવા આપતા હોય તે વિસ્તારમાં ગ્રાહકોની સંખ્યાના મિશ્રણમાં અથવા ગ્રાહકોને પૂરી પડાતી વીજળીના જથ્થામાં કોઇ ફેરફાર નિયંત્રણપાત્ર હોવાનું ગણાશે.

(ચ) પ્રવહન ઘટ;

(છ) બજારના વ્યાજના દરમાં ફેરફાર;

(જ) વેરા અને વૈધાનિક કર;

(ઝ) આવકવેરો;

(ટ) માંડવાળ કરેલ ખરાબ દેવાંમાંથી વસૂલાત

પરંતુ અરજદાર એમ માને કે ઉપર નિર્દિષ્ટ ન કરેલ કોઇ ફેરફારો અંગે બિનનિયંત્રણપાત્ર પરિબળોને કારણે નાણાકીય વર્ષની કામગીરીમાં મહત્વપૂર્ણ ફેરફાર કે અપેક્ષિત ફેરફાર થયેલ છે તો આવા અરજદાર, આયોગને તેમના વિવેકાધિકાર પ્રમાણે, નાણાકીય વર્ષ માટે આ વિનિયમ હેઠળ આવા ફેરફારનો સમાવેશ કરવા અરજી કરશે.

૨૨.૨ અરજદારની કામગીરીમાં કેટલાક દ્રષ્ટાંતરૂપ ફેરફારો કે અપેક્ષિત ફેરફારો આયોગ દ્વારા નિયંત્રણપાત્ર પરિબળોને કારણે થયા હોવાનું ગણાશે, જેમાં નીચેના પરિબળોનો સમાવેશ થાય છે, પરંતુ તેટલા પૂરતા મર્યાદિત નથી.

(ક) આવી પરિયોજનાના ક્ષેત્રમાં મંજૂર કરેલ ફેરફાર, વૈધાનિક વેરામાં ફેરફાર અથવા કુદરતી આપતિની ઘટનાને કારણે ન હોય તેની મૂડી ખર્ચ પરિયોજનાના અમલમાં સમય અને/અથવા અતિશય ખર્ચ/કાર્યક્ષમતાને કારણે મૂડીકરણમાં ફેરફાર;

(ખ) ઉપર ખંડ(ક)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, મૂડીકરણમાં ફેરફારને કારણે વ્યાજ અને નાણા ખર્ચ, ઇક્વીટી પર રીટર્ન અને ઘસારા–ખર્ચમાં ફેરફાર;

(ગ) વિતરણ પરવાનેદારની ટેકનિકલ અને વાણિજ્યિક ઘટમાં ફેરફાર;

(ઘ) કામગીરી પારમિતિઓમાં ફેરફાર;

(ચ) કાર્યકારી મૂડી પરના વ્યાજમાં ફેરફાર;

(છ) વિનિયમો અનુસાર છૂટછાટ આપી હોય તે સિવાય ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમોમાં નિર્દિષ્ટ ધોરણો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળતા;

(જ) શ્રમ ઉત્પાદકતામાં ફેરફાર;

(ઝ) સંચાલન અને જાળવણી ખર્ચમાં ફેરફાર;

(ટ) માંડવાળ કરેલ ખરાબ દેવું;

**૨૩ બિન–નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ અને નુકશાન પસાર થવા માટે તંત્ર–વ્યવસ્થા :**

૨૩.૧ બિન–નિયંત્રણપાત્ર પરિબળોને કારણે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વિજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને મંજૂર થયેલ એકંદર પ્રાપ્તિ કે નુકશાન, આ વિનિયમો અન્વયે આયોગે પસાર કરેલ આદેશમાં નિર્દિષ્ટ કર્યા મુજબની મુદત દરમિયાન વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારના પ્રશુલ્કમાં હિસાબમેળ તરીકે પસાર કરાશે.

૨૩.૨ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર આયોગે ઠરાવેલ નમૂનામાં કરેલ ખર્ચ અને અર્જીત આવક વચ્ચેના ફેરફાર અને આયોગે મંજૂર કરેલા આંકડા અંગેની વિગતો, આયોગ દ્વારા ખરાઇ માટે જરૂરી હોય તે પ્રમાણે વિગતવાર ગણતરી અને સમર્થક દસ્તાવેજોની સાથોસાથ રજૂ કરવી.

૨૩.૩ વિનિયમ–૨૩માં સમાવિષ્ટ કશું પણ, બળતણ અને વીજ ખરીદીના ભાવમાં ફેરફારને કારણે થતી કોઇ પ્રાપ્તિ કે નુકશાન સંબંધમાં લાગુ પડશે નહીં અને આ પ્રાપ્તિ કે નુકશાન અંગે આયોગ દ્વારા સમયાંતરે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કાર્યવાહી કરાશે.

**૨૪. નિયંત્રણપાત્ર પરિબળોને કારણે પ્રાપ્તિ કે નુકશાનની હિસ્સેદારી માટે તંત્ર વ્યવસ્થા:**

૨૪.૧ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને નિયંત્રણપાત્ર પરિબળોને કારણે થયેલ મંજૂર કરાયેલ એકંદર પ્રાપ્તિ બાબતે નીચેની રીતે કામકાજ હાથ ધરાશે :

(૧) આવી પ્રાપ્તિની એક તૃતીયાંશ રકમ, વિનિયમ–૨૧.૬ હેઠળ આયોગના ઓર્ડરમાં નિયત કરેલ મુદત દરમિયાન પ્રશુલ્કમાં વળતર તરીકે પસાર કરાશે.

(૨) બાકીની રકમ જે આવા લાભના બે તૃતીયાંશ થાય, તેનો ઉપયોગ, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારના વિવેકાધિકાર પ્રમાણે કરશે.

૨૪.૨ નિયંત્રણપાત્ર પરિબળોને કારણે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારને મંજૂર કરેલ એકંદર નુકશાન બાબતે નીચેની રીતે કામકાજ હાથ ધરાશે :

(ક) આવા નુકશાનની એક તૃતીયાંશ, રકમ, વિનિયમ ૨૧.૬ અન્વયે આયોગના હુકમમાં નિયત કર્યા પ્રમાણે તેટલી મુદત દરમિયાન પ્રશુલ્કના વધારાના ચાર્જ તરીકે પસાર કરી શકાશે.

(ખ) નુકશાનની બાકીની રકમ જે આવા નુકશાનની બે તૃતીયાંશ થાય છે, તે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદાર દ્વારા ચૂકવાશે.

**૨૫. પ્રશુલ્કનો નિર્ણય :**

૨૫.૧ પ્રશુલ્ક નિર્ણય માટે આયોગ દ્વારા હાથ ધરાનાર કાર્યવાહી, ૨૦૦૪ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબાર વિનિયમોનું સંચાલન) વિનિયમો અનુસાર હાથ ધરાશે.

૨૫.૨ આ વિનિયમોમાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં આયોગને સ્વયંના ધોરણે કે વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારે કરેલી પીટીશનને આધારે, કોઇપણ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તથા વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક તેમજ શરતો નક્કી કરવાની સત્તા રહેશે.

પરંતુ આવો પ્રશુલ્કનો નિર્ણય, આયોગે અગાઉ મંજૂર કરેલ હોય કે નહીં અને આ વિનિયમો લાગુ પાડ્યા પહેલાં કે પછી દાખલ કરેલ હોય તેમ છતાં સમજૂતિ કે ગોઠવણ કે અન્યથા હોય તે મુજબ હોઇ શકે.

૨૫.૩ આ વિનિયમોમાં ગમે તે સમવિષ્ટ હોય તેમ છતાં, આયોગ, કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર પારદર્શક બોલી પ્રક્રિયા મારફત આવું પ્રશુલ્ક નકકી કરવામાં આવ્યું હોય તો, આયોગ તે પ્રશુલ્ક અપનાવશે.

પરંતુ, કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્હદર્શક સૂચનાઓ યોગ્ય રીતે અનુસરવામાં આવી હોવાની ખાતરી કરવા આયોગને જરૂરી જણાય તેવી માહિતી અરજદારે પૂરી પાડવી જોઇશે.

**૨૬. વીજ ઉત્પાદન પ્રશુલ્ક નકકી કરવું :**

**૨૬.૧ હાલનું વીજઉત્પાદન મથક :**

૨૬.૧.૧ આયોગે, આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પહેલાં કોઇપણ સમયે વીજઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે વીજખરીદી સમજૂતિ કે ગોઠવણ મંજૂર કરેલ હોય, અથવા ચાલુ વીજઉત્પાદન એકમ/મથકેથી વીજળીના પૂરવઠા માટે તેમાં સમાવિષ્ટ પ્રશુલ્ક અપનાવ્યું હોય તો વીજઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા અંગે પ્રશુલ્ક, આયોગે મંજૂર કરેલ કે અપનાવેલ હોય તેટલી મુદત માટે આવો વીજખરીદી સમજૂતિ કે ગોઠવણમાં દર્શાવેલ પ્રશુલ્ક મુજબ રહેશે.

૨૬.૧.૨ આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખે, જ્યાં આયોગે, ચાલુ વીજઉત્પાદન ગથકેથી વીજળી પુરવઠા માટે વીજઉત્પાદન કંપની અને વિતરણ પરવાનેદાર વચ્ચે વીજખરીદી સમજૂતિ કે ગોઠવણ મંજૂર ન કરી હોય અથવા આયોગે તેમાં સમાવિષ્ટ પ્રશુલ્ક ન અપનાવ્યું હોય અથવા કોઇ વીજખરીદી સમજૂતિ કે ગોઠવણ ન થઈ હોય ત્યાં, આ વિનિયમો અમલમાં આવ્યા તે તારિખ પછી આવી વીજઉત્પાદન કંપની દ્વારા આવા વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો, આયોગે મંજૂર કરેલ વીજખરીદી સમજૂતિ અનુસાર પૂરો પડાશે.

પરંતુ, આ વિનિયમોના જાહેરનામાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર વિતરણ પરવાનેદારે આયોગને આવી વીજખરીદી સમજૂતિ કે ગોઠવણની મંજૂરી માટે અરજી કરવાની રહેશે.

પરંતુ વધુમાં, વીજળીનો આ પુરવઠો, આયોગ આ વીજખરીદી સમજૂતિ મંજૂર કરે ત્યાંસુધી યથાપ્રસંગ હાલની સમજૂતિ કે ગોઠવણ હેઠળ ચાલુ રાખવાની છૂટ આપશે અને આવી વીજખરીદી સમજૂતિ કે ગોઠવણનો લેખિતમાં નોંધેલા કારણોસર આયોગ અસ્વીકાર કરે તો તે તત્કાલ બંધ કરાશે.

૨૬.૨ **નવાં વીજઉત્પાદન મથકો :**

૨૬.૨.૧ નવા વીજઉત્પાદન એકમ/મથકેથી વીજઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા માટેનું પ્રશુલ્ક આયોગે મંજૂર કરેલ વીજખરીદી સમજૂતિ અનુસારના પ્રશુલ્ક પ્રમાણે રહેશે.

૨૬.૩ **પોતાના વિજઉત્પાદન મથકો :**

૨૬.૩.૧ જ્યાં વિતરણ પરવાનેદાર વીજળી ઉત્પાદનનો ધંધો પણ હાથ ધરતો હોય ત્યાં, વિતરણ પરવાનેદારના વીજળી ઉત્પાદન ધંધાથી છૂટક પૂરવઠા ધંધાને વીજળી પૂરી પાડવા માટેનો ભાવ આયોગ દ્વારા નક્કી કરાશે.

૨૬.૩.૨ વિતરણ પરવાનેદાર વીજઉત્પાદન ધંધા માટે અલગ રેકર્ડ જાળવશે અને ફાળવણી પત્રક જાળવશે, જેથી આયોગ, આવા ધંધાને લગતું પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચ અને આવા ધંધામાંથી મળતી ઇક્વિટી પરનું રીટર્ન સ્પષ્ટપણે મુકરર કરી શકે.

પરંતુ એકવાર આયોગ નિયંત્રક હિસાબો રજૂ કરવા માટે વિનિયમો જાહેર કરે એટલે, પ્રશુલ્ક નિર્ણય અને ટ્રુઇંગ-અપ કામગીરી માટેની અરજીઓ નિયંત્રક હિસાબોને આધારે કરાશે.

૨૬.૪ વિતરણ પરવાનેદાર, વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવાની અલગ અરજીની સાથે ઉત્પાદન ધંધાને લગતા આ વિનિયમોના પ્રકરણ-૪ અન્વયે જરૂરી માહિતી રજૂ કરશે.

૨૭. **પ્રવહન, વિતરણ વાયર ધંધો, છૂટક પુરવઠા ધંધાનું પ્રશુલ્ક અને રાજય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ નક્કી કરવાં.**

૨૭.૧ આ વિનિયમોમાં સમાવિષ્ટ કાર્યપદ્ધતિ અનુસાર પરવાનેદારો અને રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા કરાયેલી અરજીને આધારે પ્રવહન ધંધો, વિતરણ વાયર ધંધો, છૂટક પુરવઠા ધંધાનું પ્રશુલ્ક અને રાજય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જ આયોગ નક્કી કરશે.

૨૭.૨ આયોગે નીચેના માટે પ્રશુલ્ક નક્કી કરશે :-

(ક) આ વિનિયમોના પ્રકરણ-૫માં સમાવિષ્ટ શરતો અનુસાર વીજળી પ્રવહન .

(ખ) આ વિનિયમોના પ્રકરણ-૬ માં સમાવિષ્ટ શરતો અનુસાર રાજય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ

(ગ) આ વિનિયમોના પ્રકરણ-૭ માં સમાવિષ્ટ શરતો અનુસાર વિતરણ વાયર ધંધો

(ઘ) આ વિનિયમોના પ્રકરણ-૮ માં સમાવિષ્ટ શરતો અનુસાર છૂટક પુરવઠા ધંધો.

૨૮. **ફાઈલિંગ કાર્યપદ્ધતિ :**

અરજદાર આયોગને કરેલ તેની અરજીના ભાગ તરીકે, આયોગ વખતોવખત નક્કી કરે તેવા ફોર્મમાં એકંદર મહેસૂલી જરૂરિયાતની તેની ગણતરી અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની પૂરેપૂરી વિગતો પૂરી પાડશે અને ત્યારપછી આયોગ કે સચિવ કે આયોગે આ માટે નામ/નિર્દિષ્ટ કરેલ કોઇપણ અધિકારી આવી ગણતરીનું મૂલ્યાંકન કરવા માટે વાજબીપણે માગે તેવી વધુ માહિતી કે વિગતો કે દસ્તાવેજો આપશે :

પરંતુ અરજીની સાથે સંબંધિત હોય તેવા, વર્ગવાર પ્રશુલ્ક દર્શાવતા પ્રશુલ્ક અને ચાર્જીસમાં પુનરાવર્તન સાથેની દરખાસ્ત અને આ પુનરાવર્તન એકંદર મહેસૂલી જરૂરીયાતમાં નિયંત્રણ મુદતના સંબંધિત વર્ષ માટે જો કોઇ ઘટ હોય તો તે ઘટ કેવી રીતે પૂરી પાડશે તે દર્શાવતી દરખાસ્ત રજૂ કરશે.

પરંતુ વધુમાં અરજદારે રજૂ કરવાની વિગતો માટે, આયોગ વખતોવખત વધારાનો/વૈકલ્પિક ઢાંચો નિર્દિષ્ટ કરશે, કેમકે, એકંદર મહેસૂલી જરૂરિયાત આકારવા અને પ્રશુલ્ક નક્કી કરવા તે વાજબીપણે જરૂરી બનશે.

૨૮.૨ આ વિનિયમોમાં નિર્દિષ્ટ તમામ જરૂરિયાતોનું પાલન કરીને તમામ જરૂરી માહિતી, વિગતો, દસ્તાવેજો સાથે રાખેલ સંપૂર્ણ અરજી મળતાં, અરજી મળી હોવાનું ગણવામાં આવશે અને આયોગ કે સચિવ કે નામનિર્દિષ્ટ અધિકારી અરજદારને જાણ કરશે કે અરજી નોંધવામાં આવી છે અને પ્રકાશિત કરવા માટે તૈયાર છે.

૨૮.૩ કરાયેલી અરજીનું, અરજીમાં જણાવેલી હકીકતોથી વાકેફ વ્યક્તિની એફિડેવિટ દ્વારા સમર્થન કરાશે.

૨૮.૪ અરજદાર અરજીની નોંધણી થયા પછીના ૭ દિવસમાં તેની અરજીની નોટિસ સંબંધિત વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં ઓછામાં ઓછા બે વર્તમાનપત્રોમાં, એક અંગ્રેજી અને એક ગુજરાતી, માં પ્રસિદ્ધ કરશે.

૨૮.૫ કોઇપણ વ્યક્તિ આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર પ્રશુલ્ક નિર્ણયની દરખાસ્ત અંગે કોઇ સૂચનો અને વાંધા હોય તો તે સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ દાખલ કરશે અને અરજદરને તેની નકલ મોકલશે.

૨૮.૬ અરજદાર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસની અંદર અગાઉ જણાવ્યું તેમ એફિડેવીટ કરીને આયોગને પ્રસિદ્ધ કરાયેલી નોટિસની વિગતો રજૂ કરશે અને જેમાં નોટિસ પ્રસિદ્ધ થઈ તે વર્તમાન પત્રોની નકલો પણ દાખલ કરશે.

૨૮.૭ અરજદાર ૨૦૦૪ના વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબાર વિનિયમોનું સંચાલન) વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં કોઇ સૂચનો અને વાંધા મળ્યા હોય તો તે પર પોતાના ટીકા-ટિપ્પણ રજૂ કરશે.

૨૮.૮ અરજદાર ચાલુ નાણાકીય વર્ષની ૩૦મી નવેમ્બર સુધીમાં આગલા વર્ષના ટ્રુઇંગ-અપ અને આગામી નાણાકીય વર્ષ માટેના પ્રશુલ્કને નક્કી કરવાની બાબતની મંજુરી માટે પોતાની અરજી દાખલ કરશે.

૨૯. **પ્રશુલ્ક હુકમ :**

૨૯.૧ આયોગ સંપૂર્ણ અરજીની નોંધણી તારીખથી એકસોવીસ (૧૨૦) દિવસની અંદર લોકો પાસેથી મળેલ તમામ સૂચનો અને વાંધા વિચાર્યા પછી

(ક) પ્રશુલ્ક હુકમ જેમાં તે હુકમમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેવા સુધારા કે શરતો સાથેની અરજી સ્વીકારીને બહાર પાડશે.

(ખ) આવી અરજી અધિનિયમની જોગવાઇઓ અને નિયમો તથા તે હેઠળ ઘડાયેલા વિનિયમો અથવા તત્સમયે અમલી બીજા કોઇપણ કાયદાની જોગવાઇઓ અનુસાર ન હોય તો લેખિતમાં નોંધવાના કારણોસર અરજી રદ કરશે.

પરંતુ અરજદારની અરજી રદ કરવામાં આવે તે પહેલાં તેને સાંભળવાની વાજબી તક આપવામાં આવશે.

૨૯.૨ આ રીતે પ્રસિદ્ધ કરાયેલ પ્રશુલ્ક ઉક્ત હુકમમાં નિર્દિષ્ટ તારીખથી અમલમાં આવશે અને તેને સુધારવામાં કે નકારવામાં આવે નહીં ત્યાં સુધી તેમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેટલી મુદત માટે અમલમાં ચાલુ રહેશે.

૩૦. **પ્રશુલ્ક હુકમોને વળગી રહેવું :**

૩૦.૧ આયોગે વખતોવખત મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા આધારીત એફપીપીપીએ સિવાય, કોઇપણ પ્રશુલ્ક કે તેના કોઇપણ ભાગમાં સામાન્ય રીતે વર્ષમાં એક કરતા વધુ વખત સુધારો કરી શકાશે નહીં.

૩૦.૨ આયોગને લેખિતમાં નોંધવાના કારણોસર પોતાને ખાતરી થાય પછી પ્રશુલ્કના સુધારાને છૂટ આપશે.

30.3 વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર અધિનિયમની કલમ-૬૨ અન્વયે અને આ વિનિયમો અનુસાર નક્કી કરાયેલ પ્રશુલ્ક કરતા વધુ ભાવ કે ચાર્જ વસૂલ કરે તો આવો ભાવ કે ચાર્જ ચૂકવનાર વ્યક્તિને વધારાની રકમ ચૂકવવાપાત્ર થશે, જેની સાથે વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદાર દ્વારા ઉત્પન્ન કરાયેલ અન્ય કોઇ જવાબદારિ બાધક બન્યા સિવાય ભારતીય રિઝર્વ બેંકના બેંક દરની સમતુલ્ય વ્યાજ ચૂકવશે.

૩૦.૪ પરવાનેદારો, આયોગ તેમના હુકમના અમલીકરણ પર દેખરેખ રાખી શકે તે સારૂ સંચાલન અને ખર્ચની વિગતો સમાવિષ્ટ કરતું, આયોગે માગ્યા મુજબનું સામયિક રીટર્ન રજુ કરશે.

૩૧. **પ્રશુલ્કનું વાર્ષિક નિર્ધારણ :**

આયોગ, નિયંત્રણ મુદત દરમિયાન દરેક નાણાકીય વર્ષ માટે પ્રશુલ્ક માળખા અન્વયે આવરી લેવાયેલ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક, નીચેની બાબતો લક્ષમાં રાખીને આવા નાણાકીય વર્ષની શરૂઆતમાં નક્કી કરશે.

(ક) વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક તથા ચાર્જમાંથી અપેક્ષિત આવકની, આવા નાણાકીય વર્ષ માટે, મધ્ય-સત્રિય સમીક્ષા વખતે મંજૂર કરેલા સુધારા કોઇ હોય, તો તે સહિત મંજૂર કરેલી આગાહી;

(ખ) આગલા વર્ષની ટ્રુઇંગ-અપ કામગીરીને અનુસરીને પ્રશુલ્ક પર પસાર થનાર, ઉપલભ્ય પ્રોત્સાહન સહિત મંજૂર કરેલ પ્રાપ્તિ અને નુકશાન

૩૨. **સહાયકી તંત્ર-વ્યવસ્થા :**

૧ લી એપ્રિલ, ૨૦૧૬થી રાજય સરકાર આયોગ દ્વારા નક્કી કરાયેલ પ્રશુલ્કમાં કોઇ ગ્રાહક કે ગ્રાહકોના વર્ગને કોઇ સહાયકી મંજૂર કરવા માગે તો, રાજય સરકાર, અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે કોઇપણ આદેશ અપાયો હોય તેમ છતાં, આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી રીતે રાજય સરકાર દ્વારા પૂરી પડાયેલી સહાયકીનો અમલ કરવા પરવાનેદાર કે સંબંધિત બીજી

કોઇ વ્યક્તિ માટેની શરત તરીકે, સહાયકી આપવાથી અસર પામેલ વિતરણ પરવાનેદાર/વ્યક્તિને અગાઉથી તે રકમની ક્ષતિપૂર્તિ કરી આપશે.

પરંતુ આ વિનિયમોમાં સમાવિષ્ટ જોગવાઇઓ અનુસાર ચુકવણી ન કરી હોય તો રાજય સરકારનો આવો કોઇ આદેશ અમલી બનશે નહીં અને આયોગ દ્વારા નકકી કરાયેલ પ્રશુલ્ક, આ અંગે આયોગે આદેશ બહાર પાડ્યાની તારીખથી લાગુ પડશે.

## પ્રકરણ–૩

## નાણાકીય સિદ્ધાંતો

૩૩. **ડેબ્ટ–ઇક્વિટી ગુણોત્તર :**

પ્રશુલ્ક નક્કી કરવાના હેતુ માટે, ૦૧/૦૪/૨૦૧૬ થી કે તે પછી શરૂ થયેલાં નવાં વીજઉત્પાદન મથકો, પ્રવહન કે વિતરણ લાઇન કે પેટા–મથકના કેસમાં અથવા વિસ્તારેલ ક્ષમતા બાબત વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખના રોજ ડેબ્ટ–ઇક્વિટી ગુણોત્તર, શાણપણભરી તપાસ પછી વિનિયમ–૩૪ અન્વયે આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચની રકમના ૭૦:૩૦ રહેશે.

પરંતુ રોકેલ ખરેખર ઇકવીટી, આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચના ૩૦% કરતાં વધુ હોય ત્યાં પ્રશુલ્કના હેતુસર ઇક્વિટીની રકમ ૩૦% પૂરતી મર્યાદિત રહેશે અને બાકીની રકમ લોન તરીકે ગણવામાં આવશે.

પરંતુ વધુમાં, ખરેખરી ઇક્વિટી આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચના ૩૦% કરતાં ઓછી હોય ત્યાં, ખરેખરી ઇક્વિટી વિચારણામાં લેવાશે અને બાકીની રકમ ૭૦% સાધારણ લોન કરતાં વધુ હોય તો પણ લોન તરીકે વિચારાશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદાર, જે કોઇ હોય તેના કેસમાં, ૧લી એપ્રિલ, ૨૦૧૬ પહેલાં કરેલ મૂડી ખર્ચના કારણે સ્થાયી અસ્કયામતોનું મૂડીકરણ કરાયું હોય તો, ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજ પૂરી થતી મુદત માટે પ્રશુલ્ક નકકી કરવા આયોગે માન્ય કરેલ દેવા–ઇક્વિટીનો ગુણોત્તર વિચારણામાં લેવાશે.

પરંતુ અસ્કયામતોના ડિ–કેપિટલાઇઝેશન અથવા નિવૃતી કે ફેરબદલીના કેસમાં પણ ઉપર મંજૂર કર્યા મુજબ મંજૂર કરેલ ઇકવીટી મૂડી, ડિ–કેપિટલાઇઝ કરેલી અથવા નિવૃત કે ફેરબદલી કરાયેલ અસ્કયામતની મૂળ કિમંતના ૩૦% સુધી (અથવા તે ૩૦% કરતાં ઓછી હોય તો દસ્તાવેજી પુરાવા પર આધારિત ખરેખર ઇક્વિટી અંશ) ઘટાડાશે અને ઉપર દર્શાવ્યા મુજબ દેવા–મૂડી, ડિ–કેપિટલાઇઝડ કે નિવૃત કે ફેરબદલી કરાયેલ અસ્કયામતના મૂળ ખર્ચના, દસ્તાવેજી પુરાવા પર આધારિત ખરેખર દેવા અંશના પ્રમાણમાં ઘટાડાશે.

પરંતુ તબદીલી યોજનાને પરિણામે રચાયેલ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદાર માટે ઇકવીટી મૂડી નકકી કરવા, તબદીલી યોજનાની તારીખને અસરકારક તારીખ ગણવામાં આવશે.

૩૪. **મૂડી ખર્ચ :**

૩૪.૧ પરિયોજના માટે મૂડી ખર્ચમાં સમાવિષ્ટ થશે:

(ક) ડહાપણભરી તપાસ પછી આયોગે સ્વીકાર કર્યા મુજબ કરેલ અથવા કરવા વિચારેલ ખર્ચ કે જેમાં બાંધકામ દરમ્યાનના વ્યાજ ખર્ચ અને નાણા જોગવાઇ ખર્ચ, બાંધકામથી શરૂ કરીને પરિયોજનાના વાણિજ્યિક સંચાલનની તારીખ સુધીના ગાળા દરમિયાન લોન પર વિદેશી હૂંડિયામણ દરમાં ફેરફાર થવાને કારણે કોઇ પ્રાપ્તિ કે નુકશાનનો સમાવેશ થાય છે.

(ખ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલ ટોચના દરોને આધીન રહીને મૂડીકૃત પ્રારંભિક છૂટક ભાગો;

(ગ) વિનિયમ–૩૫ અન્વયે નકકી કરેલ વધારાનું મૂડીકરણ

પરંતુ જે અસ્કયામતો પરિયોજનાના ભાગરૂપ છે પરંતુ ઉપયોગમાં મૂકાયેલ નથી તેને મૂડી ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

૩૪.૨ આયોગે, શાણપણભરી તપાસ પછી સ્વીકારેલ મુડી ખર્ચ, પ્રશુલ્ક નિર્ધારણ માટેનો આધાર બનશે;

પરંતુ શાણપણભરી તપાસમાં મૂડી ખર્ચના વ્યાજબીપણાની ચકાસણી, નાણાધિરાણ યોજના, બાંધકામ દરમિયાનનું વ્યાજ કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ, વધુ ખર્ચ તથા વધુ સમય અને આયોગને પ્રશુલ્ક નકકી કરવા માટે યોગ્ય લાગે તેવી બીજી બાબતોનો સમાવેશ થશે.

૩૪.૩ મંજૂર કરાયેલ મૂડી ખર્ચ પ્રશુલ્ક નકકી કરવા વિચારણામાં લેવાશે અને મૂડી ખર્ચમાં કોઇપણ વધારા માટે પૂરતું વાજબી કારણ આપવામાં આવે તો આયોગ શાણપણભરી તપાસને આધીન રહીને તેની વિચારણા કરશે.

પરંતુ ખરેખરૂ મૂડી ખર્ચ મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં ઓછું હોય તો વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારનું પ્રશુલ્ક નકકી કરવા ખરેખરી મૂડી ખર્ચને વિચારણામાં લેવામાં આવશે.

૩૪.૪ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના ઓડિટ કરેલા હિસાબોને આધારે કામના મૂળ વ્યાપ માટે COD પરના ખરેખરી મૂડી ખર્ચને આયોગની શાણપણભરી તપાસને આધીન રહીને, મૂળ ખર્ચ પૂરતું મર્યાદિત રહિને વિચારણામાં લઈ શકાશે.

૩૪.૫ વીજખરીદી સમજૂતિ કે જથ્થાબંધ વીજપ્રવહન સમજૂતિ મૂડી ખર્ચની ટોચ-મર્યાદા પૂરી પાડે ત્યાં, ધ્યાનમાં લેવાનું મૂડી ખર્ચ આવી ટોચ-મર્યાદાથી વધવું જોઈએ નહીં.

૩૪.૬ વિનિયમ-૫૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે COD પૂર્વે, બળતણ ખર્ચ કરતાં અસ્થાયી વીજળીના વેચાણમાંથી મેળવેલ આવક વધુ હોય તો તે મૂડી ખર્ચ સામે સમાયોજીત કરવી.

૩૪.૭ મૂડી ખર્ચમાં નીચેની ટોચ-મર્યાદાના ધોરણોને આધીન રહીને કટ-ઓફ તારીખ સુધી પ્લાન્ટ અને યંત્ર-સામગ્રી ખર્ચની ટકાવારી તરીકે મૂડીકૃત પ્રારંભિક છૂટક ભાગો (spares) નો સમાવેશ થશે.

| | | |
|---|---|---|
| (ક) કોલસા અધારીત/ લિગ્નાઇટ પ્રજ્વલિત થર્મલ વીજઉત્પાદન મથકો | – | ૪.૦% |
| (ખ) ગેસ ટર્બાઇન/સંયુક્ત સાઇકલ થર્મલ વીજઉત્પાદન મથકો | – | ૪.૦% |
| (ગ) પંપથી સંગ્રહિત જળવિદ્યુત ઉત્પાદન મથક | – | ૪.૦% |
| (ઘ) પ્રવહન સિસ્ટમ અને વિતરણ સિસ્ટમ | | |
| (૧) પ્રવહન લાઇન અને વિતરણ લાઇન | – | ૧.૦% |
| (૨) પ્રવહન પેટા-મથક અને વિતરણ પેટા-મથક(ગ્રીન ફિલ્ડ) | – | ૪.૦% |
| (૩) પ્રવહન પેટા-મથક(બ્રાઉન ફિલ્ડ) | – | ૬.૦% |
| (૪) શ્રેણીબદ્ધ ક્ષતિપૂર્તિ ઉપકરણો અને HVDC મથક | – | ૪.૦% |
| (૫) ગેસ ઇંન્સ્યુલેટેડ પેટા મથક | – | ૫.0% |
| (૬) સંદેશા-વ્યવહાર સિસ્ટમ | – | ૩.૫% |

૩૪.૮ નિયંત્રણ મુદત દરમ્યાન અસ્કયામતોના ફેરમૂલ્યાંકનની અસરને છૂટ અપાશે, પરંતુ તેનાથી વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના પ્રશુલ્કમાં વધારો ન થવો જોઇએ.

૩૪.૯ આવી ફેરમૂલવણીમાંથી થતો કોઈપણ લાભ, વીજઉત્પાદન કંપનીના કેસમાં ક્ષમતા ચાર્જમાં હિસ્સેદાર વ્યક્તિઓને અને પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદારના લાંબાગાળાના આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશના ગ્રાહકોને કે છૂટક અને વિતરણ પરવાનેદારના કેસમાં પૂરવઠા ગ્રાહકોને, વાર્ષિક ટ્રુઇંગ-અપના સમયે મળશે.

૩૪.૧૦ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી એકમ કે વિતરણ પરવાનેદારને લાગુ પડે તે પ્રમાણે જૂની સ્થાયી અસ્કયામતોની ફેરબદલી, નવીકરણ અને આધુનિકીકરણ કે તેની આવરદામાં વધારા પરનું કોઈપણ ખર્ચ, આવી ફેરબદલી કરાયેલ અસ્કયામતોના મૂળ મૂડીમાંથી ચોખ્ખા મૂલ્યની માંડવાળ કર્યા પછી વિચારણામાં લેવાશે અને તેની ગણતરી નીચે મુજબ કરાશે.

ફેરબદલી કરાયેલ અસ્કયામતોનું ચોખ્ખું મૂલ્ય = OCFA-AD-CC;

જ્યાં

OCFA: ફેરબદલી કરાયેલ અસ્કયામતોનું મૂળ મૂડી ખર્ચ;

AD: ફેરબદલી કરાયેલ અસ્કયામતોને લગતું એકત્રિત ઘસારા ખર્ચ;

CC: ફેરબદલી કરાયેલ અસ્કયામતોને લગતો કૂલ ગ્રાહકો ફાળો

૩૫. **અધિક મૂડીકરણ :**

૩૫.૧ વાણિજ્યિક સંચાલનની તારીખ પછી અને કટ ઓફ તારીખ સુધી મૂળ કામકાજના ક્ષેત્રની અંદર નીચેના મુદ્દાઓ પર, નવી પરિયોજનાઓ અથવા ચાલુ પરિયોજનાઓ બાબતમાં ખરેખર કરેલ અથવા કરવા વિચારેલ મૂડી ખર્ચ, વિવેકપૂર્ણ તપાસને આધીન અહીને, આયોગ સ્વીકારશે.

(૧) ભવિષ્યની તારીખે ચૂકવવાપાત્ર હોવાનું માન્ય કરાયેલ એવી નહીં બજાવેલી જવાબદારીઓ;

(૨) કામોની અમલ-બજવણીમાં વિલંબ;

(૩) વિનિયમ ૩૪.૭ની જોગવાઈઓ અનુસાર, કામના ક્ષેત્રાધિકારની અંદર પ્રારંભિક મૂળ ભાગોની પ્રાપ્તિ

(૪) લવાદના ચુકાદા કે કાયદાની અદાલતના આદેશ કે હુકમનામાના પાલનને પહોંચી વળવાની જવાબદારીઓ.

(૫) કાયદામાં ફેરફાર અથવા હયાત કોઇપણ કાયદાનું પાલન :

પરંતુ ખર્ચના અંદાજ, જવાબદારીઓ કે જે ભવિષ્યની તારીખે ચૂકવવાપાત્ર હોવાનું માન્ય કરાયેલ છે તેની સાથે કામના મૂળ ક્ષેત્રાધિકારમાં સમાવિષ્ટ અસ્કયામતવાર/કામકાજ પ્રમાણેના ક્ષેત્રોની વિગતો અને અમલીકરણમાં વિલંબિત કામો, પ્રશુલ્ક નકકી કરવાની અરજી સાથે રજૂ કરવી.

૩૫.૨ કટ–ઓફ–ડેટ પછી કાર્યના મૂળ ક્ષેત્રાધિકારની અંદર નીચેના મુદ્દાઓ અંગે નવી પરિયોજના સંબંધમાં કરેલ કે કરવા વિચારેલ મૂડી ખર્ચ, આયોગ વિવેકપૂર્ણ તપાસ કરીને માન્ય કરી શકશે.

(૧) કાયદાની અદાલતના આદેશ કે ચુકાદાના પાલન અને લવાદના ચુકાદાને પરિપૂર્ણ કરવાની જવાબદારીઓ;

(૨) કાયદામાં ફેરફાર અથવા કોઇપણ ચાલુ કાયદાનું પાલન,

(૩) કાર્યના મૂળ ક્ષેત્રાધિકારમાં રાખ–તળાવના કે રાખની કામગીરી હાથ ધરવાની સિસ્ટમને લગતાં કામોમાં વિલંબ;

(૪) કટ–ઓફની તારીખ પહેલા અમલમાં મૂકેલ કામોની કોઇપણ જવાબદારી, આવી ન બજાવેલ જવાબદારીઓની વિગતોની વિવેકપૂર્ણ તપાસ કર્યા બાદની આવી જવાબદારી, પેકેજનું કૂલ અંદાજીત ખર્ચ, ચુકવણી આવી રીતે રોકી રાખવાના કારણો અને આવી ચૂકવણી છૂટી કરવી વગેરે.

૩૫.૩ ચાલુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન સિસ્ટમ તેમજ સંદેશા–વ્યવહાર સિસ્ટમ સંબંધમાં, કટ–ઓફ–તારીખ પછી નીચેના મુદાઓ અંગે કરેલ કે કરવા વિચારેલ મૂડી ખર્ચ, આયોગ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને સ્વીકારશે:

(૧) લવાદનો ચુકાદો કે કાયદાની અદાલતના હુકમ કે આદેશ કે ચુકાદાના પાલન પરિપૂર્ણ કરવાની જવાબદારીઓ;

(૨) કાયદામાં ફેરફાર અથવા કોઇ ચાલુ કાયદાનું પાલન;

(૩) રાષ્ટ્રીય સુરક્ષા/ આંતરિક સુરક્ષા માટે જવાબદાર વૈદ્યાનિક તંત્રોની યોગ્ય સરકારી સંસ્થાઓ દ્વારા અપાયેલી સલાહ કે આદેશાનુસાર સુરક્ષા અને સલામતીની જરૂરિયાતને કારણે કરવામાં આવનાર ખર્ચ;

(૪) કાર્યના મૂળ–ક્ષેત્રાધિકારમાં રાખના તળાવ કે રાખનું કામકાજ હાથ ધરવાની સિસ્ટમને લગતાં કામોમાં વિલંબ;

(૫) કટ–ઓફની તારીખ પહેલા અમલમાં મૂકેલ કામોની કોઇપણ જવાબદારી, આવી ન બજાવેલ જવાબદારીઓની વિગતોની વિવેકપૂર્ણ તપાસ કર્યા બાદની આવી જવાબદારી, પેકેજનું કૂલ અંદાજીત ખર્ચ, ચુકવણી આવી રીતે રોકી રાખવાના કારણો અને આવી ચૂકવણી છૂટી કરવી વગેરે;

(૬) કટ–ઓફ–તારીખ પછી ખરેખરી ચુકવણી દ્વારા આવી જવાબદારીઓ બજાવવા સુધીની આયોગે સ્વીકારેલ કામો માટેની કોઇપણ જવાબદારી;

(૭) કોઇપણ વધારાનું મૂડી ખર્ચ, જે યથાપ્રસંગ કોલસા/લિગ્નાઇટ આધારિત મથકો સિવાયના વીજઉત્પાદન મથકો કે પ્રવહન સિસ્ટમની કાર્યક્ષમ કામગીરી માટે જરૂરી બન્યું છે. આ હકદાવાને, ડોક્યુમેન્ટરી પૂરાવાઓ, જેવા કે, અસ્કયામતોમાં બગાડના કિસ્સામાં સ્વતંત્ર એજન્સી દ્વારા કરવામાં આવેલ પરિક્ષણ પરિણામો, કુદરતી આફતો દ્વારા થયેલ નુકશાનના કિસ્સામાં સ્વતંત્ર એજંન્સીનો અહેવાલ અને ક્ષતિસ્તર વધવાના કારણે ક્ષમતામાં વધારો થવાના તાંત્રિક કારણો સાથે પૂર્તતા કરવાની રહેશે.

(૮) જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં, કુદરતી આફતો ( પરંતુ વીજઉત્પાદન કંપનીની બેદરકારીને કારણે વીજળી ઘરના પૂરગ્રસ્ત થયેલ ન હોય) અને ભૌગોલિક કારણોસર થયેલ નુકશાનને કારણે જરૂરી બન્યું હોય તેવું કોઇપણ ખર્ચ, જે કોઇપણ વીમા યોજનાની ઉપજનું સમાયોજન કર્યા પછી અને સફળ તથા કાર્યક્ષમ પ્લાન્ટ કામગીરી માટે જરૂરી બનેલ કોઇપણ વધારાના કામને કારણે કરેલું ખર્ચ;

(૯) પ્રવહન સિસ્ટમના કેસમાં કોઇપણ વધારાનું ખર્ચ, જેવા કે રિલે, કંટ્રોલ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન, કમ્પ્યુટર સિસ્ટમ, વીજલાઇન વાહક સંદેશા–વ્યવહાર, ડીસી બેટરી, કાળગ્રસ્ત ટેકનોલોજીને કારણે ફેરબદલી, ક્ષતિસ્તર વધવાને કારણે સ્વિચયાર્ડ સાધન–સામગ્રીની ફેરબદલી, સંદેશા–વ્યવહાર સાધન–સામગ્રી, સંકટકાલિન, પુનઃસ્થાપન સિસ્ટમ, વિસંવાહક સફાઇ પૂર્વ જરૂરી સુવિધાઓ, પોલિમર ઇન્સ્યુલેટર સાથે પોર્સેલિન ઇન્સ્યુલેટરની ફેરબદલી, વિમા હેઠળ ન આવરી લેવાયેલ નુકશાન થયેલ સાધન–સામગ્રીની ફેરબદલી અને સફળ તથા કાર્યક્ષમ પ્રવહન સિસ્ટમ સંચાલન માટે જરૂરી બનેલ બીજું કોઇ ખર્ચ; અને,

(૧૦) વીજઉત્પાદન મથકના નિયંત્રણમાં ન હોય તેવા સંજોગોને પરિણામે થર્મલ વીજઉત્પાદન મથકની બાબતમાં સંપૂર્ણ કોલસા લિંકેજને આનુષંગિક કોલસા પુરવઠા અંગેની કામગીરી સફળ રીતે પાર નહીં પાડવાને કારણે બળતણ સ્વીકાર સિસ્ટમમાં જરૂરી કે કરેલા સુધારાઓને કારણે જરૂરી બનેલ વિવેકપૂર્ણ તપાસ પછી વાજબી જણાયેલ કોઇપણ મૂડી ખર્ચ;

પરંતુ કટ-ઓફ-ડેટ પછી ખરીદેલ ઓજારો અને સરંજામ, ફર્નિચર, એર-કંડીશનર, વોલ્ટેજ સ્ટેબિલાઇઝર્સ, રેફ્રિજરેટરો, કમ્પ્યુટરો, પંખાઓ, વોશિંગ મશીનો, હીટ કન્વેકટરો, શેતરંજીઓ, ગાલીચા વગેરે સહિતની ગૌણ વસ્તુઓ કે અસ્કયામતો મેળવવા માટે કરેલું કોઇપણ ખર્ચ, ૦૧/૦૪/૨૦૧૬થી પ્રશુલ્ક નકકી કરવા માટે વધારાના મૂડીરોકાણ માટે વિચારશે નહીં.

પરંતુ વધુમાં નવીકરણ અને આધુનિકીકરણ હેઠળ કરેલ ખર્ચ અથવા મરામત અને નિભાવ અન્વયે કોઇ ખર્ચનો હક્કદાવો કરવામાં આવે તો, તે ખર્ચની આ વિનિયમો હેઠળ માગણી કરી શકાશે નહીં.

યથાપ્રસંગ, પ્રશુલ્ક પર વધુ મૂડીકરણની અસર, નિયંત્રણ મુદતના દરેક, નાણાકીય વર્ષની ટ્રુ-અપ કામગીરી દરમિયાન વિચારણામાં લેવાશે.

૩૬. **ગ્રાહક ફાળો, અનામત કામ અને અનુદાન :**

૩૬.૧ પ્રવહન પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર અને વિતરણ પરવાનેદાર દ્વારા હાથ ધરાયેલ નીચે મુજબ કામના સ્વરૂપનું આ કક્ષામાં વર્ગીકરણ કરવું:

(ક) અનામત કામોના સંદર્ભમાં વપરાશકર્તાઓ પાસેથી ફંડનો ભાગ કે તમામ ફંડ મેળવ્યા પછીના કામો;

(ખ) રાજય અને કેન્દ્ર સરકાર પાસેથી મળેલ અનુદાન અને વિવિધ યોજનાઓ હેઠળના ફંડનો ઉપયોગ કરીને હાથ ધરેલ મૂડી કામો;

(ગ) સમાન સ્વરૂપનું બીજું કોઇ અનુદાન અને તે પાછું વાળવાની કોઇ જવાબદારી વિના મળેલી આવી સહાય અને જેની સાથે કોઇ વ્યાજ ખર્ચ જોડાયેલું ન હોય તેવી આશિંક મદદ.

૩૬.૨ આવા મૂડી ખર્ચ પરનું ખર્ચ નીચે મુજબ ગણવામાં આવશે.

(ક) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સાધારણ સંચાલન અને નિભાવ ખર્ચને મંજૂરી અપાશે;

(ખ) ડેબ્ટ-ઇક્વિટી ગુણોત્તર, ગ્રાહક ફાળો, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત પૂરા પડાયેલ નાણાકીય સહાયની રકમ બાદ કર્યા પછી, વિનિયમ-૩૩ અનુસાર વિચારવામાં આવશે.

(ગ) વિનિયમ-૩૯માં નિર્દિષ્ટ કર્યા પ્રામાણે ઘસારા-ખર્ચ સંબંધી જોગવાઇઓ;

(ઘ) વિનિયમ-૩૭ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઇક્વિટી પરના રિટર્નને લગતી જોગવાઇઓ, ગ્રાહક ફાળા, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત પૂરા પડાયેલા નાણાકીય સહાયને લાગુ પડશે નહીં.

(ચ) વિનિયમ-૩૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લોન મૂડી પરના વ્યાજને લગતી જોગવાઇઓ ગ્રાહક ફાળા, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત પૂરી પડાયેલ નાણાકીય સહાયને લાગુ પડશે નહીં.

૩૭. **ઇક્વિટી પર રીટર્ન :**

૩૭.૧ યથાપ્રસંગ, વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો પર, વિનિયમ-૩૩ અનુસાર નકકી કરાયેલ ભરપાઇ થયેલ ઇક્વિટી મૂડી પર, ઇક્વિટી પરનું રિટર્ન ગણવામાં આવશે અને તે ૨૫ મે.વો ઉપરના જળવિદ્યુત મથકો સહિત વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ૧૪%ના દરે અપાશે.

પરંતુ વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ઇક્વિટી પર રિર્ટન, દરેક નાણાકીય વર્ષ શરૂ થતાં ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો માટે અપાયેલ ઇક્વિટી મૂડીની રકમ અને નાણાકીય વર્ષ દરમિયાન ઉપયોગમાં મૂકેલી મૂડીરોકાણ માટે મળવાપાત્ર ખર્ચના ઇક્વિટી મૂડી ભાગના ૫૦% પર મળશે.

પરંતુ વધુમાં વીજઉત્પાદન કંપની, પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે ટ્રુ-અપ કામગીરીના હેતુસર, ઇક્વિટી પર રીટર્ન, વર્ષ દરમિયાન ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો માટે જોગવાઇ કરાયેલ દસ્તાવેજી પુરાવાને આધારે મળશે.

૩૭.૨ શેરમૂડી ઇશ્યૂ કરતી વખતે અને જો કોઇ હોય તો તેવા મુક્ત અનામતમાંથી ઉભા કરેલ આંતરિક સાધનોના રોકાણ વખતે, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ઉભા કરાયેલ પ્રીમીયમ, ઇક્વિટી પરના રિટર્નની ગણતરી માટે ભરાયેલી મૂડી તરીકે ગણવામાં આવશે, પરંતુ એ શરતે કે આવા પ્રીમીયમની રકમ અને આંતરિક સાધનોના મૂડી ખર્ચને પહોંચી વળવા ખરેખર વાપરવામાં આવે અને આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચના ૩૦%ની ટોચ-મર્યાદામાં હોય.

૩૭.૩ વિદેશી ચલણમાં રોકેલી ઇક્વિટી, તે મળ્યાની તારીખે પ્રવર્તમાન હોય તેવા હૂંડિયામણ દરને આધારે રૂપિયાના ચલણમાં રૂપાંતરિત કરાશે.

**૩૮. વ્યાજ અને નાણા વ્યવસ્થા ખર્ચ :**

૩૮.૧ વિનિયમ–૩૩માં દર્શાવેલી રીતે, ઉપયોગમાં મૂકેલ અસ્કયામતો પર મળેલી લોન, લોન પરના વ્યાજની ગણતરી માટે એકંદર સાધારણ લોન તરીકે ગણવામાં આવશે.

પરંતુ, ચાલુ મૂડી કામો પરના વ્યાજ અને નાણા વ્યવસ્થા ખર્ચને બાકાત કરવામાં આવશે.

પરંતુ, અસ્કયામતોના ડિકેપિટલાઇઝેશન કે નિવૃતિ કે ફેરબદલીના કેસમાં, ઉપર દર્શાવ્યા મુજબ મંજૂર કરેલ લોન મૂડી, દસ્તાવેજી પુરવાને આધારે ડિ–કેપિટલાઇઝેશન કરેલી કે નિવૃત્ત કે ફેરબદલી કરાયેલ અસ્કયામ્તોના મૂળ ખર્ચના બાકી લોન અંશના પ્રમાણમાં ઘટાડાશે.

૩૮.૨ ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ બાકી સાધારણ લોન, આયોગે ૩૧ માર્ચ, ૨૦૧૬ સુધી મંજૂર કર્યા પ્રમાણે એકત્રિત ભરપાઈની રકમ, એકંદર સાધારણ લોનમાંથી બાદ કરીને ગણવામાં આવશે.

૩૮.૩ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭થી નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ સુધીની નિયંત્રણ મુદત દરમિયાન વર્ષ માટેની પરત ચૂકવણીની રકમ, તે વર્ષ માટે મંજૂર કરાયેલ ઘસારા–ખર્ચ જેટલી હોય તેમ માનવામાં આવશે.

૩૮.૪ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર દ્વારા યથાપ્રસંગ મેળવેલ કોઇ દેવા–મોકુફી મુદત હોય તેમ છતાં, લોનની પરત ચૂકવણી, પરિયોજનાની વાણિજ્યિક કામગીરીના પ્રથમ વર્ષથી ગણવામાં આવશે અને તે મંજૂર કરાયેલ વાર્ષિક ઘસારા–ખર્ચની બરાબર હશે.

૩૮.૫ વ્યાજનો દર, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને લાગુ પડતા દરેક વર્ષની શરૂઆતમાં ખરેખર લોન પોર્ટફોલિયોને આધારે ગણી કાઢેલ વેઇટેજ (મૂલ્યાંકન કરાયેલ) સરેરાશ વ્યાજનો દર રહેશે.

પરંતુ ટ્રુ–અપ સમયે, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને વર્ષ દરમ્યાન લાગુ પડતા ખરેખર લોન પોર્ટફોલીયોને ધ્યાનમાં રાખી ગણેલા વેઇટેજ સરેરાશ વ્યાજનો દર, વ્યાજદર તરીકે ધ્યાનમાં લેવામાં આવશે.

પરંતુ ચોકકસ વર્ષ માટે ખરેખર લોન ન હોય પરંતુ સાધારણ લોન હજુ બાકી હોય તો, ખરેખરી લોન માટે છેલ્લે ઉપલભ્ય વેઇટેજ સરેરાશ વ્યાજ દરને ગણતરીમાં લેવાશે.

પરંતુ, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ, ખરેખરી લોન ધરાવતા ન હોય, તો પછી આયોગ દ્વારા નિયંત્રિત વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના અન્ય ધંધાના વેઇટેજ સરેરાશ વ્યાજ દરને વિચારણામાં લેવાશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ, ખરેખરી લોન ધરાવતા ન હોય અને વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના અન્ય ધંધા માટે પણ ખરેખર કોઇ લોન ન હોય તો વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે સમગ્ર તરીકે વેઇટેજ સરેરાશ વ્યાજ દર ધ્યાનમાં લેવામાં આવશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર પાસે સમગ્ર તથા ખરેખરી લોન ન હોય તો પછી, બેંક દર વત્તા ૨૦૦ મૂળભૂત પોઇન્ટને સાધારણ લોન પરના વ્યાજને માન્ય રાખવાના હેતુસર વ્યાજના દર તરીકે ગણવામાં આવશે.

૩૮.૬ લોન પરનું વ્યાજ, વેઇટેજ સરેરાશ વ્યાજ દર લાગુ પાડીને વર્ષની સાધારણ સરેરાશ લોન પર ગણવામાં આવશે.

પરંતુ ટ્રુ–અપ કરતી વખતે વર્ષ માટે આયોગે મંજૂર કરેલ ખરેખર અસ્કયામત મૂડીકરણના આધારે વર્ષની સાધારણ સરેરાશ લોન ગણવામાં આવશે.

૩૮.૭ નિર્દિષ્ટ કે અન્યથા લોન પરના ઉપર મુજબની વ્યાજની ગણતરીમાંથી વિજઉત્પાદન કંપની કે પ્રવાહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર દ્વારા ગ્રાહકના ફાળો અનુદાન કે અનામત હેઠળના કામો માટે મળેલ મૂડી ખર્ચના ફંડને તે પ્રમાણસર બાદ કરવામાં આવશે.

૩૮.૮ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર, યથા પ્રસંગ વ્યાજ પર ચોખ્ખી બચતમાં તે પરિણામે તેટલા સમય સુધી લોનનું પુનર્ધિરાણ કરવાનો દરેક પ્રયત્ન કરશે અને તેવા પ્રસંગે આવા પુનર્ધિરાણ સાથે સંકળાયેલ ખર્ચ હિતાધિકારીઓએ ભોગવવાનું રહેશે અને ચોખ્ખી બચત, હિતાધિકારીઓ તથા યથાપ્રસંગ

વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર વચ્ચે ૨:૧ ના ગુણોત્તરમાં વહેંચાશે.

૩૮.૯ પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા અને છૂટક વપરાશકર્તા પાસે રોકડમાં જામીન અનામત તરીકે રખાયેલી રકમ પર, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ બેંક દરે વ્યાજ આપવામાં આવશે.

૩૯. **ઘસારા ખર્ચ :**

૩૯.૧ ઘસારા ખર્ચ માટે આયોગ દ્વારા સ્વીકારાયેલ અસ્કયામતોના મૂડીગત ખર્ચ મૂલ્ય આધાર બનશે.

૩૯.૨ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારને તેમના સંબંધિત ધંધામાં વપરાયેલ સ્થાયી અસ્કયામતોના મૂલ્ય પર ઘસારા ખર્ચ વસૂલ કરવાની છૂટ રહેશે, જેની ગણતરી નીચે મુજબ કરાશે.

(ક) પરિયોજના/સ્થાયી અસ્કયામતોની મંજૂર કરેલ મૂળ કિંમત, ઘસારા ખર્ચની ગણતરી માટે મૂલ્ય આધાર બનશે.

(ખ) આ વિનિયમોના જોડાણ–૧માં નિર્દિષ્ટ કરેલા દરે સીધી રેખાની પદ્ધતિને આધારે ઘસારા ખર્ચની વાર્ષિક ગણતરી કરાશે.

પરંતુ વાણિજ્યિક સંચાલનની તારીખથી ૧૨ વર્ષની મુદત પછી બંધ થતા વર્ષ ની ૩૧મી માર્ચના રોજ બાકીના ઘસારા–ખર્ચનું મૂલ્ય અસ્કયામતની બાકીની ઉપયોગી આવરદા મુજબ વહેંચવામાં આવશે.

પરંતુ તબદીલી યોજનાને પરિણામે રચાયેલ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર માટે તબદીલી યોજના અંતર્ગત તબદીલ કરાયેલ અસ્કયામતો પર ઘસારા ખર્ચ તબદીલ યોજનાની તારીખથી ૧૨ વર્ષની મુદત માટે આ વિનિયમોમાં નિર્દિષ્ટ દર અનુસાર ચાર્જ કરાશે અને ત્યારપછી ઘસારા ખર્ચ અસ્કયામતોની બાકીની ઉપયોગી આવરદા પ્રમાણે વહેંચાશે.

પરંતુ ગ્રાહક ફાળો, અનામત કામ, મૂડી સહાયકી કે અનુદાન મારફત નાણા–વ્યવસ્થા કરાયેલ અસ્કયામતો પરનું ઘસારા ખર્ચ વાર્ષિક હિસાબો મુજબ ગણવામાં આવશે.

પરંતુ તબદીલી યોજનાની તારીખ પછી ચાર્જ કરેલ ઘસારા ખર્ચ ફરીથી જણાવાશે નહીં.

પરંતુ વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર આ વિનિયમો હેઠળ જરૂરી હોય તે પ્રમાણે અને ઉપરના હક્કદાવાના સમર્થન માટે આયોગે વખતોવખત નિયત કર્યા મુજબ આવી તમામ વિગતો કે દસ્તાવેજી પુરાવા રજુ કરશે.

પરંતુ વીજઉત્પાદન કંપની કે વીજઉત્પાદન એકમ કે પ્રવહન સિસ્ટમ, યથાપ્રસંગ નબળી પ્રાપ્યતાને કારણે કોઇ ઘસારા ખર્ચ માન્ય ન કરાય તો, તેની ઉપયોગી આવરદા દરમ્યાન પાછલા તબક્કે તે વસૂલ કરવાની છૂટ મળશે નહીં.

(ગ) અસ્કયામતોનું બચાવ મૂલ્ય માન્ય રખાયેલ મૂડી ખર્ચના ૧૦% ગણવામાં આવશે અને ઘસારા ખર્ચ, અસ્કયામતોના માન્ય રખાયેલ મૂડી ખર્ચના અધિકતમ ૯૦% સુધી માન્ય રખાશે.

પરંતુ જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં રાજ્ય સરકાર કે વિકાસકર્તા દ્વારા સહી કરાયેલ યથાપ્રસંગ, કરારમાં જોગવાઇ કર્યા મુજબ કોઇ બચાવ મૂલ્ય રહેશે.

૩૯.૩ પટ્ટા–કરાર(લીઝ) હેઠળ ધારણ કરેલ જમીન સિવાયની જમીન અને જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં જળાશયની જમીન ઘસારા ખર્ચપાત્ર અસ્કયામત ગણાશે નહીં અને તેનું ખર્ચ અસ્કયામતનું ઘસારા ખર્ચ મૂલ્ય ગણતી વખતે મૂડી ખર્ચમાંથી બાદ કરાશે.

૩૯.૪ ચાલુ પરિયોજનાઓના કેસમા ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ મુજબ બાકીનું ઘસારા–ખર્ચનું મૂલ્ય, ૩૧મી માર્ચ, ૨૦૧૬ સુધી આયોગે સ્વીકાર્યા પ્રમાણે એકત્રિત ઘસારા ખર્ચને અસ્કયામતના એકંદર મૂલ્યમાંથી બાદ કરીને ગણવામાં આવશે.

૩૯.૫ વર્ષના અમુક ભાગ માટે અસ્કયામતના અંદાજીત વાણિજ્યિક સંચાલનના કેસમાં, આયોગે મંજૂર કરેલ અસ્કયામતના ખૂલતા અને બંધ થતા મૂલ્યના સરેરાશને આધારે ગણવામાં આવશે.

પરંતુ મૂડીકરણની તારીખે ઘસારા-ખર્ચ પ્રમાણસર ગણી કાઢેલ છે તેવી આયોગની વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને અરજદારે મૂડીકૃત કરેલ અસ્કયામતના દસ્તાવેજી પુરાવાને આધારે નિયંત્રણ મુદતના દર વર્ષે ટ્રુઇંગ–અપ કરવાની કામગીરીના સમયે મૂડીકૃત કરેલ અસ્કયામતોની ટ્રુઇંગ–અપ કરવા દરમિયાન ઘસારા–ખર્ચ ફરીથી ગણવામાં આવશે.

૪૦. **કાર્યકારી મૂડી પર વ્યાજ :**

૪૦.૧ વીજ ઉત્પાદન

(ક) કોલસા આધારિત/તેલ આધારિત/ લિગ્નાઇટ પ્રજ્વલિત મથકોના કેસમાં, કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે;

(૧) પિટ–હેડ વીજઉત્પાદન મથકો માટે એક મહિનાનું અને પિટ–હેડ સિવાયના વીજઉત્પાદન મથકો માટે દોઢ મહિનાનું કોલસા કે લિગ્નાઇટનું લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ ખર્ચ; વત્તા

(૨) લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ એક(૧) મહિના માટે તેલનું ખર્ચ; વત્તા

(૩) લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ બે(૨) મહિના માટે ગૌણ બળતણ તેલનું ખર્ચ; વત્તા

(૪) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા

(૫) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૬) લક્ષ્યાંક પ્રાપ્યતાને આધારે ગણી કાઢેલ વાર્ષિક સ્થાયી ચાર્જ અને વીજળી ચાર્જના એક મહિનાના સરવાળાની સમતુલ્ય વીજળી વેચાણમાંથી મળવાપાત્ર :

પરંતુ પોતાના વીજઉત્પાદન મથકોના કેસમાં, આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડી ગણવામાં, વીજઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધા દ્વારા વીજળી પુરવઠાના પ્રમાણમાં કોઇ રકમ મળવાપાત્ર રહેશે નહીં.

પરંતુ વધુમાં, કોઇ વર્ષ માટે ટ્રુ–અપ કામગીરી કરતી વખતે, ટ્રુ–અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાત ફરીથી ગણી કાઢવામાં આવશે.

(ખ) ગેસ ટર્બાઇન/ સંયુક્ત સાઇકલ વીજઉત્પાદન મથકોના કેસમાં કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે.

(૧) ગેસ બળતણ અને/અથવા પ્રવાહી બળતણને આધારે ઉત્પાદન મથકના સંચાલનની પદ્ધતિને યોગ્ય રીતે ધ્યાનમાં લઇને, લક્ષ્યાંક પ્રાપ્યતા પરિબળને અનુરૂપ એક(૧) મહિના માટેનું બળતણ ખર્ચ; વત્તા

(૨) લક્ષ્યાંત પ્રાપ્યતાને અનુરૂપ, પંદર(૧૫) દિવસ માટે પ્રવાહી બળતણ સ્ટોક; વત્તા

(૩) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા

(૪) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૫) ગેસ બળતણ અને પ્રવાહી બળતણને આધારે વીજઉત્પાદન મથકના સંચાલનની પદ્ધતિ યોગ્ય રીતે વિચારણામાં લઇને, સાધારણ પ્લાન્ટ પ્રાપ્યતા પરિબળ પર ગણી કાઢેલ; સમતુલ્ય વીજળી વેચાણ માટે એક મહિનાના ક્ષમતા ચાર્જ અને વીજળી ચાર્જની સમતુલ્ય મળવાપાત્ર રકમ

પરંતુ પોતાના વીજઉત્પાદન મથકોના કેસમાં, આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડીની ગણતરીમાં વીજઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધાને પૂરી પડાતી વીજળીના પ્રમાણમાં મળવાપાત્ર રકમ પેટે કોઇ રકમ મળશે નહીં.

પરંતુ વધુમાં, કોઇ વર્ષ માટે ટ્રુ–અપ કરતી વખતે, ટ્રુ–અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાતની ફરીથી ગણતરી કરાશે.

(ગ) જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં, કાર્યકારી મૂડીમાં આવરી લેવાશે:

(૧) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ;

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો અને

(૩) એક(૧) મહિનાના નિયત ખર્ચની સમતુલ્ય મળાવાપાત્ર રકમ

પરંતુ પોતાના વીજઉત્પાદન મથકોના કેસમાં આ વિનિયમો અનુસાર કાર્યકારી મૂડી ગણવામાં, વીજઉત્પાદન ધંધાથી છૂટક પુરવઠા ધંધાને વીજળી પુરવઠાના પ્રમાણમાં મળવાપાત્ર રકમ પેટે કોઇ રકમ મળશે નહીં.

પરંતુ કોઇપણ વર્ષે ટ્રુ–અપ કામગીરી કરતી વખતે ટ્રુ–અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડી જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ઘ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઇ વર્ષના ટ્રુ–અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરનું વ્યાજ નાણાકીય વર્ષ દરમ્યાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૨ **પ્રવહન**

(૧) પ્રવહન પરવાનેદારને નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે વ્યાજ અપાશે, જે નીચે મુજબ ગણવામાં આવશે.

(૧) એક(૧) મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા

(૨) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાણવણી વધારો; વત્તા

(૩) લક્ષ્યાંક પ્રાપ્યતા સ્તરે ગણી કાઢેલ એક(૧) મહિનાના પ્રવહન ખર્ચની સમતુલ્ય મળવાપાત્ર રકમ;

બાદ

(૪) પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા પાસેથી બેંક ગેરંટી સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાયની જામીન અનામત કોઇ રાખેલ હોય તો, તેની રકમ

પરંતુ કોઇ વર્ષ માટે ટ્રુ-અપ કામગીરી વખતે, ટ્રુ-અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ર) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઇ વર્ષ ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરનું વ્યાજ નાણાકીય વર્ષ દરમિયાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૩ **રાજ્ય વીજભાર રવાંનગી કેન્દ્ર :**

(ક) નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે રાજ્ય વીજભાર રવાનગી કેંન્દ્રને વ્યાજ મળશે, જે નીચે મુજબ ગણવામાં આવશે.

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા;

(ર) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રમાંથી ૧૫ દિવસની અપેક્ષિત આવકની સમતુલ્ય મેળવવાપાત્ર રકમ; વત્તા

પરંતુ કોઇ વર્ષની ટ્રુ-અપ કામગીરી વખતે, ટ્રુ-અપ કામગીરીમાં આયોગ દ્વારા મંજૂર કરીયેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યના આધારે કાર્યકારી મૂડી જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઇ વર્ષના ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરંતુ વ્યાજ નાણાકીય વર્ષ દરમ્યાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૪ **વિતરણ વાયર ધંધો :**

(ક) નાણાકીય વર્ષ માટે વિતરણ વાયર ધંધા માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે, વ્યાજની વિતરણ પરવાનેદારને છૂટ અપાશે, જેની ગણતરી નીચે મુજબ કરાશે :

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા;

(ર) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) વિતરણ વાયરના ઉપયોગ માટેના ચાર્જમાંથી પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે, અપેક્ષિત આવકની એક(૧) મહિના માટે સમતુલ્ય મળવાપાત્ર રકમ, બાદ

(૪) બેંક ગેરંટી સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાય વિતરણ સિસ્ટમના વપરાશકર્તા પાસેથી અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ-૧ના ખંડ (બી) અન્વયે જામીન અનામત તરીકે કોઇ રકમ રાખી હોય તો તે રકમ:

પરંતુ કોઇપણ વર્ષ માટે ટ્રુ-અપ કામગીરી કરતી વખતે ટ્રુ-અપ કામગીરીમાં આયોગ દ્વારા મંજૂર કરાયેલી કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યોને આધારે કાર્યકારી મૂડીની જરૂરિયાતની ફેરગણતરી કરાશે.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઇ વર્ષના ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરંતુ વ્યાજ નાણાકીય વર્ષ દરમિયાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૫ **છૂટક વીજળી પુરવઠો :**

(ક) વિતરણ પરવાનેદારને નાણાકીય વર્ષ માટે કાર્યકારી મૂડીના અંદાજીત સ્તરે વ્યાજ લેવા દેવામાં આવશે. જેની ગણતરી નીચે મુજબ કરાશે.

(૧) એક મહિના માટે સંચાલન અને નિભાવ ખર્ચ; વત્તા;

(ર) ઐતિહાસિક ખર્ચના એક(૧) ટકા જાળવણી વધારો; વત્તા

(૩) પ્રવર્તમાન પ્રશુલ્ક પ્રમાણે વીજળીના વેચાણમાંથી એક(૧) મહિનાની અપેક્ષિત આવકની સમતુલ્ય મળવાપાત્ર રકમ.

બાદ

બેંક ગેરંટીના સ્વરૂપે રાખેલ જામીન અનામત સિવાય ગ્રાહકો પાસેથી અધિનિયમની કલમ-૪૭ની પેટા કલમ-(૧)ના ખંડ(એ) અને ખંડ(બી) હેઠળ જામીન અનામત તરીકે રાખેલી રકમ :

પરંતુ કોઇપણ વર્ષ માટે ટ્રુ-અપ કામગીરી વખતે, ટ્રુ-અપ કામગીરીમાં આયોગે મંજૂર કરેલ કાર્યકારી મૂડીના ઘટકોના મૂલ્યોને આધારે કાર્યકારી મૂડી જરૂરિયાતની ફેર ગણતરી કરાશે.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ, પીટીશન દાખલ કરાઇ હોય તે નાણાકીય વર્ષના ૧લી એપ્રિલના રોજના સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય દરે અપાશે.

પરંતુ કોઇ વર્ષના ટ્રુ-અપની કામગીરી વખતે, કાર્યકારી મૂડી પરંતુ વ્યાજ નાણાકીય વર્ષ દરમિયાન પ્રવર્તમાન સરેરાશ સ્ટેટ બેંક બેઝ દર વત્તા ૨૫૦ મૂળભૂત પોઇન્ટ સમતુલ્ય માન્ય રાખવામાં આવશે.

૪૦.૬ દર વર્ષે ટ્રુ-અપ કામગીરીના હેતુસર, ટ્રુ-અપ કામગીરી વખતે ગણેલ કાર્યકારી મૂડી પરનું સામાન્ય વ્યાજ અને પુરાવાથી સમર્પિત, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારે કરેલ કાર્યકારી મૂડી પરના ખરેખરા વ્યાજ વચ્ચેના તફાવતને નિયંત્રણપાત્ર પરિબળોને કારણે, યથાપ્રસંગ, કાર્યક્ષમતા પ્રાપ્તિ અને કાર્યક્ષમતા નુકશાન તરીકે ગણવામાં આવશે અને વિનિયમ-૨૪ અનુસાર સંબંધિત હિતાધિકારી અથવા ગ્રાહક વચ્ચે યથાપ્રસંગ વહેંચાશે.

પરંતુ કાર્યક્ષમતા પ્રાપ્તિ કે કાર્યક્ષમતા નુકશાન યથાપ્રસંગ વેંચતા પહેલાં, કાર્યકારી મૂડી પરના ખરેખર વ્યાજની ચૂકવણી મળવામાં વિલંબનો ફાળો, કાર્યકારી મૂડી પરના ખરેખરા વ્યાજમાંથી બાદ કરાશે.

**૪૧. આવક પર કર :**

૪૧.૧ આયોગ તેના બહુવર્ષીય હુકમમાં, સમજદારીભરી તપાસને આધીન રહીને, અરજદાર માટે ઉપલબ્ધ છેલ્લા ઓડિટ કરેલા હિસાબો, જો હોય તો, તે અનુસાર ચૂકવેલ ઉપકર અને સરચાર્જ સહિત ખરેખર આવક વેરા પર આધાર રાખીને નિયંત્રણ મુદત, જો હોય તો, તેના દરેક વર્ષે ચૂકવવાપાત્ર આવકવેરો કામચલાઉ મંજૂર કરશે.

૪૧.૨ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારના નિયંત્રિત ધંધાના આવક સ્ટ્રીમ પર મંજૂર કરેલ અને ખરેખર ચૂકવેલ ઉપકર અને સરચાર્જ સહિત આવકવેરા વચ્ચેનો તફાવત, કોઇ હોય તો, તે વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદારો પાસેથી, સમજદારભરી તપાસને આધીન રહીને નિયંત્રણ મુદતની દર વર્ષે ટ્રુ-અપ કરવાના સમયે રજૂ કરાતા દસ્તાવેજી પુરાવાને આધારે ભરપાઇ કરાશે/વસૂલ કરાશે.

૪૧.૩ હિતાધિકારીઓ કે ગ્રાહકો પાસેથી તેમના પર લગાડેલ આવા કરને કારણે કરેલી ઓછી વસૂલાત કે વધુ વસૂલાત વૈધાનિક ઓડિટરો દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે, ૧૯૬૧ના આવકવેરા અધિનિયમ અન્વયે આવકવેરા મૂલ્યાંકનને આધારે દર વર્ષે સમાયોજન કરાશે. વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ તેની ટ્રુ-અપ કરવાની પીટીશનમાં આ તફાવતનો સમાવેશ કરી શકશે.

પરંતુ હાર્દરૂપ ધંધા સિવાયના કોઇ આવક પ્રવહન પરનો કર, પ્રશુલ્કના પસાર થતો ઘટક બનશે નહીં અને બીજી આવક પરનો કર વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ ભોગવશે.

**૪૨. રિબેટ :**

૪૨.૧ વિજ ઉત્પાદન પ્રશુલ્ક કે પ્રવહન ચાર્જીસને વિજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર દ્વારા યથાપ્રસંગ. લેટર ઓફ ક્રેડીટ કે બીજા માધ્યમ દ્વારા, બિલ રજૂ કર્યાના ૭ દિવસમાં બીલ ચૂકવણી માટે બિલ રકમ પર ૨% રીબેટ મંજૂર કરવામાં આવશે જેમાંથી કર, ઉપકર, જકાત વિગેરે બાદ કરવામાં આવશે.

૪૨.૨ પાછળથી વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર દ્વારા યથાપ્રસંગ, લેટર ઓફ ક્રેડિટ ખોલીને કે અન્યથા, પરંતુ બિલ રજૂ કર્યાના એક મહિનાની મુદતમાં ચૂકવણી કરવામાં આવે ત્યાં કર, ઉપકર, જકાત વગેરે બાદ કરીને બિલની રકમના ૧%ના દરે રિબેટ અપાશે.

૪૨.૩ બિલ રજૂ કર્યાના ૭ દિવસની અંદર ગ્રાહકો દ્વારા છૂટક પ્રશુલ્કની ચૂકવણી માટે, કર, ઉપકર, જકાત વગેરે બાદ કરીને બિલની રકમ પર ૧% રિબેટ આપી શકાશે.

૪૨.૪ વિતરણ પરવાનેદાર દ્વારા અર્જીત આવા રિબેટને વિતરણ પરવાનેદાર માટે બિન-પ્રશુલ્ક આવક હેઠળ ગણવામાં આવશે.

૪૨.૫ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર દ્વારા હિતાધિકારીને અપાતુ આવું રિબેટ, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે વિતરણ પરવાનેદાર માટે, યથાપ્રસંગ તે ખર્ચ તરીકે ગણવા દેવામાં આવશે નહીં.

**૪૩. વિલંબિત ચુકવણી સરચાર્જ :**

હિતાધિકારી દ્વારા વીજઉત્પાદન પ્રશુલ્ક કે પ્રવહન ચાર્જના બિલોની ચૂકવણીમાં બીલની તારીખથી ૩૦ દિવસ કરતાં વધુ સમયનો વિલંબ કરાય તો વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર જે હોય તે, વિલંબની મુદત માટે બિલની રકમ પર માસિક ૧.૨૫%ના દરે મોડી ચુકવણી માટે સરચાર્જ વસૂલ કરશે.

**૪૪. વિદેશી હૂંડિયામણ દરમાં તફાવત :**

૪૪.૧ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર યથાપ્રસંગ વીજ ઉત્પાદન મથક અને પ્રવહન સિસ્ટમ કે વિતરણ સિસ્ટમ માટે મેળવેલ વિદેશી લોનની ભરપાઇ અને વિદેશી ચલણની લોન પરના વ્યાજની ચુકવણી બાબતમાં, વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર તેમના વિવેકાધિકાર પ્રમાણે આંશિક કે પૂરેપૂરી રકમ અંગે વિદેશી હૂંડિયામણ એકસ્પોઝર હેજ ઉભી કરી શકે.

૪૪.૨ દરેક વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર વર્ષથી વર્ષના ધોરણે, પ્રસ્તુત્ત વર્ષમાં, સાધારણ વિદેશી દેવાને અનુરૂપ વિદેશી હૂંડિયામણના દરના તફાવતનું હેજીંગ ખર્ચ, જે મુદતમાં ઉભું થાય તે મુદતમાં ખર્ચ તરીકે વસૂલ કરાશે અને આવા વિદેશી હૂંડિયામણ દર તફાવતને અનુરૂપ વધારાના રૂપિયાની જવાબદારી, હેજ કરેલ વિદેશી દેવાની સામે મંજૂર કરાશે નહીં.

૪૪.૩ વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર વિદેશી હૂંડિયામણ એકસ્પોઝર હેજ ન કરી શકે તેટલી માત્રામાં પ્રસ્તુત વર્ષમાં સાધારણ વિદેશી ચલણને અનુરૂપ વ્યાજ ચુકવણી અને લોન ભરપાઇ પેટે વધારાના રૂપિયાની જવાબદારીની છૂટ આપવાપાત્ર રહેશે, પરંતુ તે વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર કે તેના પુરવઠાકારો કે કોન્ટ્રાકટરોને કારણે ઊભી થયેલ ન હોવી જોઇએ.

**૪૫. વિદેશી હૂંડિયામણ દર તફાવતના હેજીંગ ખર્ચની વસૂલાત :**

દરેક વીજ ઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદાર કે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર કે વિતરણ પરવાનેદાર હેજીંગનું ખર્ચ અને વર્ષથી વર્ષના ધોરણે વિદેશી હૂંડિયામણ દરમાં તફાવત તે જે મુદતમાં ઊભો થયેલ હોય તે મુદતમાં આવક કે ખર્ચ તરીકે વસૂલ કરશે.

## પ્રકરણ–૪

## ઉત્પાદન

**૪૬. પ્રયોજયતા :**

૪૬.૧ આ પ્રકરણમાં નિર્દિષ્ટ વિનિયમો વીજઉત્પાદનના પરંપરાગત સ્ત્રોતોમાંથી અને ૨૫ મે.વો. કરતાં વધુ શકિત ધરાવતાં જળવિદ્યુત ઉત્પાદન મથકોએથી વિતરણ પરવાનેદારને વીજળીનો પુરવઠો પૂરો પાડવા માટે પ્રશુલ્ક નકકી કરવા બાબત લાગુ પડશે.

પરંતુ વીજઉત્પાદનના નવીકરણપાત્ર ઊર્જા સ્ત્રોતોમાંથી વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા પ્રશુલ્કનો નિર્ણય આયોગના સંબંધિત વિનિયમો/આદેશોમાં નિયત કર્યા મુજબની શરતો અનુસાર રહેશે.

૪૬.૨ વીજઉત્પાદન કંપની દ્વારા વિતરણ પરવાનેદારને નીચેના કેસોમાં વીજળી પૂરી પાડવા માટે પ્રશુલ્ક નકકી કરવા અંગે આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો દ્વારા આયોગ માર્ગદર્શન મેળવશે.

(ક) જ્યાં આ પ્રશુલ્ક આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખ પછી કરાયેલ વીજળી ખરીદી સમજૂતી કે ગોઠવણ અનુસાર પ્રશુલ્ક હોય અથવા

(ખ) જ્યાં આવું પ્રશુલ્ક આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પહેલાં કરેલી વીજ ખરીદી સમજૂતિ કે ગોઠવણ અનુસાર હોય અને / અથવા તો આયોગે અગાઉ આવી સમજુતી/ગોઠવણ મંજૂર કરી ન હોય અથવા સમજૂતિ/ગોઠવણમાં પ્રશુલ્ક ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના પ્રશુલ્ક વિનિયમો પર આધારિત રહેશે એવું ધ્યાનમાં લીધેલું હોય,

(ગ) જ્યાં વિતરણ પરવાનેદાર વીજ ઉત્પાદનના ધંધામાં જોડાયેલ હોય, વિજ વિતરણ પરવાનેદારના વિજ ઉત્પાદન ધંધા દ્વારા તેના છૂટક પુરવઠા ધંધાને વીજળી પૂરી પાડવા માટેની તબદીલી ભાવ નકકી કરવાં :

પરંતુ આયોગ આ પ્રકરણમાં સમાવિષ્ટ ધોરણોથી માર્ગાંતર કરી શકે અથવા કેસના સંજોગો લક્ષમાં લેતાં તેમ કરવું ઉચિત જણાય તેવા ખાસ કેસો માટે વૈકલ્પિક ધોરણો નિર્દિષ્ટ કરી શકે.

પરંતુ આવા માર્ગાંતર માટેનાં કારણો લેખિતમાં નોંધવા.

૪૬.૩ આ પ્રકરણ–જમાં કોઇપણ વસ્તુ સમાવિષ્ટ હોય તેમ છતાં, આયોગ, કેન્દ્ર સરકારે બહાર પાડેલ માર્ગદર્શન સૂચનાઓ અનુસાર પારદર્શક બોલી પ્રક્રિયા મારફત પ્રશુલ્ક નકકી કરવામાં આવે તો આયોગ તે પ્રશુલ્ક અપનાવશે.

**૪૭. વીજ ઉત્પાદક પ્રશુલ્ક નકકી કરવા માટે પીટીશન :**

૪૭.૧ આ વિનિયમોના પ્રકરણ–૨ની જોગવાઇઓ અનુસાર વિતરણ પરવાનેદારને વીજળી પૂરી પાડવા પ્રશુલ્ક નકકી કરવા વીજ ઉત્પાદન કંપનીએ પીટીશન દાખલ કરવી જરૂરી છે.

૪૭.૨ આ વિનિયમો હેઠળ વીજઉત્પાદન મથકના સંબંધમાં પ્રશુલ્ક તબક્કાવાર, યુનિટવાર કે સમગ્ર વીજઉત્પાદન મથક માટે નકકી કરાશે. પરંતુ આ ભાગમાં નિર્દિષ્ટ વીજઉત્પાદન મથકો માટે પ્રશુલ્ક નકકી કરવાની શરતો તે જ રીતે તબક્કાવાર કે યુનિટોને યથાપ્રસંગ જે હોય તે પ્રમાણે વીજઉત્પાદન મથકોની જેમ લાગુ પડશે.

૪૭.૩ વીજઉત્પાદન મથકના તબક્કા કે યુનિટ માટે પ્રશુલ્ક નકકી કરાય ત્યાં વીજઉત્પાદન કંપની, તમામ તબકકા કે યુનિટોને યથાપ્રસંગ સામાન્ય સગવડો અને સંયુકત તથા સામાન્ય ખર્ચને લગતા મૂડી ખર્ચની ફાળવણી માટે વાજબી આધાર અપનાવશે.

પરંતુ વીજઉત્પાદન કંપની યોગ્ય રીતે ઓડિટ કરેલ અને વૈધાનિક ઓડિટરો દ્વારા પ્રમાણિત આવા ખર્ચની ફાળવણી માટે આધાર પૂરો પાડતું ફાળવણી પત્રક પ્રશુલ્ક નકકી કરવા માટેની અરજી સાથે આયોગને રજૂ કરશે.

૪૭.૪ ચાલુ વીજઉત્પાદન મથકોના કેસમાં, આગામી નાણાકીય વર્ષો માટે ખરેખર અથવા અંદાજીત વધારાના મૂડી ખર્ચ અને અંદાજી વધારાના મૂડી ખર્ચને આધારે, ૩૧ માર્ચ, ૨૦૧૬ સુધી મંજૂર કરાયેલ કોઇપણ વધારાના મૂડી ખર્ચ સહિત મંજૂર કરેલ મૂડી ખર્ચના આધારે, વીજઉત્પાદન પ્રશુલ્ક નકકી કરવાની અરજી, આ વિનિયમોના જાહેરનામાની તારીખથી મોડામાં મોડા એકસો એંશી દિવસની અંદર કરવી.

૪૭.૫ ચાલૂ પરિયોજનાઓના કેસમાં, આયોગ, વીજઉત્પાદન કંપનીને, ૧લી એપ્રિલ ૨૦૧૬ના રોજ મંજૂર કરેલ મૂડી ખર્ચ અને આગામી નાણાકીય વર્ષો માટે અંદાજીત વધારાના મૂડી ખર્ચને આધારે પ્રશુલ્કની છૂટ આપી શકે.

પરંતુ વિજ ઉત્પાદન કંપની આયોગ દ્વારા નકકી કરાયેલ અને ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજથી લાગુ પડતુ પ્રશુલ્ક, ૧લી એપ્રિલ, ૨૦૧૬થી આયોગ દ્વારા આ વિનિયમોને આધારે પ્રશુલ્ક નકકી ન કરવામાં આવે તેના સમયગાળા સુધી હિતાધિકારીઓને લાગુ પડશે.

૪૭.૬ વીજઉત્પાદન કંપની, નવા વીજઉત્પાદન મથકો માટે કામચલાઉ પ્રશુલ્ક નકકી કરવા માટેની અરજી, વીજઉત્પાદન યુનિટ કે તબક્કો કે વીજઉત્પાદન મથક સંપૂર્ણ તરીકે, યથાપ્રસંગ, વાણિજ્યિક સંચાલનની અપેક્ષિત તારીખના એકસો એંશી દિવસ પહેલાં દાખલ કરવી જોઇશે.

૪૭.૭ વીજઉત્પાદન કંપની, વાણિજ્યિક સંચાલન શરૂ કર્યાની તારીખ સુધી કરેલ અને કરવા વિચારેલ મૂડી ખર્ચ તથા વૈધાનિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરાયેલ, કરેલા વધારાના મૂડી ખર્ચને આધારે પ્રશુલ્ક નકકી કરવાની અરજી કરશે.

પરંતુ અરજીમાં, જ્યાં લાગુ પડે ત્યાં, અંદાજીત મૂડી ખર્ચ અને વધારાના મૂડી ખર્ચ માટેની ધારણાઓની વિગતો સમાવિષ્ટ કરાશે.

૪૭.૮ નવી પરિયોજનાઓના કેસમાં, આયોગ, અંદાજીત મૂડી ખર્ચને આધારે વાણિજ્યિક સંચાલનની અપેક્ષિત તારીખથી કામચલાઉ પ્રશુલ્કની છૂટ આપી શકશે.

૪૭.૯ પ્રશુલ્ક હુકમ ઇશ્યૂ થયાની તારીખથી વાણિજ્યિક સંચાલનની તારીખમાં એકસો એંશી દિવસ કરતાં વધુ વિલંબ થાય તો મંજૂર કરેલ પ્રશુલ્ક પાછું ખેંચી લીધાનું ગણવામાં આવશે અને વીજઉત્પાદન કંપનીએ પરિયોજનાનું વાણિજ્યિક સંચાલન શરૂ થયાની તારીખ પછી પ્રશુલ્ક નકકી કરવાની નવી અરજી કરવી.

૪૭.૧૦ વીજઉત્પાદન કંપની નવા વીજઉત્પાદન મથક માટે આખરી પ્રશુલ્ક નકકી કરવા, વાણિજ્યિક સંચાલન શરૂ થયાની તારીખે ઓડિટ કરેલ મૂડી ખર્ચ અને મૂડીકરણને આધારે, વીજઉત્પાદન યુનિટ કે તબક્કે કે વીજઉત્પાદન મથક સંપૂર્ણ તરીકે, યથાપ્રસંગ, વાણિજ્યિક સંચાલનની તારીખથી એકસો અંશી દિવસની અંદર અરજી દાખલ કરશે.

૪૭.૧૧ આયોગ, વાણિજ્યિક સંચાલનની તારીખના રોજ મુજબ ઓડિટ કરેલ મૂડી ખર્ચ અને મૂડીકરણની શાણપણભરી તપાસને આધારે નવા વીજઉત્પાદન મથક માટેના મૂડી ખર્ચની ટ્રુ–અપ કામગીરી કરશે.

૪૭.૧૨ વર્ષો વર્ષના ધોરણે કરેલ કૂલ મૂડી ખર્ચ, વાણિજ્યિક સંચાલનની તારીખે અંદાજીત મૂડી ખર્ચ અથવા અંદાજીત વધારાના મૂડી ખર્ચને આધારે આયોગ પ્રશુલ્ક નકકી કરવા માટે મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં પાંચ ટકા કે વધુ ઓછું હોય ત્યાં, વીજઉત્પાદન કંપની, આયોગ મંજૂર કરે તે પ્રમાણે, હિતાધિકારીને, સંબંધિત નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ

પ્રવર્તમાન હોય તે પ્રમાણે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના બેંક રેટના ૧.૨૦ ગણું વ્યાજ વત્તા ત્રણસો પચાસ આધાર પોઇન્ટ સાથે વધારાના મૂડી ખર્ચને અનુરૂપ વસૂલ કરેલ વધુ પ્રશુલ્ક રિફંડ કરાશે.

૪૭.૧૩ વર્ષોવર્ષના ધોરણે કરેલ ખરેખર મૂડી ખર્ચ, વાણિજ્યિક સંચાલનની તારીખે અંદાજીત મૂડી ખર્ચ અથવા અંદાજીત વધારાના મૂડી ખર્ચને આધારે આયોગ પ્રશુલ્ક નક્કી કરવા માટે મંજૂર કરેલ મૂડી ખર્ચ કરતાં પાંચ ટકા કે વધુ હોય ત્યાં, વીજઉત્પાદન કંપની આયોગ મંજૂર કરે તે પ્રમાણે, હિતાધિકારી પાસેથી, સંબંધિત નાણાકીય વર્ષની ૧લી એપ્રિલના રોજ પ્રવર્તમાન દર મુજબ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના બેંક રેટ વત્તા ત્રણસો પચાસ આધાર પોઇન્ટ મુજબ ૦.૮૦ ગણા વ્યાજની સાથે મૂડી ખર્ચમાં આવા ઘટાડાને અનુરૂપ પ્રશુલ્કની ઘટ વસૂલ કરવા હક્કદાર બનશે.

૪૭.૧૪ સિંચાઇ, પૂરનિયંત્રણ અને વીજળી ઘટકો સહિત બહુલક્ષી જળવિદ્યુત પરિયોજનાઓ સંબંધમાં પરિયોજનાના વીજળી ઘટક માટે ચાર્જપાત્ર મૂડી ખર્ચ જ પ્રશુલ્ક નક્કી કરવા વિચારણામાં લેવાશે.

**૪૮. પ્રશુલ્કના ઘટકો :**

૪૮.૧ થર્મલ વીજઉત્પાદન મથકમાંથી વીજળી વેચાણ માટેના પ્રશુલ્કમાં બે ભાગનો– જેમકે વાર્ષિક નિયત ચાર્જ અને વીજળી ચાર્જ (પ્રાથમિક અને દ્વિતીય બળતણ ખર્ચની વસૂલાત માટે) સમાવેશ થશે.

૪૮.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકેથી વીજળીના વેચાણ માટેના પ્રશુલ્કમાં બે ભાગ, જેમકે, ક્ષમતા ચાર્જ અને વીજળી ચાર્જનો સમાવેશ થશે.

**૪૯. વાર્ષિક નિયત ચાર્જ :**

વાર્ષિક નિયત ચાર્જમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(ક) ઘસારા–ખર્ચ;

(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ;

(ગ) કાર્યકારી મૂડી પર વ્યાજ;

(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ચ) ઇકવીટી પર રિટર્ન;

(છ) નવીકરણ અને આધુનિકીકરણ માટે ખાસ ભથ્થું, જ્યાં લાગુ પડે ત્યાં;

(જ) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ખર્ચ બાદ, :

(ઝ) બિન–પ્રશુલ્ક આવક

પરંતુ, આ વિનિયમોના પ્રકરણ–૩ માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર થર્મલ અને જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે ઘસારા–ખર્ચ, લોન મૂડી પર વ્યાજ અને નાણા–ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇકવીટી પર રીટર્નની છૂટ મળશે.

પરંતુ વધુમાં આયોગ, શાણપણભરી તપાસને આધીન રહીને કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોને આધારે, ટ્રુ–અપ કામગીરી કરતી વખતે આગળના સમયના આવક/ખર્ચ મંજૂર કરશે.

**૫૦. નવીકરણ અને આધુનિકીકરણ :**

**૫૦.૧** વીજઉત્પાદન કંપની, વીજઉત્પાદન મથક કે તેના યુનિટની ઉપયોગી આવરદા કરતાં વધુ આવરદા વધે તેવા હેતુસર નવીકરણ અને આધુનિકીકરણ પરના ખર્ચને પહોંચી વળવા, સંપૂર્ણ સ્કોપ, વાજબીપણું, ખર્ચ–લાભ, પૃથકરણ, સંદર્ભ તારીખથી અંદાજીત આવરદા વિસ્તરણ, નાણાકીય પેકેજ, ખર્ચના તબકકા, કામ પૂરું કરવાની અનુસૂચિ, સંદર્ભ ભાવ સપાટી, અંદાજીત કામ પૂરું કરવાનું ખર્ચ, હિતાધિકારીઓ સાથેના ચર્ચા–વિચારણાના રેકર્ડ તથા વીજઉત્પાદન કંપની દ્વારા કરાયેલ હોવાનું વિચારાયેલ બીજી કોઇ માહિતી કે જે સંબંધિત હોવાનું ધ્યાનમાં લેવાયેલ તેવી માહિતી આપતો વિગતવાર પરિયોજના અહેવાલ સાથેની દરખાસ્ત મંજૂરી માટેની અરજી આયોગ સમક્ષ દાખલ કરશે.

૫૦.૨ વીજઉત્પાદન કંપની, નવીકરણ અને આધુનિકીકરણ માટેની તેની દરખાસ્ત મંજૂર કરવાની અરજી દાખલ કરે એટલે ખર્ચ અંદાજો, કામ પૂરૂ કરવાની અનુસૂચિ, કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ, ખર્ચ–લાભ પૃથકરણ અને આયોગને સંબંધિત જણાય તેવાં બીજો કોઇ પરિબળોની યોગ્ય વિચારણા કરીને મંજૂરી અપાશે.

૫૦.3 ગેસ/પ્રવાહી બળતણ આધારિત ખુલ્લા/જોડાયેલ સાઇકલ થર્મલ વીજઉત્પાદન કેસમાં, તેના વાણિજ્યિક સંચાલનની તારીખથી સંચાલનના ૨૫ વર્ષ પછી ગેસ ટર્બાઇન/બાષ્પ ટર્બાઇનનું નવીકરણ જરૂરી બને અને મથકોના કાર્યક્ષમ સંચાલન માટે છૂટક ભાગોની કાલગ્રસ્તતા અથવા તેની અપ્રાપ્યતાને કારણે જરૂરી બનતું ખર્ચ કરવાની છૂટ અપાશે.

પરંતુ ગેસ ટર્બાઇનના મુખ્ય ઓવરહોલ દરમિયાન સામાન્યરીતે સંચાલન અને નિભાવ ખર્ચમાં આવરી લીધેલ ઘટકો અને છૂટક ભાગોનું ખર્ચ અને વપરાશપાત્ર વસ્તુઓ પર નવીકરણ અને આધુનિકીકરણમાં સમાવિષ્ટ કોઇપણ ખર્ચ નવીકરણ અને આધુનિકીકરણ ખર્ચમાંથી વિવેક વાપરીને યોગ્ય રીતે બાદ કરીને મંજૂર કરવું.

૫૦.૪ નવીકરણ અને આધુનિકીકરણ ખર્ચના અંદાજો અને આવરદા વિસ્તરણના આધારે યોગ્ય તપાસ પછી અને મૂળ પરિયોજના ખર્ચમાંથી વસૂલ કરી દીધેલ સંચિત ઘસારા-ખર્ચ બાદ કર્યા પછી, આયોગે કરેલ અને કરવા વિચારેલ અને મંજૂર કરેલ કોઇપણ ખર્ચ પ્રશુલ્ક નિર્ધારણ માટેનો આધાર બનશે.

૫૦.૫ કોલસા આધારિત/લિગ્નાઇટ પ્રજવલિત વીજઉત્પાદન મથકના કેસમાં, વીજઉત્પાદન કંપની, તેના વિવેકાધિકાર પ્રમાણે, વીજઉત્પાદન મથક કે તેના એકમની ઉપયોગી આવરદા ઉપરાંત નવીકરણ અને આધુનિકીકરણ સહિત જરૂરી ખર્ચ પહોંચી વળવા વિનિયમ-૫૦.૬ માં નિર્દિષ્ટ ધોરણ અનુસાર વળતર તરીકે 'ખાસ ભથ્થું' મેળવશે અને આવા પ્રસંગે, મૂડી ખર્ચના પુનરાવર્તનને છૂટ મળશે નહીં અને લાગુ પડતા સંચાલન ધોરણો હળવાં કરાશે નહીં, પરંતુ ખાસ ભથ્થાનો વાર્ષિક નિયત ખર્ચમાં સમાવેશ કરાશે.

પરંતુ આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પહેલાં આયોગે, જેને માટે નવીકરણ અને આધુનિકીકરણ હાથ ધર્યું હોય, તેવા ખર્ચને મંજૂરી આપી હોય તેવા વીજઉત્પાદન મથક કે એકમ માટે તેમજ હળવા સંચાલન અને કામગીરી ધોરણો હેઠળ સંચાલિત કે ઊતરતી સ્થિતિમાં હોય તેવા વીજઉત્પાદન મથક કે એકમ માટે આવો વિકલ્પ ઉપલબ્ધ થશે નહીં.

૫૦.૬ ખાસ ભથ્થું ૨૦૧૬-૧૭ના વર્ષ માટે મે.વો. દીઠ રૂ.૭.૫ લાખ મળશે અને ત્યારબાદ, વીજઉત્પાદન મથકના સંબંધિત એકમના વાણિજ્યિક સંચાલનની તારીખના સંદર્ભમાં ઉપયોગી આવરદા પૂરી થયાની સંબંધિત તારીખથી આગામી નાણાકીય વર્ષથી એકમવાર, નિયંત્રણ મુદત દરમિયાન દર વર્ષે ૫.૭૨% વધશે.

પરંતુ તા.૦૧/૦૪/૨૦૧૬ના રોજ ૨૫ વર્ષ કરતાં વધુ વાણિજ્યિક સંચાલન કર્યું હોય તેવા એકમના સંબંધમાં આવું ભથ્થું ૨૦૧૬-૧૭ના વર્ષથી મળવાપાત્ર થશે.

પરંતુ, વધુમાં વીજઉત્પાદન મથક માટે ખાસ ભથ્થું, તેના વિવેકાધિકાર પ્રમાણે, ૨૦૧૧ના ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમોના વિનિયમ-૫૧.૬ના ખંડ-૪ માં નિર્દિષ્ટ ધોરણો અનુસાર 'ખાસ ભથ્થાનો' લાભ મળી ચૂક્યો છે, જે નિયંત્રણ મુદત દરમિયાન દર વર્ષે ૨૦૧૫-૧૬થી આપેલ ખાસ ભથ્થાના ૫.૭૨% વધારીને ખાસ ભથ્થું મળશે.

૫૦.૭ આયોગ દ્વારા ખાસ ભથ્થું મંજૂર કરાયાના પ્રસંગે ખાસ ભથ્થામાં કરેલ કે વાપરેલ ખર્ચની જાળવણી વીજઉત્પાદન મથક અલગપણે કરશે અને તેની વિગતો, આવા ખર્ચની વિગતો રજૂ કરવા જેમ અને જ્યારે ફરમાવે ત્યારે આયોગને ઉપલબ્ધ કરશે.

**૫૧. અસ્થાયી વીજળીનું વેચાણ :**

૫૧.૧ થર્મલ વીજઉત્પાદન કંપનીમાંથી વિતરણ પરવાનેદારને કરાતાં અસ્થાયી વીજળી માટેના વેચાણ અંગેનું પ્રશુલ્ક, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, તે મુદત દરમિયાન કરેલું, યથાપ્રસંગ ગૌણ બળતણ ખર્ચ સહિત ખરેખરા બળતણ ખર્ચની સમતુલ્ય રહેશે.

પરંતુ વીજઉત્પાદન કંપનીએ અસ્થાયી વીજળીના વેચાણથી મેળવેલ બળતણ ખર્ચની વસૂલાત સિવાયની બીજી કોઇપણ આવક, મૂડી ખર્ચના ઘટાડા માટે વપરાશે અને તેને આવક તરીકે ગણવામાં આવશે નહીં.

૫૧.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકથી વિતરણ પરવાનેદારને કરાતાં નબળા વીજળીના વેચાણ માટેનું પ્રશુલ્ક, પ્રથમ નાણાકીય વર્ષ માટે વીજળી ખર્ચની સમતુલ્ય રહેશે અને નબળી વીજળીના વેચાણમાંથી વસૂલ મળેલ આવક મૂડી ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

**૫૨. બિન-પ્રશુલ્ક આવક :**

૫૨.૧ આયોગે મંજૂર કર્યા મુજબ વીજઉત્પાદન ધંધાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વીજઉત્પાદન કંપનીનું વાર્ષિક નિયત ખર્ચ નક્કી કરતી વખતે વાર્ષિક નિયત ખર્ચમાંથી બાદ કરવામાં આવશે.

પરંતુ વીજઉત્પાદન કંપની આયોગે વખતોવખત નક્કી કર્યા મુજબના ફોર્મમાં બિન-પ્રશુલ્ક આવકની આગાહીની પૂરી વિગતો આયોગ સમક્ષ રજૂ કરશે.

બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે મુજબ રહેશે.

(ક) જમીન કે મકાનોના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક મૂડી રોકાણમાંથી આવક;

(ઘ) રાખ/રદ કરેલ કોલસાના વેચાણમાંથી આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ;

(છ) કર્મચારીઓના નિવાસનું ભાડું;

(જ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું;

(ઝ) કોન્ટ્રાકટરો અને બીજાઓ પાસેથી ભાડા ખર્ચમાંથી આવક;

(ટ) જાહેરખબરો વગેરેમાંથી આવક;

(ઠ) પ્રત્યક્ષ ખરાઇ પર માલૂમ પડેલ વધારે ખર્ચ;

(ડ) મૂડી રોકાણ સ્થાયી અને કરેલી થાપણો અને બેંક પુરાંત પર વ્યાજ;

(ઢ) મુદત પૂર્વેની આવક, વગેરે;

પરંતુ વીજઉત્પાદન કંપનીના નિયંત્રિત ધંધાને અનુરૂપ ઇકવીટી પરના રિટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંથી મળેલ વ્યાજ/લાભાંશ બિન-પ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

**૫૩. થર્મલ વીજઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો :**

૫૩.૧ સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર :

(ક) ખંડ (ખ) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાયના તમામ થર્મલ વીજઉત્પાદન મથકો માટે વાર્ષિક નિયત ખર્ચાઓની પૂરી વસૂલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર ૮૫% રહેશે.,

પરંતુ કોલસાની તંગી અને ચોક્કસ કોલસા પુરવઠાની અનિશ્ચિતતાના કેસમાં સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર, કોલસા પૂરવઠાની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી નિયત ખર્ચની વસૂલી માટે ૮૩% રહેશે જેની વાર્ષિક સમીક્ષા કરવામાં આવશે.

(ખ) નીચેના મથકો માટે વાર્ષિક નિયત ખર્ચની પૂરી વસૂલાત માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર નીચે મુજબ રહેશે.

**કોઠો – ૧ વિનિયમ ૫૩.૧(ખ) હેઠળ GSECL વીજઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર :**

| | **લક્ષ્યાંક પ્રાપ્યતા** |
|---|---|
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૫ ) | ૮૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | ૮૪ |
| વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬ ) | ૮૫ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૮૦ |
| કચ્છ લિગ્નાઇટ (એકમ ૧ – ૩) | ૭૫ |
| કચ્છ લિગ્નાઇટ (એકમ – ૪ ) | ૮૦ |

પરંતુ આયોગ વીજઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે પ્રાપ્યતા ધોરણો સુધારી શકશે.

**૫૩.૨ થર્મલ ઉત્પાદન મથકો માટે પ્રોત્સાહન :**

(ક) ખંડ(બ) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાયના થર્મલ ઉત્પાદન મથકો માટે પ્રોત્સાહન માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ લોડ ફેકટર ૮૫% રહેશે.

(ખ) ગુજરાત રાજ્ય વિજઉત્પાદન કંપની (GSECL) ના થર્મલ ઉત્પાદન મથકો માટે પ્રોત્સાહન માટે વાર્ષિક પ્લાન્ટ લોડ ફેકટર :

**કોઠો – ૨ વિનિયમ ૫૩.૨(ખ) હેઠળ GSECL વીજઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ લોડ ફેકટર :**

| **મથક** | **લક્ષ્યાંક-પ્લાન્ટ લોડ ફેકટર(%)** |
|---|---|
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૫ ) | ૮૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | ૮૫ |
| વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬ ) | ૮૫ |

| મથક | લક્ષ્યાંક–પ્લાન્ટ લોડ ફેક્ટર(%) |
|---|---|
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૫ ) | ૮૦ |
| કચ્છ લિગ્નાઇટ (એકમ ૧ – ૩ ) | ૮૦ |
| કચ્છ લિગ્નાઇટ (એકમ ૪ ) | ૮૦ |

૫૩.૩ એકંદર મથક ઉષ્ણતા દર ચાલુ વીજઉત્પાદન મથકો માટે

(ક) ગુજરાત રાજ્ય વીજઉત્પાદન કંપની લીમીટેડના થર્મલ વીજઉત્પાદન મથકો

**કોઠો – ૩ નિયંત્રણ મુદત માટે GSECL મથકો માટે એકંદર મથક ઉષ્ણતા દર :**

(કીલોકેલરી/કી.વો.એચ.)

| મથક | નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ | નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ | નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ | નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ | નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ |
|---|---|---|---|---|---|
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧–૫ ) | ૨૭૫૦ | ૨૭૫૦ | ૨૭૫૦ | ૨૭૫૦ | ૨૭૫૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | ૨૬૭૯ | ૨૬૭૯ | ૨૬૭૯ | ૨૬૭૯ | ૨૬૭૯ |
| વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬ ) | ૨૬૨૫ | ૨૬૨૫ | ૨૬૨૫ | ૨૬૨૫ | ૨૬૨૫ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૩૦૦૮ | ૩૦૦૩ | ૨૯૯૮ | ૨૯૯૩ | ૨૯૮૮ |
| કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૩ ) | ૩૨૩૧ | ૩૨૩૧ | ૩૨૩૧ | ૩૨૩૧ | ૩૨૩૧ |
| કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૪ ) | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ધુવારણ-(CCPP-2) | ૧૯૫૦ | ૧૯૫૦ | ૧૯૫૦ | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ઉકાઇ–૬ | ૨૩૮૫ | ૨૩૮૫ | ૨૩૮૫ | ૨૩૮૫ | ૨૩૮૫ |
| ધુવારણ-(CCPP-3) | ૧૮૫૦ | ૧૮૫૦ | ૧૮૫૦ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| સિક્કા ૩ અને ૪ | ૨૩૯૮ | ૨૩૯૮ | ૨૩૯૮ | ૨૩૯૮ | ૨૩૯૮ |

પરંતુ આયોગ વીજ ઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણ કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે ઉષ્ણતા દરનાં ધોરણો ફેરફાર કરી શકશે.

(ખ) ટોરેન્ટ પાવર લીમીટેડના થર્મલ વીજઉત્પાદન મથકો : વીજઉત્પાદન ધંધો (TPL-G)

**કોઠો – ૪ નિયંત્રણ મુદત માટે TPL-G મથકો માટે એકંદર મથક ઉષ્ણતા દર :**

| મથક | નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ | નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ | નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ | નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ | નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ |
|---|---|---|---|---|---|
| સાબરમતી–C | ૩૧૩૬ | ૩૧૩૬ | ૩૧૩૬ | ૩૧૩૬ | ૩૧૩૬ |
| સાબરમતી–D | ૨૪૫૦ | ૨૪૫૦ | ૨૪૫૦ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| સાબરમતી–E અને F | ૨૪૫૫ | ૨૪૫૫ | ૨૪૫૫ | ૨૪૫૫ | ૨૪૫૫ |

પરંતુ આયોગ વીજઉત્પાદન મથકે હાથ ધરેલ નવીકરણ અને આધુનિકીકરણ કેસમાં ઉપર દર્શાવેલ વીજ મથકો માટે ઉષ્ણતા દરનાં ધોરણો ફેરફાર કરી શકશે.

**૫૩.૪ એકંદર મથક ઉષ્ણતા દર– આ વિનિયમો અમલમાં આવ્યા પછી COD હાંસલ કરતા વીજઉત્પાદન મથકો કે નવાં વીજઉત્પાદન યુનિટો કે મથકો માટે**

(ક) કોલસો આધારીત અને લિગ્નાઇટ પ્રજ્વલિત થર્મલ વીજઉત્પાદન મથકો

= ૧.૦૪૫ x ડિઝાઇન ઉષ્ણતા દર (Kcal/KWH) 100%

MCR ની સ્થિતિએ શૂન્ય ટકાના મેક અપ, ડિઝાઇન કોલસો, ડિઝાઇન કુલિંગ જળ ઉષ્ણતામાન/ પાછળ દબાણની સ્થિતિએ, પુરવઠાકારે બાંયધરી આપેલ યુનિટના ડિઝાઇન ઉષ્ણતા દર એટલે યુનિટ ઉષ્ણતા દર

પરંતુ યુનિટના દબાણ અને ઉષ્ણતામાન દર નિર્ધારણ પર આધારીત નીચેના અધિકતમ ડિઝાઇન ઉષ્ણતા દર કરતાં ડિઝાઇન ઉષ્ણતા દર વધવો જોઇએ નહીં.

| | | | | |
|---|---|---|---|---|
| **પ્રેશર રેટીંગ (kg/cm2)** | ૧૫૦ | ૧૭૦ | ૧૭૦ | ૨૪૭ |
| **SHT/RHT ($^0$C)** | ૫૩૫/૫૩૫ | ૫૩૭/૫૩૭ | ૫૩૭/૫૬૫ | ૫૬૫/૫૯૩ |
| BFP નો પ્રકાર | વીજળી સંચાલિત | ટર્બાઇન સંચાલિત | ટર્બાઇન સંચાલિત | ટર્બાઇન સંચાલિત |
| અધિકતમ ટર્બાઇન ઉષ્ણતા દર (Kcal/KWH) | ૧૯૫૫ | ૧૯૫૦ | ૧૯૩૫ | ૧૮૫૦ |
| **ન્યૂનતમ બોઇલર કાર્યક્ષમતા :** | | | | |
| ગૌણ–બિટુમીનીઅસ ભારતીય કોલસો | ૦.૮૬ | ૦.૮૬ | ૦.૮૬ | ૦.૮૬ |
| બિટુમીનીઅસ આયાતી કોલસો | ૦.૮૯ | ૦.૮૯ | ૦.૮૯ | ૦.૮૯ |
| **અધિકતમ ડિઝાઇન યુનિટ ઉષ્ણતા દર** (Kcal/KWH) | | | | |
| ગૌણ– બિટુમીનીઅસ ભારતીય કોલસો | ૨૨૭૩ | ૨૨૬૭ | ૨૨૫૦ | ૨૧૫૧ |
| બિટુમીનીઅસ આયાતી કોલસો | ૨૧૯૭ | ૨૧૯૧ | ૨૧૭૪ | ૨૦૭૮ |

પરંતુ યુનિટની દબાણ અને ઉષ્ણતામાન પારમિતિઓ ઉપરના રેટીંગ કરતાં અલગ હોય તો સૌથી નજદીકના વર્ગનો યુનિટનો અધિકતમ ડીઝાઇન ઉષ્ણતા દર લેવામાં આવશે.

પરંતુ યુનિટના ઉષ્ણતા દરની બાંયધરી ન આપવામાં આવી હોય, પરંતુ સમાન પુરવઠાકાર કે જુદા જુદા પુરવઠાકારોએ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર અને બોઇલર કાર્યક્ષમતા અંગે અલગ બાંયધરી આપી હોય તો બાંયધરી અપાયેલ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર અને બોઇલર કાર્યક્ષમતાનો ઉપયોગ કરીને યુનિટ ડિઝાઇન ઉષ્ણતા દર મેળવવામાં આવશે.

પરંતુ બોઇલર કાર્યક્ષમતા સબ–બિટુમીનીઅસ ભારતીય કોલસા માટે ૮૬% કરતાં નીચે હોય અને બિટુમીનીઅસ આયાતી કોલસા માટે ૮૯% કરતાં નીચી હોય ત્યાં મથકની ઉષ્ણતાનો દર ગણવા માટે સબબિટુમીનીઅસ ભારતીય કોલસા અને બિટુમિનસ આયાતી કોલસા માટે અનુક્રમે તે ૮૬% અને ૮૯% લેવામાં આવશે.

પરંતુ ઉચ્ચત્તમ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર, ડ્રાય કુલિંગ સિસ્ટમના પ્રકાર માટે સમાયોજન કરાશે.

પરંતુ બોઇલર કાર્યક્ષમતા સબ–બિટુમીનીઅસ ભારતીય કોલસા માટે ૮૬% કરતાં નીચે હોય અને બિટુમીનીઅસ આયાતી કોલસા માટે ૮૯% કરતાં નીચી હોય ત્યાં મથકની ઉષ્ણતાનો દર ગણવા માટે સબ–બિટુમીનીઅસ ભારતીય કોલસા અને આયાતી કોલસા માટે અનુક્રમે તે ૮૬% અને ૮૯% ગણવામાં આવશે.

પરંતુ ટર્બાઇન સાઇકલ ઉષ્ણતા દર, ડ્રાય કુલિંગ સિસ્ટમના પ્રકાર માટે સમાયોજન કરાશે.

પરંતુ લિગ્નાઇટ પ્રજવલિત વીજ ઉત્પાદન મથકોના કેસમાં પણ ટેકનોલોજી (CFBC) આધારીત મથકો સહિત) નીચે આપેલ ભેજ–ઘટક માટેના વૃદ્ધિ પામતા ઉપયોગ કરીને અધિકતમ ડિઝાઇન ઉષ્ણતા દર વધારવામાં આવશે.

(૧) ૫૦% ભેજ ધરાવતા લિગ્નાઇટ માટે – ૧.૧૦

(૨) ૪૦% ભેજ ધરાવતા લિગ્નાઇટ માટે – ૧.૦૭

(૩) ૩૦% ભેજ ધરાવતા લિગ્નાઇટ માટે – ૧.૦૪

(૪) ઉપર પેટાનિયમ(૧) થી (૩)માં આપેલા ભેજ તત્વના વૃદ્ધિ પામતા ફેકટરને ૩૦–૪૦% અને ૪૦–૫૦% ભેજ તત્વની શ્રેણીમાં દર્શાવ્યા મુજબ ભેજ તત્વના અન્ય પ્રમાણ માટે પ્રો–રાટા કરવાના રહેશે.

પરંતુ નકામા કોલસા (Rejects) પર આધારિત વીજઉત્પાદન મથકો માટે પણ આયોગ કેસથી કેસના ધોરણે ડિઝાઇન ઉષ્ણતા દર મંજૂર કરશે.

નોંધ : એવા ઉત્પાદન એકમો/કેન્દ્રો વીજળી સચાલિત બોઇલર ફીડ પંપો છે ત્યાં ઉપર દર્શાવેલ ટર્બાઇન સંચાલિત બોઇલર ફીડ પંપોના કેસમાં દર્શાવેલ મહત્તમ ડિઝાઇન ઉષ્ણતા દર કરતાં ૪૦ કિલો કેલરી/ યુનિટ જેટલો નીચો રહેશે.

(ખ) ગેસ આધારિત/પ્રવાહી આધારિત થર્મલ ઉત્પાદન એકમ/એકમો :

= ૧.૦૫ x કુદરતી ગેસ અને RLNG માટે એકમ/બ્લોકનો ડિઝાઇન ઉષ્ણતા દર (Kcal/KWh)

= ૧.૦૩૧ x પ્રવાહી બળતણ માટે એકમ/બ્લોકનો ડિઝાઇન ઉષ્ણતા દર (Kcal/KWh)

જ્યાં એકમનો ડિઝાઇન ઉષ્ણતા દરનો અર્થ એ ૧૦૦% MCR દરે અને સ્થળ પરની વાતાવરણની પરિસરની પરિસ્થિતિ પ્રમાણે એકમ માટે બાંયધરી અપાયેલ ઉષ્ણતા દર અને બ્લોક માટે ડિઝાઇન ઉષ્ણતા દર એટલે ૧૦૦% MCR પ્રમાણે

બ્લોક માટે બાંયધરી અપાયેલ ઉષ્ણતા દર, સ્થળની પરિસરની સ્થિતિ, શૂન્ય ટકા મેક અપ, ડિઝાઇન ઠારણ જળ ઉષ્ણતામાન/પાછળનું દબાણ :

**૫૩.૫ ગૌણ–બળતણ તેલ વપરાશ :**

(એ) ખંડ(બી) અને ખંડ (સી) હેઠળ આવરી લીધેલ હોય તે સિવાય તમામ થર્મલ વીજઉત્પાદન યુનિટો/ મથકો માટે ગૌણ બળતણ તેલ વપરાશ (SFC) નીચે મુજબ રહેશે.

૧. કોલસા આધારિત વીજઉત્પાદન મથકો = ૦.૫૦ml /KWh

૨. CBFC ટેકનોલોજી પર આધારિત મથકો સિવાયના લિગ્નાઇટ પ્રજવલિત વીજઉત્પાદન મથકો =૨.૦૦ ml/kwh

૩. CBFC ટેકનોલોજી પર આધારીત લિગ્નાઇટ પ્રજવલિત વીજઉત્પાદન મથકો: ૧.૦૦ ml/kWh

(બી) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી. મથકો માટે ગૌણ બળતણ વપરાશનું (SFC) ધોરણ નીચે મુજબ રહેશે,

**કોઠો – ૫ નિયંત્રણ મુદત માટે વિનિયમ ૫૩.૫ (બી) અન્વયે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી વીજમથકો, માટે ગૌણ બળતણ વપરાશ ( SFC) :**

| મથક | નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ (ml/KWh) | નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ (ml/KWh) | નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ (ml/KWh) | નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ (ml/KWh) | નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ (ml/KWh) |
|---|---|---|---|---|---|
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧–૫ ) | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૫૦ |
| વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૬) | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | 3.00 | 3.00 | 3.00 | 3.00 | 3.00 |
| કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | 3.00 | 3.00 | 3.00 | 3.00 | 3.00 |
| ઉકાઇ–૬ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| સિક્કા ૩ અને ૪ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |

નીચેના TPL-G મથકો માટેનું ગૌણ બળતણ વપરાશનું ધોરણ નીચે મુજબ રહેશે.

**કોઠો – ૬ TPL-G મથકો માટે નિયંત્રણ મુદત માટે ગૌણ બળતણ વપરાશ : :**

| મથક | ૨૦૧૬–૧૭ (ml/KWh) | ૨૦૧૭–૧૮ (ml/KWh) | ૨૦૧૮–૧૯ (ml/KWh) | ૨૦૧૯–૨૦ (ml/KWh) | ૨૦૨૦–૨૧ (ml/KWh) |
|---|---|---|---|---|---|
| સાબરમતી–C | ૨.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ | ૨.૦૦ |
| સાબરમતી-‘D’, ‘E’ અને ‘F’ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |

પરંતુ વીજઉત્પાદન મથક દ્વારા હાથ ધરાયેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં, ઉપર દર્શાવેલ વીજઉત્પાદન મથકો માટે ગૌણ બળતણ તેલ વપરાશ માટેના ધોરણોમાં આયોગ સુધારણા કરી શકશે.

**૫૩.૬ ચૂનાના પથ્થરનો વપરાશ :**

CFBC ટેકનોલોજીનો ઉપયોગ કરતાં લિગ્નાઇટ આધારિત મથકો માટે ચૂનાના પથ્થરનો વપરાશ:૦૦૫ (Kg/KWh)

**૫૩.૭ સહાયક વીજળી/ વપરાશ :**

**(ક) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી. ના ચાલુ વીજઉત્પાદન મથકો :**

**કોઠો–૭ : નિયંત્રણ મુદત માટે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કંપની લી. માટે સહાયક વપરાશ :**

| મથક | ૨૦૧૬–૧૭ % | ૨૦૧૭–૧૮ % | ૨૦૧૮–૧૯ % | ૨૦૧૯–૨૦ % | ૨૦૨૦–૨૧ % |
|---|---|---|---|---|---|
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧–૫ ) | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશન (એકમ–૬ ) | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન(યુનિટ ૧ – ૨) | ૧૧.૦૦ | ૧૧.૦૦ | ૧૧.૦૦ | ૧૧.૦૦ | ૧૧.૦૦ |
| કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (એકમ ૧ – ૪ ) | ૧૨.૦૦ | ૧૨.૦૦ | ૧૨.૦૦ | ૧૨.૦૦ | ૧૨.૦૦ |
| ઉકાઈ–૬ | ૬.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ | ૬.૦૦ |
| ધુવારણ–CCPP-3 | 3.00 | 3.00 | 3.00 | 3.00 | 3.00 |
| સિક્કા ૩ અને ૪ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |

**(ખ) TPL-G ના ચાલુ વીજળી ઉત્પાદન મથકો :**

**કોઠો–૮ નિયંત્રણ મુદત માટે TPL-G મથકો માટે સહાયક વીજળી વપરાશ :**

| મથક | ૨૦૧૬–૧૭ % | ૨૦૧૭–૧૮ % | ૨૦૧૮–૧૯ % | ૨૦૧૯–૨૦ % | ૨૦૨૦–૨૧ % |
|---|---|---|---|---|---|
| સાબરમતી–C | ૯.૫૦ | ૯.૫૦ | ૯.૫૦ | ૯.૫૦ | ૯.૫૦ |
| સાબરમતી-'D', 'E'અને 'F' | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ | ૯.૦૦ |

પરંતુ વીજઉત્પાદન મથક દ્વારા હાથ ધરાયેલ નવીકરણ અને આધુનિકીકરણના કેસમાં, ઉપર દર્શાવેલ વીજઉત્પાદન મથકો માટે સહાયક વીજળી વપરાશ માટેના ધોરણોમાં આયોગ સુધારણા કરી શકશે.

**(સી) કોલસા આધારિત નવા વીજઉત્પાદન મથકો :**

**કોઠો–૯ : નિયંત્રણ મુદત માટે સહાયક વીજળી વપરાશ :**

| **સહાયક વીજળી વપરાશ** | **કુદરતી ડ્રાફ્ટ કુલિંગ ટાવર સાથે અથવા કુલિંગ ટાવર વગર** |
|---|---|
| (૧) ૨૦૦ મે.વો. શ્રેણી | ૮..૫૦% |
| (૨) ૨૫૦/330/૩૫૦/૫૦૦ મે.વો અને વધુ બાષ્પ સંચાલિત બોઇલર ફીડ પંપ | ૫.૨૫% |
| વીજળી સંચાલિત બોઇલર ફીડ પંપ | ૭.૭૫% |

પરંતુ પ્રેરિત ડ્રાફ્ટ કુલિંગ ટાવર સાથે થર્મલ વીજઉત્પાદન મથકો માટે, ઉપરના ધોરણોની સરખામણીમાં ધોરણોમાં વધુ ૦.૫૦%નો વધારો કરાશે.

(ડી) ગેસ ટર્બાઇન/ સંયુક્ત સાઇકલ વીજઉત્પાદન મથકો

**<u>ચાલુ વીજ ઉત્પાદન મથકો</u>**

(૧) સંયુક્ત સાઇકલ : 3.00%

(૨) ખુલ્લી સાઇકલ : ૧.૦૦%

**નવાં વીજઉત્પાદન મથકો :**

(૧) સંયુક્ત સાઇકલ : ૨.૫૦%

(૨) ખુલ્લી સાઇકલ : ૧.૦૦%

પરંતુ ગેસબૂસ્ટર ધરાવતાં વીજઉત્પાદન મથકો માટે ૧% વધારાની સહાયક વપરાશની છૂટ મળશે.

(ઈ) લિગ્નાઇટ પ્રજવલિત નવા વીજઉત્પાદન મથકો :

(૧) ૨૦૦ મે.વો. સેટ કરતાં નીચેનાં તમામ વીજઉત્પાદન મથકો :૧૨%

(૨) ૨૦૦ મે.વો અને તેથી ઉપરના સેટ સાથે તમામ વીજઉત્પાદન મથકો : ઉપરના કોઠા–૮ અન્વયે કોલસા આધારિત વીજઉત્પાદન મથકો માટે મંજૂરી અપાઇ હોય તે કરતાં ૦.૫૦% વધુ

પરંતુ CFBC ટેકનોલોજીનો ઉપયોગ કરતાં લિગ્નાઇટ પ્રજવલિત મથકો માટે, ઉપર નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કોલસા આધારિત વીજઉત્પાદન મથકોના સહાયક વીજવપરાશ ધોરણો કરતાં ૧.૫૦% વધુ રહેશે.

૫૩.૮ **હેરફેર અને ચઢાવવા–ઉતારવામાં ઘટ :**

મહિના દરમિયાન કોલસા કે લિગ્નાઇટ પુરવઠા કંપની દ્વારા રવાના કરાયેલ કોલસા કે લિગ્નાઇટના જથ્થાની ટકાવારી તરીકે કોલસા કે લિગ્નાઇટ આધારિત વીજઉત્પાદન મથકો માટે હેરફેર અને ચઢાવવા–ઉતારવામાં આવતી ઘટ નીચે મુજબ રહેશે.

(એ) કોલસા અથવા લિગ્નાઇટ આધારિત વીજઉત્પાદન મથક

૧. પીટ હેડ વીજઉત્પાદક મથક – ૦.૨૦ %

૨. બિન–પીટ–હેડ વીજઉત્પાદન મથકો : ૦.૮૦%

જેનું રેલ મારફત મથક સુધી પરિવહન કરાયું હોય અને પીટ હેડ માઇન સિવાયના અન્ય સ્ત્રોતોમાંથી કોલસો અને લિગ્નાઇટ મેળવેલ હોય તો હેરફેર–ઘટ ૦.૮% લાગુ પડશે.

વધુમાં, આયાતી કોલસાના કેસમાં, ડિલીવરી શરતોને આધીન રહીને હેરફેર અને ચડાવવા ઉતારવાની ઘટ ૦.૨% રહેશે.

૫૪. **થર્મલ વીજઉત્પાદન મથક માટે સંચાલન અને નિભાવ ખર્ચ :**

**ચાલુ વીજઉત્પાદન મથકો**

(એ) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ(૩) વર્ષ માટે જળ ખર્ચ રહિત અને વીમા સહિત ખરેખર સંચાલન અને નિભાવની સરેરાશના ધોરણે જળ ખર્ચ રહિત અને વીમા ખર્ચ સહિત સંચાલન અને નિભાવ ખર્ચ તારવવામાં આવશે.

(બી) આવા જળ ખર્ચ રહિત અને વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરાં થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ જળ ખર્ચ રહિત અને વીમા સહિત તરીકે ગણવામાં આવશે અને ૨૦૨૦–૨૧ સુધીના પાછળના વર્ષો સુધી જળ ખર્ચ રહિત અને વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા વર્ષથી વર્ષના ધોરણે ૫.૭૨ ટકાના વૃદ્ધિ દરે તેમાં વધારો કરાશે.

પરંતુ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, ખરેખરા ખર્ચના આંકડા અનુસાર જળ ખર્ચની અલગથી મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં, આ વિનિયમો અમલમાં આવ્યાને તારીખના રોજ ચાલુ વીજઉત્પાદન મથકે ત્રણ વર્ષ કરતાં ઓછા સમય માટે કામગીરી કરી હોય તો, વિનિયમ–૫૫માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નવા ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ મંજૂર કરાશે.

૫૫. **નવા વીજઉત્પાદન મથકો :**

**(ક)** કોલસા આધારિત વીજઉત્પાદન યુનિટો/મથકો

**કોઠો–૧૦ : નિયંત્રણ મુદત માટે કોલસા આધારિત નવાં વીજઉત્પાદન મથકોના સંચાલન અને નિભાવ ખર્ચના ધોરણો (રૂ.લાખ/ મે.વો.માં)**

| વિગતો | સંચાલન નિભાવ ખર્ચના ધોરણો |
|---|---|
| નાણાકીય વર્ષ – ૨૦૧૬–૧૭ | ૧૮.૦૮ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૭–૧૮ | ૧૯.૧૧ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૮–૧૯ | ૨૦.૨૧ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૯–૨૦ | ૨૧.૩૬ |
| નાણાકીય વર્ષ – ૨૦૨૦–૨૧ | ૨૨.૫૮ |

પરંતુ એ જ મથકમાં જેમની વાણિજ્યિક સંચાલન તારીખ ૦૧/૦૪/૨૦૧૬ના રોજ કે તે પછી આવતી હોય તેવા વધારાના યુનિટો માટે નીચેના પરિબળો દ્વારા ઉપરના ધોરણો વૃદ્ધિ પામશે.

વધારાના ૪ અને ૫ યુનિટો : ૦.૯૦

વધારાના ૬ અને વધુ યુનિટો : ૦.૮૫

**(ખ) લિગ્નાઇટ આધારિત વીજઉત્પાદન મથકો :**

**કોઠો–૧૧ નિયંત્રણ મુદત માટે લિગ્નાઇટ આધારિત નવાં વીજઉત્પાદન મથકોના સંચાલન અને નિભાવ ખર્ચના ધોરણો (રૂ.લાખ/ મે.વો.માં)**

| વિગતો | સંચાલન નિભાવ ખર્ચના ધોરણો |
|---|---|
| નાણાકીય વર્ષ – ૨૦૧૬–૧૭ | ૨૭.૦૦ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૭–૧૮ | ૨૮.૫૪ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૮–૧૯ | ૩૦.૧૮ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૯–૨૦ | ૩૧.૦૦ |
| નાણાકીય વર્ષ – ૨૦૨૦૨૧ | ૩૩.૭૨ |

(ગ) ગેસ ટર્બાઇન/ સંયુક્ત સાઇકલ વીજઉત્પાદન મથકો :

**કોઠો–૧૨ નિયંત્રણ મુદત માટે ગેસ ટર્બાઇન/સંયુક્ત સાઇકલ વીજઉત્પાદન મથકોના સંચાલન અને નિભાવ ખર્ચના ધોરણો (રૂ.લાખ/ મે.વો.માં )**

| વર્ષ | ગેસ ટર્બાઇન/સંયુક્ત સાઇકલ વીજઉત્પાદન મથકો– નાનાં ગેસ ટર્બાઇન વીજઉત્પાદન મથકો સિવાયનાં | નાના ગેસ ટર્બાઇન વીજ ઉત્પાદન મથકો | અદ્યતન 'એફ' વર્ગના મશીનો |
|---|---|---|---|
| નાણાકીય વર્ષ – ૨૦૧૬–૧૭ | ૧૬.૫૭ | ૩૭.૭૪ | ૨૯.૯૮ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૭–૧૮ | ૧૭.૫૨ | ૩૯.૯૦ | ૩૧.૭૦ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૮–૧૯ | ૧૮.૫૨ | ૪૨.૧૮ | ૩૩.૫૧ |
| નાણાકીય વર્ષ – ૨૦૧૯–૨૦ | ૧૯.૫૮ | ૪૪.૬૦ | ૩૫.૪૩ |
| નાણાકીય વર્ષ – ૨૦૨૦–૨૧ | ૨૦.૭૦ | ૪૭.૧૫ | ૩૭.૪૫ |

**૫૬. જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલનના ધોરણો :**

**૫૬.૧** વાર્ષિક નિયત ખર્ચની વસૂલાત માટે હાલના ગુજરાત રાજય વીજળી નિગમ લી. જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન ધોરણો :

**કોઠો–૧૩ ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કંપની લી. ના હાલના જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સાધારણ વાર્ષિક પ્લાન્ટ ઉપલભ્યતા ફેકટર અને સહાયક વપરાશ :**

| મથક | સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર | સહાયક વપરાશ તેમ ટ્રાન્સફોર્મર ઘટ |
|---|---|---|
| ઉકાઇ હાઇડ્રો | ૯૦% | ૦.૬% |
| કડાણા હાઇડ્રો | ૯૦% | ૧.૦૦% |

૫૬.૨ નીચેના સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર, વાર્ષિક નિયત ખર્ચ વસુલાત માટે, અન્ય જળવિદ્યુત ઉત્પાદન મથકોને લાગુ પડશે.

(એ) ૮% સુધી સંપૂર્ણ જળાશય સપાટી અને ન્યૂનતમ ડ્રો–ડાઉન સપાટી વચ્ચેના હેડ તફાવત સાથે અને જ્યાં પ્લાન્ટ પ્રાપ્યતાને કાદવની અસર ન હોય તેવા સ્ટૉરેજ અને પોન્ડેજ પ્રકારના પ્લાન્ટ : ૯૦%

(બી) સંપૂર્ણ જળાશય સપાટી અને ન્યૂનતમ ડ્રો–ડાઉન સપાટી વચ્ચેના હેડ તફાવત ૮% કરતાં વધુ હોય અને કાદવથી પ્લાન્ટની પ્રાપ્યતાને અસર ન થતી હોય તેવા સ્ટૉરેજ અને પોન્ડેજ પ્રકારના પ્લાન્ટના કેસમાં, વિગતવાર પરિયોજના અહેવાલમાં (કેન્દ્રિય વીજળી તંત્ર અથવા રાજય સરકાર દ્વારા મંજૂર કરાયેલ) પરિયોજના તંત્રો દ્વારા જોગવાઇ કર્યા મુજબ મહિનાવાર ટોચની ક્ષમતા NAPAF નક્કી કરવાનો આધાર બનશે.

(સી) પોન્ડેજ પ્રકારના પ્લાન્ટ જ્યાં પ્લાન્ટ પ્રાપ્યતાને કાદવથી નોંધપાત્ર અસર થતી હોય : ૮૫%

(ડી) રન–ઓફ–રિવર પ્રકારના પ્લાન્ટ : જ્યાં ઉપલભ્ય/પ્રસ્તુત હોય ત્યાં ભૂતકાળના અનુભવથી મધ્યંસર કરેલ ૧૦ દિવસની ડિઝાઇન વીજળી વિગતોને આધારે પ્લાન્ટવાર નકકી કરવાનો NAPAF

(ઇ) ખાસ સંજોગો એટલે કે, અસાધારણ કાદવની સમસ્યા અથવા અન્ય સંચાલન સ્થિતિ અને જાણીતી પ્લાન્ટ મર્યાદાઓ હેઠળ NAPAF ના નિર્ધારણમાં આયોગ દ્વારા વધુ પરવાનગી આપી શકાય.

૫૬.૩ નીચેની સહાયક વીજળી વપરાશ, અન્ય જળવિદ્યુત ઉત્પાદન મથકોએ લાગુ પડશે :

(એ) સપાટી પરના જળવિદ્યુત ઉત્પાદન મથકો:

(૧) જનરેટર શાફ્ટ પર બેસાડેલ પરિભ્રમણ કરતાં એક્ઝાઇટર (exciters) સાથે : ૦.૭૦%

(૨) સ્થિર એક્સાઇટેશન સિસ્ટમ સાથે : ૧.૦૦ %

(બી) ભૂગર્ભ જળવિદ્યુત ઉત્પાદન મથકો :

(૧) જનરેટર શાફ્ટ પર બેસાડેલ પરિભ્રમણ એક્ઝાઇટર સાથે : – ૦.૯૦%

(૨) સ્થિર એક્સાઇટેશન સિસ્ટમ સાથે : ૧.૨૦%

**૫૭. જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે સંચાલન અને નિભાવ ખર્ચ :**

**૫૭.૧ હાલનાં મથકો માટે :**

(ક) વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ, આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ વર્ષ માટે ખરેખરા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે મેળવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણવામાં આવશે અને નણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ સુધીના પાછળના વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા ૫.૭૨%ના વૃદ્ધિ દરે વધારો કરાશે.

**૫૭.૨ નવાં મથકો માટે :**

(૧) સંચાલનના પ્રથમ વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ મૂળ પરિયોજના ખર્ચના ૨% રહેશે. (પુર્નસ્થાપન અને પુર્નવસવાટ કામોના ખર્ચને બાદ કરીને)

(૨) દરેક અનુગામી વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ ૫.૭૨%ના વૃદ્ધિ ફેક્ટરના દરે, ઉપર નક્કી કરેલ આધાર ખર્ચમાં વૃદ્ધિ કરીને નક્કી કરાશે.

**૫૮. થર્મલ વીજઉત્પાદન મથકો માટે વાર્ષિક સ્થાયી ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી તથા ચૂકવણી**

૫૮.૧ થર્મલ વીજઉત્પાદન મથકનું સ્થાયી ખર્ચ, આ વિનિયમો હેઠળ નિર્દિષ્ટ ધોરણોને આધારે વાર્ષિક ધોરણે ગણવામાં આવશે અને ક્ષમતા ખર્ચ માસિક ધોરણે વસૂલ કરાશે. વીજઉત્પાદન મથક માટે ચૂકવવાપાત્ર ક્ષમતા ખર્ચ, વીજઉત્પદન મથકની ક્ષમતામાં તેમના સંબંધિત ટકાવારી હિસ્સામા/ફાળવણી અનુસાર તેના હિતાધિકારીઓ દ્વારા હિસ્સે પડતી વહેંચાશે.

૫૮.૨ કેલેન્ડર મહિના માટે થર્મલ વીજઉત્પાદન મથકને ચૂકવવાપાત્ર ખર્ચ, નીચેની ફોર્મ્યુલા અનુસાર ગણવામાં આવશે.

$CC_1 =$ (AFC/12) ($PAF_1$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC/12)

$CC_2 =$ ((AFC/6) ($PAF_2$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC/6)) – $CC_1$

$CC_3 =$ ((AFC/4) ($PAF_3$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC/4)) –($CC_1+CC_2$)

$CC_4 =$ ((AFC/3) ($PAF_4$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC/3))–

($CC_1+CC_2+CC_3$)

$CC_5 =$ ((AFC x 5/12) ($PAF_5$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC x 5/12) –

($CC_1+CC_2+CC_3+CC_4$)

$CC_6 =$ ((AFC/2) ($PAF_6$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC/2)) – ($CC_1+CC_2+CC_3+CC_4+CC_5$)

$CC_7 =$ ((AFC x 7/12) ($PAF_7$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC x 7/12)) –($CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6$)

$CC_8 =$ ((AFC x 2/3) ($PAF_8$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC x 2/3)) – ($CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7$)

$CC_9 =$ ((AFC x 3/4) ($PAF_9$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC x 3/4)) – ($CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8$)

$CC_{10} =$ ((AFC x 5/6) ($PAF_{10}$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC x 5/6)) – ($CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8+CC_9$)

$CC_{11} =$ ((AFC x 11/12) ($PAF_{11}$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC x 11/12)) –

$(CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8+CC_9+CC_{10})$

$CC_{12}$ = ((AFC) ($PAF_Y$ / NAPAF) ટોચ મર્યાદાને આધીન (AFC)) – $(CC_1+CC_2+CC_3+CC_4+CC_5+CC_6+CC_7+CC_8+CC_9+CC_{10}+CC_{11})$

પરંતુ નવીકરણ અને આધુનિકીકરણને કારણે બંધ રાખેલ વીજઉત્પાદન મથક કે તેના યુનિટ અથવા પ્રવહન સિસ્ટમ કે તેના ઘટકના કેસમાં, યથાપ્રસંગ, વીજઉત્પાદન કંપની કે પ્રવહન પરવાનેદારને, A F C નો ભાગ વસૂલ કરવાની છૂટ રહેશે, જેમાં સંચાલન અને નિભાવ ખર્ચ અને લોન પરના વ્યાજનો જ સમાવેશ થશે.

જ્યાં

AFC = વર્ષ માટે નિર્દિષ્ટ વાર્ષિક નિયત ખર્ચ, રૂપિયામાં

NAPAF = સાધારણ વાર્ષિક પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર, ટકાવારીમાં

$PAF_N$ = મહિનાના અંતે હાંસલ કરેલ ટકાવારી પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર

PAFY = વર્ષ દરમિયાન હાંસલ કરેલ ટકાવાર પ્લાન્ટ પ્રાપ્યતા ફેક્ટર

$CC_1$, $CC_2$, $CC_3$, $CC_4$, $CC_5$, $CC_6$, $CC_7$, $CC_8$, $CC_9$, $CC_{10}$, $CC_{11}$ and $CC_{12}$ પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા, દશમા, અગિયારમા અને બારમાં મહિનાનો સંબંધિત ક્ષમતા ખર્ચ છે.

૫૮.૩ ચોક્કસ મહિનાના અંતસુધીનું PAFM અને PAFYની ગણતરી નીચેની ફોર્મ્યુલા પ્રમાણે કરાશે :

$$PAFM \text{ અથવા } PAFY = 10000 \times \sum_{i=1}^{N} DC_i / \{ N \times IC \times (100 - AUX) \} \%$$

જ્યાં,

AUX = સાધારણ સહાયક વીજળી વપરાશ – ટકાવારીમાં

DCi = મુદતના પહેલા દિવસે એટલે કે મહિનાના અથવા વર્ષના, યથાપ્રસંગ, દિવસ પૂરો થયા પછી સંબંધિત વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કર્યા મુજબ, સરેરાશ જાહેર કરેલી ક્ષમતા (એક્સ બસ મે.વો. માં)

IC = વીજ ઉત્પાદન મથકની સ્થાપિત શક્તિ (મે.વો. માં)

N = મુદત દરમિયાન દિવસોની સંખ્યા

નોંધ : DCi અને IC માં વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર ન કરેલ વીજઉત્પાદન યુનિટોની ક્ષમતાનો સમાવેશ કરાશે નહીં. સંબંધિત મુદત દરમિયાન સ્થાપિત શક્તિમાં (IC ) ફેરફારના કેસમાં તેનું સરેરાશ મૂલ્ય લેવામાં આવશે.

૫૮.૪ વીજળી ખર્ચમાં પ્રાથમિક અને ગૌણ બળતણ ખર્ચ અને ચૂનાના પથ્થરના વપરાશ ખર્ચ ( લાગુ પડે ત્યાં) નો સમાવેશ થશે અને કેલેન્ડર મહિના દરમિયાન આવા હિતાધિકારીને મોકલવા નિશ્ચિત કૂલ વીજળી માટે એક્સ–પાવર પ્લાન્ટ ધોરણો, મહિનાના વીજળી ખર્ચ દર પ્રમાણે દરેક હિતાધિકારી દ્વારા ( બળતણ અને ચૂનાના પથ્થરના ભાવના સમાયોજન સાથે) ચૂકવવા પાત્ર થશે. મહિના માટે વીજઉત્પાદન કંપનીને ચૂકવવાપાત્ર કૂલ વીજળી ખર્ચ નીચે મુજબ રહેશે.

(વીજળી ખર્ચ દર રૂ/kwh માં ) X (મહિના માટે નિશ્ચિત વીજળી (એક્સ બસ) kwh માં)

૫૮.૫ એક્સ પાવર પ્લાન્ટ ધોરણે K Wh દીઠ રૂપિયામાં વીજળી ખર્ચનો દર (E C R ) નીચેની ફોર્મ્યુલા પ્રમાણે ત્રણ દશાંશ સ્થળ પ્રમાણે નક્કી કરાશે.

(એ) કોલસા આધારિત અને લિગ્નાઇટ પ્રજ્વલિત મથકો માટે

$$ECR = \{(GHR - SFC \times CVSF) \times LPPF / CVPF + SFC \times LPSFi + LC \times LPL\} \times 100 / (100 - AUX)$$

(ખ) ગેસ અને પ્રવાહિત બળતણ આધારિત મથકો માટે

$$ECR = GHR \times LPPF \times 100 / \{CVPF \times (100 - AUX)\}$$

જ્યાં,

AUX = સાધારણ સહાયક વીજળી વપરાશ, ટકાવારીમાં

CVPF = (ક) કોલસા આધારિત મથકો માટે પ્રજવલિત કર્યા મુજબ કોલસાનું વેઈટેજ સરેરાશ એકંદર કેલરોફીક મૂલ્ય – કિ. ગ્રા દીઠ કિલો કેલરીમાં ( Kcal )

(બી) લિગ્નાઇટ, ગેસ અને પ્રવાહી બળતણ આધારિત મથકો માટે પ્રજવલિત કર્યા મુજબ પ્રાથમિક બળતણનું વેઇટેજ સરેરાશ એકંદર કેલરોફિક મૂલ્ય – લાગુ પડે તે પ્રમાણે કિ.ગ્રા. દીઠ, લીટર દીઠ કે ધોરણસર ઘનમીટર દીઠ કિલો કેલરીમાં

(સી) જુદાં જુદાં સ્ત્રોતોમાંથી બળતણ મિશ્રિત કરવાના કેસમાં પ્રાથમિક બળતણનું વેઇટેડ સરેરાશ કેલરોફિક મૂલ્ય મિશ્રણ ગુણોત્તરના પ્રમાણમાં કાઢવામાં આવશે.

CVSF = ગૌણ બળતણનું કેલરિફિક મૂલ્ય – મિ.લી. દીઠ કિલો કેલરીમાં

ECR = વીજળી ખર્ચ દર, બહાર મોકલેલ યુનિટ દીઠ રૂપિયામાં

GHR = એકંદર મથક ઉષ્ણતા દર, યુનિટ દીઠ કિલો કેલરીમાં

LC = સાધારણ ચૂનાના પથ્થરનો વપરાશ – કિ.વો. કલાક દીઠ રૂપિયામાં

LPL = જમીન પર ઉતારેલ ચુનાના પથ્થરની વેઇટેજ સરેરાશ કિંમત, કિ.ગ્રા. દીઠ રૂપિયામાં

LPPF = મહિના દરમિયાન જમીન પર ઉતારેલ પ્રાથમિક બળતણનો વેઇટેજ સરેરાશ ભાવ, લાગુ પડે તે પ્રમાણે કિ. ગ્રા. દીઠ, લિટર દીઠ, ધોરણસર ઘનમીટર દીઠ રૂપિયામાં (જુદાં જુદાં સ્ત્રોતોમાંથી મિશ્રિત બળતણના કેસમાં જમીન પર ઉતારેલ પ્રાથમિક બળતણનો વેઇટેજ સરેરાશ ભાવ, મિશ્રણ ગુણોત્તરના પ્રમાણમાં કાઢવામાં આવશે)

SFC = સાધારણ વિશિષ્ટ બળતણ તેલ વપરાશ, યુનિટ દીઠ મિલીલીટરમાં

LPSF=મહિના દરમિયાન જમીન પર ઉતારેલ પ્રાથમિક બળતણનો વેઇટેજ સરેરાશ ભાવ રૂપિયામાં/ મિ. લીટર દીઠ:

પરંતુ ગેસ/ પ્રવાહી બળતણ આધારિત મથક માટે વીજળી ખર્ચનો દર, મહિના દરમિયાન ખુલ્લા સાઇકલ સંચાલન માટે સંબંધિત પ્રાદેશિક વીજળી સમિતિ સભ્ય સચિવના પ્રમાણીકરણને આધારે ખુલ્લા સાઇકલ સંચાલન માટે સમાયોજીત કરાશે.

૫૮.૬ વીજઉત્પાંદન કંપની, વીજઉત્પાદન મથકના હિતાધિકારીઓને, વખતોવખત નકકી કરાતાં ફોર્મ અનુસાર GCV પારમિતિઓ અને બળતણના ભાવની વિગતો, એટલે કે, ઘરેલું કોલસો, આયાતી કોલસો, ઇ–હરાજી કોલસો, લિગ્નાઇટ, કુદરતી ગેસ, RLNG, પ્રવાહી બળતણ વગેરે પૂરી પાડશે.

પરંતુ, ઘરેલું કોલસા સાથે આયાતી કરેલ આવા મિશ્રણ ગુણોત્તરની વિગતો, ઇ–હરાજી કોલસાનું પ્રમાણ અને મળ્યા પ્રમાણે બળતણની વેઇટેજ સરેરાશ એકંદર કેલરિફિક મૂલ્ય (GCV) ની વિગતો પણ સંબંધિત મહિનાની બિલની સાથે અલગ રીતે મોકલાશે.

પરંતુ, બિલોની નકલો અને એકંદરે કેલરિફિક મૂલ્ય (GCV)ની પારમિતિઓની વિગતો તથા બળતણના ભાવ, એટલે કે ઘરેલું કોલસો, આયાતી કોલસો, ઇ–હરાજી કોલસો, લિગ્નાઇટ, કુદરતી ગેસ, RLNG, પ્રવાહી બળતણ વગેરેની વિગતો ઘરેલુ કોલસાના આયાતી કોલસા સાથે મિશ્રણના ગુણોત્તર, ઇ–હરાજી કોલસાના પ્રમાણની વિગતો, વીજઉત્પાદન કંપનીની વેબસાઇટ પર પ્રદશિત કરાશે. ત્રણ મહિનાની મુદત માટે મહિનાને ધોરણે તેની વેબસાઇટ પર વિગતો ઉપલભ્ય કરાશે.

૫૮.૭ મહિના માટે કોલસો જમીન પર ઉતારવાના ખર્ચમાં રોયલ્ટી, વેરો અને જકાત લાગુ પડે તે પ્રમાણે, સમાવિષ્ટ બળતણની કક્ષા અને ગુણવતાને આનુષંગિક બળતણનો ભાવ, રેલ્વે, માર્ગ કે અન્ય સાધનો દ્વારા પરિવહન ખર્ચનો વીજળી ખર્ચની ગણતરીના હેતુસર સમાવેશ થશે અને કોલસા/લિગ્નાઇટના કેસમાં, વિનિયમ ૫૩.૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સાધારણ હેરફેર અને ચઢાવવા–ઉતારવાની ઘટને વિચારણામાં લીધા પછી ખર્ચ કાઢવામાં આવશે.

૫૮.૮ પ્રશુલ્ક નકકી કરવા, જમીન પર ઉતારેલ પ્રાથમિક અને ગૌણ બળતણના ભાવ, આગલા ત્રણ મહિનાના પ્રાથમિક અને ગૌણ બળતણના ખરેખર વેઇટેજ સરેરાશ ખર્ચ પર આધારિત રહેશે અને આગલા ત્રણ મહિના માટે ઉતારવાના ખર્ચની ગેરહાજરીમાં, ચાલુ મથકો માટે પ્રશુલ્ક શરૂ થતાં પૂર્વે અને નવાં વીજઉત્પાદન મથકોના કેસમાં તરતના આગલા ત્રણ મહિના પૂર્વે, વીજઉત્પાદન મથક માટે પ્રાથમિક અને ગૌણ બળતણના છેલ્લા પ્રાપ્તિ ભાવને ગણતરીમાં લેવાશે.

૫૮.૯ ચૂનાના પથ્થર ઉતારવાના ભાવ, વીજઉત્પાદન મથક માટે ચૂનાના પથ્થરની પ્રાપ્તિ માટેના ભાવ પર આધાર રાખીને ગણવામાં આવશે. જેમાં લાગુ પડે તે પ્રમાણે રોયલ્ટી, વેરા અને જકાતનો અને પરિવહન ખર્ચનો સમાવેશ થશે.

૫૮.૧૦ વીજઉત્પાદન કંપનીઓ હિતાધિકારીઓ દ્વારા બળતણની તંગીને કારણે અને મિશ્રણ મારફત આર્થિક સંચાલનના ઇષ્ટતમ ઉપયોગને લીધે કરાર કરેલ વીજળી પૂરી પાડવાની તેમજ વીજખરીદી સમજૂતિમાં સમજૂતિ સધાઇ હોય તે સિવાયના અન્ય કોલસા આધારિત થર્મલ વીજઉત્પાદન મથકો દ્વારા બળતણ પૂરવઠાના વૈકલ્પિક સ્ત્રોતનો આંશિક કે પૂરેપૂરો ઉપયોગ કરાય તેવા કેસમાં, બળતણ પુરવઠાના વૈકલ્પિક સ્ત્રોતોના ઉપયોગની વીજઉત્પાદન મથકને અનુમતિ આપવામાં આવશે.

પરંતુ આવા કેસમાં વીજખરીદી સમજૂતિમાં ખાસ સંમતિ સધાઇ હોય તે સિવાય અન્યથા આવા કેસમાં હિતાધિકારીઓની પૂર્વ મંજૂરી પૂર્વશરત બનશે નહીં.

પરંતુ બળતણના વૈકલ્પિક સ્ત્રોતના ઉપયોગની વેઈટેજ સરેરાશ કિંમત, વિનિયમ ૫૮.૧૧ અનુસાર ગણી કાઢેલ બળતણની આધાર કિંમતના ૩૦%થી વધવી જોઇએ નહીં.

પરંતુ બળતણના વૈકલ્પિક સ્ત્રોત સહિત બળતણના ઉપયોગની વેઈટેજ સરેરાશ કિંમત પર આધારિત વીજળી ખર્ચ તે વર્ષ માટે આયોગે મંજૂર કર્યા મુજબના આધારરૂપ વીજળી ખર્ચ દરના ૩૦% કરતાં વધે તથા વૈકલ્પિક સ્ત્રોતો સાથેના બળતણના વેઈટેજ સરેરાશ બળતણની કિંમતને આધારીત વીજળી ખર્ચ, આગલા મહીના માટે બળતણની વેઈટેજ સરેરાશ કિંમત આધારીત વીજળી ખર્ચના ૨૦% કરતા વધુ હોય તો, તે પ્રસંગે બેમાંથી જે ઓછી હોય તે વિચારણામાં લેવાશે, હિતાધિકારીઓ સાથે પૂર્વ ચર્ચા વિચારણા પેહેલેથી મોડામાં મોડા ત્રણ દિવસમાં કરવામાં આવશે.

૫૮.૧૧ બિલ તૈયાર કરવા/બળતણ સરચાર્જ માટે વીજળી ખર્ચ, દરેક મથકના યુનિટમાંથી અનુસૂચિત વીજઉત્પાદન માટે વેઈટેજ સરેરાશ દરને આધારે મથકવાર ગણવામાં આવશે.

૫૮.૧૨ **બળતણની કિંમતનું સમાયોજન :**

બળતણના ભાવમાં કે ઉષ્ણતા મૂલ્યમાં તફાવતને કારણે વીજળી ચાર્જ દરના સમાયોજનની ગણતરી કરાશે અને આયોગ (ECR) (બળતણના ભાવ સમાયોજન ) વખતોવખત નક્કી કરે તે પ્રમાણે ચાર્જ લેવાશે.

૫૯. **જળવિદ્યુત વીજઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચની ગણતરી અને ચુકવણી :**

૫૯.૧ જળવિદ્યુત ઉત્પાદન મથકનો વાર્ષિક નિયત ખર્ચ, આ વિનિયમો હેઠળ નિર્દિષ્ટ ધોરણોને આધારે, વાર્ષિક ધોરણે ગણવામાં આવશે અને ક્ષમતા ખર્ચ (પ્રોત્સાહન ખર્ચ સહિત) અને વીજળી ખર્ચ અન્વયે માસિક ધોરણે વસૂલ કરાશે, જે વીજઉત્પાદન મથકની ક્ષમતામાં તેમના સંબંધિત હિસ્સાના પ્રમાણમાં હિતાધિકારીઓ દ્વારા ચૂકવવાપાત્ર થશે.

૫૯.૨ કેલેન્ડર મહિના માટે જળવિદ્યુત ઉત્પાદન મથકને ચૂકવવાપાત્ર ક્ષમતા ખર્ચ (પ્રોત્સાહન ખર્ચ સહિત) નીચે મુજબ રહેશે.

AFC x 0.5 x NDM / NDY x (PAFM / NAPAF) (રૂપિયામાં)

જ્યાં,

AFC= વર્ષ માટે નિર્દિષ્ટ વાર્ષિક નિયત ખર્ચ, રૂપિયામાં

NAPAF= સાધારણ પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર, ટકાવારીમાં

NDM = મહિનામાં દિવસોની સંખ્યા;

NDY = વર્ષમાં દિવસોની સંખ્યા;

PAFM = મહિનામાં હાંસલ કરેલ પ્લાન્ટ પ્રાપ્યતા ફેકટર, ટકાવારીમાં

૫૯.૩ PAFM નીચેની ફોર્મ્યુલા અનુસાર ગણવામાં આવશે :

$$PAFM = 10000 \times \sum_{i=1}^{N} DC_i / \{N \times IC \times (100 - AUX)\} \%$$

જ્યાં

AUX = સાધારણ સહાયક વીજળી વપરાશ, ટકાવારીમાં,

DCi = દિવસ પૂરો થયા પછી ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કર્યા પ્રમાણે, મહિનાના i દિવસ માટે જાહેર કરેલી ક્ષમતા (એક્સ બસ મે.વો. માં) જે મથકથી ઓછમાં ઓછા ત્રણ કલાક માટે મોકલી શકાય.

IC = સંપૂર્ણ વીજઉત્પાદન મથક માટે સ્થાપિત શકિત (મે.વો. માં)

N = મહિનામાં દિવસોની સંખ્યા

૫૯.૪ કેલેન્ડર મહિના દરમિયાન ગણી કાઢેલ વીજળી ખર્ચના દરે, હિતાધિકારી સુધી પૂરી પાડેલ કૂલ વીજળી માટે દરેક હિતાધિકારી પાસેથી વીજળી ખર્ચ વસૂલાતપાત્ર થશે.

વીજળી ઉત્પાદન કંપનીને મહિના માટે ચૂકવવાપાત્ર કૂલ વીજળી ખર્ચ રહેશે.

(વીજળી ખર્ચ દર કિ.વો. કલાક દીઠ રૂપિયામાં) X { વીજળી (એકસ બસ)} મહિના માટે કિ.વો. કલાકમાં

૫૯.૫ જળવિદ્યુત ઉત્પાદન મથક માટે એક્સ–પાવર પ્લાન્ટ ધોરણે કિ.વો. કલાક દીઠ રૂપિયામાં વીજળી ખર્ચ દર, (ECR) નીચેની ફોર્મ્યુલાને આધારે ત્રણ દશાંશ સ્થળ સુધી નક્કી કરાશે.

ECR = AFC x 0.5 x 10 / {DE x (100 – AUX)};

જ્યાં

DE = નીચેના વિનિયમ ૫૯.૬ ની જોગવાઇઓને આધીન રહીને, જળવિદ્યુત ઉત્પાદન મથક માટે નિર્દિષ્ટ વાર્ષિક ડિઝાઇન વીજળી, મે.વો. કલાકમાં

૫૯.૬ વર્ષ દરમ્યાન જળવિદ્યુત ઉત્પાદન મથક દ્વારા ઉત્પાદીત ખરેખર કૂલ વીજળી, વીજ ઉત્પાદન કંપનીના કાબૂ બહારના કરણોને લીધે ડિઝાઇન વીજળી કરતાં ઓછી હોય તો, રોલિંગ ધોરણે નીચેની પ્રક્રિયા લાગુ પાડવી :

(૧) વીજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખથી દશ વર્ષની અંદર વીજળીમાં ઘટ પડે તો, વીજળી ઘટવાળા વર્ષ પછીના વર્ષ માટે ECR આ વિનિયમોમાં, નિર્દિષ્ટ ફોર્મ્યુલા પ્રમાણે ગણતરી કરવી, જેમાં એટલો સુધારો કરવો કે જે પ્રમાણે વર્ષ માટેની ડિઝાઇન વીજળી ઘટના વર્ષ દરમ્યાન ઉત્પાદિત ખરેખર વીજળી સમતુલ્ય ગણવી, આગલા વર્ષ ની વીજળી ખર્ચ ઘટને બરાબર કરવામાં આવે ત્યાં સુધી સાધારણ ECR લાગુ પડાશે, તે પ્રમાણે ગણતરી કરવી.

(૨) વીજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખથી દશ વર્ષ પછી વીજળીમાં ઘટ પડે તો નીચેનો વિનિયમ લાગુ પડશે.

• ધારોકે મથક માટેની નિર્દિષ્ટ વાર્ષિક ડિઝાઇન વીજળી (ડિઝાઇન વીજળી–મે.વો. કલાક) (DE) DE MWh, છે, અને પ્રસ્તુત (પ્રથમ) તથા તે પછીના (બીજા) નાણાકીય વર્ષ દરમ્યાન ઉત્પાદિત ખરેખર વીજળી અનુક્રમે A 1 અને A 2 MWh , જ્યાં A1, DE કરતાં ઓછી હોઇ, ત્યારે, ત્રીજા નાણાકીય વર્ષ માટે ECR ગણવા માટે આ વિનિયમોની ફોર્મ્યુલામાં ધ્યાનમાં લેવાની ડિઝાઇન વીજળી (A1 + A2 – DE) MWh તરીકે મધ્યમસર કરાશે, જે અધિકતમ DE MWh અને A 1 MWh ને આધીન રહેશે;

(૩) ઉત્પાદિત ખરેખરી વીજળી (દા.ત. , A1, A2) મથકેથી બહાર મોકલેલ નેટ મીટર વીજળીને 100 / (100 – AUX) દ્વારા ગુણાકાર કરીને મેળવવામાં આવશે.

૫૯.૭ જળવિદ્યુત ઉત્પાદન મથક માટે વીજળી ખર્ચ દર (ECR) ઉપરના વિનિયમ ૫૯.૫ માં ગણતરી કર્યા મુજબ કિ.વો. કલાક દીઠ ૯૦ પૈસા વધે તો, અને વર્ષમાં વેચાણપાત્ર ખરેખર વીજળી {DE x (100 – AUX) / 10000} MWh, દીઠ વધે તો, ઉપરના વધુ વીજળી માટે, વીજળી ખર્ચ માત્ર કિ.વો. કલાક દીઠ ૯૦ પૈસા લેખે બિલમાં રહેશે.

પરંતુ વીજઉત્પાદન કંપનીના કાબૂ બહારના કારણોસર વર્ષ પછીના જે વર્ષમાં કૂલ ઉત્પાદિત વીજળી, ડિઝાઇન વીજળી કરતાં ઓછી હોય, ત્યાં આગલા વર્ષની વીજળી ખર્ચ ઘટ સરભર કરી લીધા પછી વીજળી ખર્ચ દર કિ.વો.કલાક દીઠ નેવું પૈસા ઘટાડવામાં આવશે.

૫૯.૮ ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, ઉપલબ્ધ હોવાનું જાહેર કરેલ તમામ વીજળીના મહત્તમ ઉપયોગ માટે હિતાધિકારીઓ સાથે ચર્ચા–વિચારણા કરીને જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે અનુસૂચિઓ નિયત કરશે, જે વીજમથકમાં તેમની સંબંધિત ફાળવણીના પ્રમાણમાં તમામ હિતાધિકારીઓ માટે અનુસૂચિત કરાશે.

**૬૦. પ્રોત્સાહન ચુકવણી :**

થર્મલ વીજઉત્પાદન મથક કે તેના યુનિટને, વિનિયમ–૫૩.૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સાધારણ વાર્ષિક પ્લાન્ટ વીજભાર ફેકટરને આનુષંગિક એકસ–બસ વીજળી કરતાં વધારે અનુસૂચિત વીજઉત્પાદન આનુષંગિક એકસ–બસ અનુસૂચિત વીજળી માટે કિ.વો.કલાક દીઠ ઉચ્ચક દરે ૫૦ પૈસા ચૂકવવાપાત્ર થશે.

**૬૧. જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન :**

૬૧.૧ ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા જણાવવામાં આવે તેમ અને ત્યારે તેના વીજઉત્પાદન મથકની જાહેર કરેલી ક્ષમતા, વીજઉત્પાદન કંપનીએ દર્શાવવી જરૂરી બનશે. વીજઉત્પાદન કંપની ક્ષમતા જાહેર કરવામાં નિષ્ફળ જાય તેવા કિસ્સામાં વીજઉત્પાદન કંપનીનો ક્ષમતા ખર્ચ, દંડના પગલાંરૂપે ઘટાડાશે.

૬૧.૨ એક દિવસના કોઇપણ ગાળા/બ્લોક માટે પ્રથમ ખોટી જાહેરાત માટે દંડનું પ્રમાણ બે દિવસના નિયત ચાર્જને અનુરૂપ ચાર્જ કરાશે. બીજી ખોટી જાહેરાત માટે, ચાર દિવસો માટેના નિયત ચાર્જના સમતુલ્ય દંડ વસૂલ કરાશે અને વર્ષમાં તે પછીની ખોટી જાહેરાત માટે ભૌગોલિક શ્રેઢીની રીતે દંડ વધતો જશે.

ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની સમીક્ષા માટે વીજઉત્પાદક મથકની સંચાલન લોગ બુક ઉપલબ્ધ કરવી જોઇશે. આવી બુકમાં મશીન સંચાલન અને જાળવણીની વિગતો રહેશે.

**૬૨. ખર્ચનાં બિલ બનાવવા અને ચૂકવણી :**

૬૨.૧ વાર્ષિક નિયત ખર્ચ, વીજળી ખર્ચ અને બળતણ સરચાર્જ સમાયોજનનાં બિલો અને ચુકવણી, વર્ષના અંતે સમાયોજનને આધીન રહીને, માસિક ધોરણે કરાશે.

૬૨.૨ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચમાં બિલ અને ચુકવણી માસિક ધોરણે કરાશે.

**૬૩. સીડીએમ લાભોની હિસ્સેદારી :**

૬૩.૧ મંજૂર કરાયેલ સ્વચ્છ વિકાસ તંત્ર–વ્યવસ્થા પરિયોજનામાંથી કાર્બન ક્રેડિટની ઉપજ, નીચેની રીતે વીજઉત્પાદન કંપની અને સંબંધિત હિતાધિકારીઓ વચ્ચે વહેંચાશે.

૬૩.૧.૧ વીજઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ પછીના પ્રથમ વર્ષે CDM લાભને કારણે થયેલી ૧૦૦% એકંદરે ઉપજ પરિયોજના વિકાસકર્તા રાખશે.

૬૩.૧.૨ બીજા વર્ષે હિતાધિકારીઓનો હિસ્સો ૧૦% રહેશે, જે ક્રમશઃ દર વર્ષે ૫૦% સુધી પહોંચે ત્યાં સુધી ૧૦%ના દરે વધશે, ત્યારબાદ ઊપજ વીજઉત્પાદન કંપની અને હિતાધિકારીઓ દ્વારા સરખે ભાગે વહેંચાશે.

**પ્રકરણ–૫**

**આંતર–રાજય પ્રવહન**

**૬૪. પ્રયોજ્યતા :**

**૬૪.૧** આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો, ગુજરાત રાજયમાં આંતર–રાજય પ્રવહન સિસ્ટમમાં પ્રવેશ અને ઉપયોગ માટે પ્રશુલ્ક નકકી કરવા બાબત લાગુ પડશે.

પરંતુ આયોગ, કેસના સંજોગોને ધ્યાનમાં લઈને આ ભાગમાં સમાવિષ્ટ ધોરણેથી માર્ગાન્તાર કરી શકશે અથવા કેસના સંજોગોને ધ્યાનમાં રાખીને યોગ્ય લાગે ત્યાં ચોકકસ કેસો માટેનાં વૈકલ્પિક ધોરણો નકકી કરશે.

પરંતુ આવા માર્ગાન્તર માટેના કારણો લેખિતમાં નોંધણી રખાશે.

૬૪.૨ અધિનિયમની કલમ–૩૬ના જોગવાઈ અન્વયે, પરવાનેદારે આ અંગે કરેલી અરજીના અનુસંધાનમાં ઈન્ટરવીનીંગ પ્રવહન સુવિધાઓના ઉપયોગ માટે દર, ચાર્જીસ, શરતો નિર્દિષ્ટ કરવા અંગે આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો દ્વારા આયોગ માર્ગદર્શન મેળવશે.

**૬૫. પ્રશુલ્કતા ઘટકો :**

૬૫.૧ નિયંત્રણ મુદતના દરેક નાણાકીય વર્ષ માટે વાર્ષિક પ્રવહન ખર્ચમાં, આયોગે મંજૂર કર્યા પ્રમાણે આગલા વર્ષની બિન પ્રશુલ્ક આવક, અન્ય ધંધામાંથી આવક અને ટૂંકાગાળાના પ્રવહન ખર્ચની રકમ બાદ કરતા નિયંત્રણ મુદતના સંબંધિત નાણાકીય વર્ષ માટે પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરુરિયાતની વસૂલાત માટે જોગવાઈ કરાશે.

પરંતુ, કલમ–૬૩ અનુસાર સ્પર્ધાત્મક રીતે આપેલ પ્રવહન સિસ્ટમની પરિયોજનાઓના કેસમાં અને પ્રવહન માટેની સ્પર્ધાત્મક બોલીઓ માટેની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર, વાર્ષિક પ્રવહન ચાર્જીસ, આવી સ્પર્ધાત્મક ધોરણે અપાયેલી પ્રવહન પરિયોજનાઓ દ્વારા ટાંકેલ વાર્ષિક પ્રવહન સર્વિસ (TSC) ચાર્જ અનુસાર રહેશે.

૬૫.૨ પ્રવહન પરવાનેદારના વાર્ષિક પ્રવહન ચાર્જ, આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર પ્રવહન પરવાનેદારે કરેલ એકંદર મહેસૂલી જરૂરિયાત નક્કી કરવા માટેની અરજીના આધારે આયોગ દ્વારા નકકી કરાશે.

**૬૬. મૂડીરોકાણ યોજના :**

૬૬.૧ પ્રવહન પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, પુરવઠાની ગુણવત્તામાં સુધારણા, વિશ્વસનીયતા, મીટર–વ્યવસ્થા, ગીચતામાં ઘટાડો વગેરે જરૂરિયાત પહોંચી વળવા નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડીરોકાણ યોજના, નાણાં ધિરાણ યોજના અને ભૌતિક લક્ષ્યાંકો, નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતના ભાગ તરીકે આયોગ સમક્ષ રજૂ કરશે.

પરંતુ મૂડી રોકાણ યોજના, નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે રજૂ કરાશે.

પરંતુ મૂડીરોકાણ યોજનાની સાથે જરૂર પ્રમાણે તેવી અને રુપરેખાંકનો વિગતો અને દસ્તાવેજો રાખવામાં આવશે, જેમાં bay ની સંખ્યા, નામ, અને ગ્રિડ પેટા–મથકોનાં સ્થળ, પેટા–મથક ક્ષમતા (MVA), પ્રવહન લાઈનની લંબાઈ (ckt-km) સહિત, પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં તેવી સૂચિત મૂડીરોકાણ માટેની જરૂરિયાત, વિચારેલ વિકલ્પો, ખર્ચ/લાભ પૃથ્થકરણ અને પ્રવહન ખર્ચ પર ભારણ હોય તેવાં બીજાં પાસાં દર્શાવતી માહિતી રહેશે.

૬૬.૨ પ્રવહન પરવાનેદારની મૂડીરોકાણ યોજના આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમ માટેની પ્રવહન સિસ્ટમ યોજના સાથે સુસંગત રહેશે.

**૬૭. સંચાલન માટેનાં ધોરણો :**

પ્રવહન સિસ્ટમ માટે લક્ષ્યાંક ઉપલભ્યતા નીચે પ્રમાણે રહેશે.

(૧) વાર્ષિક પ્રવહન ખર્ચની સંપૂર્ણ વસૂલાત માટે :

(ક) એ.સી સિસ્ટમ – ૯૮ ટકા

(ખ) HVDC બાય–પોલ લિંક અને HVDV બેક ટુ બેક મથકો – ૯૫ ટકા

**નોંધ– ૧ :**

લક્ષ્યાંક ઉપલભ્યતાથી નીચેના વાર્ષિક પ્રવહન ચાર્જીસની વસૂલી ભાગે પડતી હોવી જોઇએ. શૂન્ય ઉપલભ્યતા એ કોઇ પ્રવહન ચાર્જીસની ચૂકવણી કરશે નહીં.

**નોંધ– ૨ :**

ખરેખરી પ્રાપ્યતા આ વિનિયમોના જોડાણ–૨ માં આપેલી જોગવાઇ અનુસાર ગણવામાં આવશે અને આ વિનિયમોના પરિશિષ્ટ–૧ અને જોડાણ–૨ માં નિર્દિષ્ટ ઢાંચા પ્રમાણે ગુજરાત રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કરાશે.

પરંતુ નવા HVDC મથકો માટે, લક્ષ્યાંક પ્રાપ્યતા પ્રોત્સાહનના હેતુસર સંચાલનનાં પ્રથમ ત્રણ વર્ષ માટે ૯૫% ગણવામાં આવશે.

પરંતુ વધુમાં ૯૯.૭૫% ઉપરની પ્રાપ્યતા માટે કોઇ પ્રોત્સાહન ચૂકવવાપાત્ર થશે નહીં.

પરંતુ એ.સી સિસ્ટમ માટે, વર્ષ દીઠ બે ટ્રિપીંગની મંજૂરી મળશે અને વર્ષ માં બે ટ્રિપીંગ પછી, ખરેખર અનુપયોગ કાળ ઉપરાંત વધારાના ૧૨ કલાકનો અનુપયોગકાળ ધ્યાનામાં લેવામાં આવશે.

પરંતુ વીજઉત્પાદન મથકેથી વીજળી ખાલી કરવા પર અસર કરતાં પ્રવહન તત્વના અનુપયોગના કેસમાં પણ અનુપયોગના કલાકને ૨ ના ફેકટરથી ગુણવામાં આવશે.

**૬૮. એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરી :**

૬૮.૧ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં નીચેનાનો સમાવેશ થશે, જેમકે,

(ક) ઘસારા–ખર્ચ;

(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ;

(ગ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને પ્રવહન સિસ્ટમ વપરાશકર્તા પાસેથી અનામત;

(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ચ) આકસ્મિક અનામતમાં ફાળો, કાંઇ હોય તો;

(છ) ઇકવીટી પર રીટર્ન;

બાદ

(જ) પ્રશુલ્ક સિવાયની આવક

(ઝ) છેલ્લા ઓડિટ કરાયેલા આંકડાને આધારે અંદાજીત ટૂંકા ગાળાના પ્રવહન ખર્ચમાંથી આવક; અને

(ટ) બીજા ધંધામાંથી આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવક :

પરંતુ આ વિનિયમોના પ્રકરણ–૩માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર પ્રવહન પરવાનેદાર માટે ઘસારા ખર્ચ, લોન મૂડી પર વ્યાજ અને નાણાધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇકવીટી પર રીટર્ન મળશે.

પરંતુ વધુમાં, આયોગ, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોના આધારે, ટ્રુ–અપ કામગીરી કરતી વખતે, મુદત પૂર્વેની આવક/ખર્ચને મંજૂર કરશે.

૬૮.૨ સંચાલન અને નિભાવ ખર્ચ

૬૮.૨.૧ હાલના પ્રવહન પરવાનેદાર

**ગુજરાત વીજળી પ્રવહન કંપની લીમીટેડ (જેટકો)**

**કોઠો– ૧૪ : સંચાલન અને નિભાવ ખર્ચ– Bay દીઠ રૂ.લાખમાં અને ckt.km. દીઠ રૂ. લાખમાં**

| વિગતો | નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ | નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ | નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ | નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ | નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ |
|---|---|---|---|---|---|
| સંચાલન અને નિભાવ ખર્ચ/ Bay | ૭.૬૦ | ૮.૦૪ | ૮.૫૦ | ૮.૯૮ | ૯.૫૦ |
| સંચાલન અને નિભાવ ખર્ચ/ ckt km | ૦.૬૪ | ૦.૬૮ | ૦.૭૨ | ૦.૭૬ | ૦.૮૧ |

પરંતુ પ્રવહન પરવાનેદારે, ટ્રુ–અપ કામગીરી કરતી વખતે વર્ષ દરમિયાન, બે **(Bay)** ની સંખ્યા અને ઉમેરેલ પ્રવહન લાઇનની સર્કિટ કિલોમીટર માટે મુખ્ય વીજળી નિરીક્ષક પાસેથી પ્રમાણપત્ર લઇને રજૂ કરવાનું રહેશે.

૬૮.૨.૨ **નવા પ્રવહન પરવાનેદાર માટે :**

નવા પ્રવહન પરવાનેદારો માટે વર્ષવાર સંચાલન અને નિભાવ ધોરણો કેસથી કેસના ધોરણે નકકી કરાશે.

પરંતુ સ્પર્ધાત્મક બોલીઓને ધોરણે આપવામાં આવેલી નવી પરિયોજનાઓને તે ધોરણો લાગુ પડશે નહીં.

**સ્પષ્ટીકરણ–૧ :**

**'નવા પ્રવહન પરવાનેદાર'** એટલે આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખ પછી, આયોગે જેમને માટે પ્રવહન લાઈસન્સ મંજૂર કર્યુ અને જેમની પ્રવહન પરિયોજના અસ્કયામતો ૩૧ માર્ચ, ૨૦૧૬ પછી શરૂ કરવામાં આવી તે પ્રવહન પરવાનેદાર

**સ્પષ્ટીકરણ–૨ :**

વિનિયમ ૬૮.૨.૧ અન્વયે સાધારણ સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવાના હેતુ માટે બે **(Bay)** એટલે પ્રવહન પરવાનેદારના પેટા–મથકે પ્રવહન લાઈન, બસ સેકશન બેકરો, સંભવિત ટ્રાન્સફોર્મરો, પાવર ટ્રાન્સફોર્મરો, કેપેસિટર્સ અને ટ્રાન્સફર બ્રેકર અને બસમાંથી નીકળતાં ફીડરોને જોડવા માટે જરૂરી સહાયક સામગ્રીનો સેટ. વધુમાં અહીં ઉલેખ કરેલ **Bay** માં માત્ર પ્રવહન પેટા–મથકના બે **(Bay)** નો જ સમાવેશ થશે અને જેમના નિભાવની જવાબદારી સામાન્યપણે વીજઉત્પાદન કંપનીની હોય તેવા વીજઉત્પાદન મથકના સ્વિચયાર્ડના કોઇપણ બે **(Bay)** નો સમાવેશ થશે નહીં.

૬૮.3 **આકસ્મિક અનામતમાં ફાળો :**

૬૮.૩.૧ પ્રવહન પરવાનેદાર, દર વર્ષે, વર્ષની શરૂઆતમાં નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના ૦.૫ ટકા કરતાં વધુ ન હોય, તેવી રકમ આકસ્મિક અનામત (રીઝર્વ) માં વિનિયોગ કરી શકશે, જેને એકંદર મહેસૂલી જરૂરિયાતાની ગણતરીમાં પરવાનગી અપાશે.

પરંતુ આવા આકસ્મિક અનામતની રકમ નિયત અસ્કયામતોની ૫ ટકા કરતાં વધી જાય ત્યાં, આવા કોઇ વિનિયોગને છૂટ અપાશે નહીં, જેની ઉકત અધિકતમ રકમ ઉપરાંતના અનામતા પર વધારો થવાની અસર પડશે.

પરંતુ વધુમાં નાણાકીય વર્ષ પુરૂં થવાના છ મહિનાની મુદતમાં આવી વિનિયોગ કરાયેલી રકમ, ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિકતમ અન્વયે અધિકૃત જામીનગીરીઓમાં રોકવામાં આવી શકે.

પરંતુ આ રીતે વિનિયોગ કરાયેલી રકમ આ રીતે જામીનગીરીઓમાં રોકવામાં ન આવે તો, પ્રવહન પરવાનેદાર દ્વારા અર્જીત ખરેખર વ્યાજની આવક કે જે તે વર્ષ માટેના વેઇટિજ એવરેજ સ્ટેટબેંક રેટ પર ગણવામાં આવે તે પ્રસંગે પ્રવહન પરવાનેદારની બિન–પ્રશુલ્ક આવક હેઠળ સમાવિષ્ટ કરાશે.

૬૮.૩.૨ આયોગે મંજૂર કરેલા ખર્ચ સિવાયના ખર્ચને, કે જે નીચે મુજબ છે તેને પહોંચી વળવા લાઇસન્સની મુદત દરમ્યાન આકસ્મિક ઉપાડ કરી શકાશે નહીં.

(ક) મેનેજમેન્ટ અટકાવી ન શકે તેવા અકસ્માતો, કુદરતી આફતો કે સંજોગોને કારણે થતાં ખર્ચ કે નફામાં નુકશાન,

(ખ) સાધારણ નિભાવ કે નવીકરણ માટે જરૂરિયાત ખર્ચ સિવાયના અન્ય પ્લાન્ટ કે કામોની ફેરબદલી કે તે દૂર કરવા અંગે ખર્ચ,

(ગ) તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે અને તેના માટે બીજી કોઇ જોગવાઇ ન કરી હોય ત્યારે ચૂકવવાપત્ર વળતર.

પરંતુ વીમા કવચ અને સરકારી અનુદાન જો કોઇ હોય તો, તેના ભાગ તરીકે પરવાનેદારને મળતાં બીજા કોઇ વળતરનું સમાયોજન કર્યા પછી આકસ્મિક અનામતમાંથી કરેલ આવો ઉપાડ ગણતરીમાં લેવાશે.

૬૮.૩.3 ઉપર દર્શાવેલ આકસ્મિક અનામતના મૂલ્યમાં કોઇ ઘટાડાનું પ્રશુલ્કના ભાગ તરીકે સમાયોજન કરવા દેવામાં આવશે નહીં.

૬૯. બિન–પ્રશુલ્ક આવક :

૬૯.૧ આયોગે મંજૂર કર્યા પ્રમાણે પ્રવહન ધંધાને લગતી બિનપ્રશુલ્ક આવકની રકમ, પ્રવહન પરવાનેદારના વાર્ષિક પ્રવહન ચાર્જ નકકી કરવા, એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ પ્રવહન પરવાનેદાર, એકંદર મહેસૂલી જરૂરિયાત નકકી કરવાની તેની અરજીની સાથે બિનપ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરી વિગતો આયોગ સમક્ષ રજુ કરશે.

૬૯.૨ બિન–પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે પ્રમાણે રહેશે.

(ક) જમીન કે મકાનો પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક રોકાણોમાંથી આવક;

(ઘ) આકસ્મિક અનામત મૂડી રોકાણ પર વ્યાજની આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજની આવક;

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(જ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું;

(ઝ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી આવક;

(ટ) જાહેરખબરમાંથી આવક, વગેરે;

(ઠ) સમાંતર સંચાલન ખર્ચ જેવી મિસેલેનીઅસ રીસીપ્ટ;

(ડ) વાર્ષિક હિસાબો અનુસાર અનુદાન, સહાયકી વગેરેમાંથી વિલંબિત આવક;

(ઢ) પ્રત્યક્ષ ખરાઇ પર જણાયેલ વધારો;

(ણ) મૂડી રોકાણો, નિયત અને કોલ અનામતો અને બેંક પુરાંત પર વ્યાજ;

(ત) મુદત પૂર્વેની આવક વગેરે.

પરંતુ પ્રવહન પરવનેદારના નિયંત્રણ ધંધાને આનુષંગિક ઇકવીટી પરના રીટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંથી અર્જીત વ્યાજ/ડિવિન્ડનો બિનપ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

૭૦. **અન્ય ધંધામાંથી આવક :**

પ્રવહન પરવાનેદાર કોઇ અન્ય ધંધામાં રોકાયેલ હોય ત્યાં આવા ધંધાને સંબંધિત પ્રત્યક્ષ અને પરોક્ષ તમામ ખર્ચને બાદ કર્યા પછી આવા અન્ય ધંધામાંથી બે તૃતીયાંશ જેટલી આવક બરાબર રકમ પ્રવહન પરવાનેદારના વાર્ષિક પ્રવહન ખર્ચ ગણવામાં એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ પ્રવહન પરવાનેદાર, પ્રવહન ધંધા અને અન્ય ધંધા વચ્ચે થયેલ તમામ સંયુકત અને સામાન્ય ખર્ચની ફાળવણી કરવા વાજબી આધારને અનુસરશે અને ઔદ્યોગિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક, પ્રશુલ્ક નકકી કરવાની અરજીની સાથે આયોગને સોંપશે.

પરંતુ આવા અન્ય ધંધાના પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચનો કૂલ સરવાળો, આવા બીજા ધંધાની આવક કરતાં વધી જાય ત્યાં આવા બીજા ધંધાને કારણે રકમ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ઉમેરવા દેવામાં આવશે નહીં.

૭૧. **પ્રવહન ખર્ચ નકકી કરવું :**

૭૧.૧ આયોગ, પ્રવહન પરવાનેદારની પ્રવહન સિસ્ટમના ઉપયોગ માટે વાર્ષિક પ્રવહન ખર્ચ એ રીતે નકકી કરશે કે જેથી આયોગે મંજૂર કર્યા મુજબ નાણાકીય વર્ષ માટેની પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત વસૂલ કરવામાં આવે.

૭૧.૨ પ્રવહન પરવાનેદારની વાર્ષિક પ્રવહન ખર્ચ, આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર પ્રશુલ્ક નકકી કરવા માટે પ્રવહન પરવાનેદારે કરેલી અરજીના આધારે આયોગ દ્વારા નકકી કરાશે.

૭૨. **આંતર–રાજય પ્રવહન નેટવર્ક માટે ખર્ચમાં હિસ્સેદારી :**

૭૨.૧ આયોગ દ્વારા મંજૂર કર્યા પ્રમાણે પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત, નીચેની ફોર્મ્યુલા અનુસાર, કૂલ કરાર કરાયેલ પ્રવહન ક્ષમતાના પ્રમાણમાં તેમની સંબંધિત કરારયુકત પ્રવહન ક્ષમતાના ગુણોત્તરમાં, માસિક ધોરણે પ્રવહન સિસ્ટમના તમામ લાંબાગાળાના વપરાશકર્તા અને મધ્યમ ગાળાના વપરાશકર્તા દ્વારા વહેંચાશે.

$$ATCn = (\text{પ્રવહન } ARR \times CCn \div SCC) \div 12$$

જ્યાં

ATCn = લાંબા ગાળાના અથવા મધ્યમ ગાળાના નંબર વપરાશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર વાર્ષિક પ્રવહન ખર્ચ;

પ્રવહન ARR = આ વિનિયમોના વિનિયમ ૬૮ અનુસાર નકકી કરાયેલ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત;

CCn = પ્રવહન સિસ્ટમના n નંબરના લાંબાગાળાના વપરાશકર્તા કે મધ્યમ ગાળાના વપરાશકર્તા દ્વારા કરાર કરેલ ક્ષમતા મે.વો. માં

SCC = પ્રવહન સિસ્ટમના સર્વ લાંબાગાળાના વપરાશકર્તા કે મધ્યમગાળાના વપરાશકર્તા દ્વારા કરાર કરેલ ક્ષમતાનો મે.વો. માં સરવાળો.

પરંતુ, પ્રવહન સિસ્ટમના દરેક લાંબાગાળાના વપરાશકર્તા કે મધ્યમ ગાળાના વપરાશકર્તા દ્વારા માસિક ધોરણે ATCs ચૂકવવાપાત્ર થશે, અને તે રાજ્ય પ્રવહન યુટીલીટી (STU ) દ્વારા એકત્રિત કરવામાં આવશે.

૭૨.૨ પ્રવહન સિસ્ટમના ટૂંકા ગાળાના વપરાશકર્તા નીચેની ફોર્મ્યુલા અનુસાર રૂ/મે.વો./દિવસના ધોરણે પ્રવહન ખર્ચ ચૂકવશે.

TC (રૂ. /મે.વો/દિવસ) = (પ્રવહન ARR ÷ SCC) ÷ ૩૬૫,

જ્યાં

TC (રૂ. /મે.વો/દિવસ) = (પ્રવહન સિસ્ટમના ટૂંકા ગાળાના વપરાશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ;

પ્રવહન ARR = આ વિનિયમોના વિનિયમ-૬૮ અનુસાર નક્કી કરાયેલ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત;

SCC = પ્રવહન સિસ્ટમના તમામ લાંબાગાળાના વપરાશકર્તા અને મધ્યમગાળાના વપરાશકર્તા દ્વારા કરારયુક્ત ક્ષમતાનો સરવાળો મે.વો. માં;

૭૨.૩ વીજળી વિનિયમ મારફત ટૂંકાગાળાની એકત્રિત લેવડ-દેવડો માટે પ્રવહન ખર્ચ, નીચેની ફોર્મ્યુલા અનુસાર (રૂ. / કિ.વો. કલાક) માં નક્કી કરાશે.

TC (રૂ. / કિ.વો.કલાક) = પ્રવહન ARR ÷ વ્હીલ કરેલ કૂલ યુનિટ,

જ્યાં,

TC (રૂ. / કિ.વો.કલાક) = વીજળી વિનિયમ મારફત ટૂંકાગાળાની એકત્રિત લેવડ-દેવડમાં ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ;

પ્રવહન ARR = આ વિનિયમોના વિનિયમ-૬૮ અનુસાર નક્કી કરાયેલ પ્રવહન પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાત;

વ્હીલ કરેલ કૂલ યુનિટો = પ્રવહન સિસ્ટમ દ્વારા વ્હીલ કરેલ કૂલ વીજળી યુનિટો, જે નાણાકીય વર્ષ દરમ્યાન આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમમાં કરેલ કૂલ વીજળી નિવેશની બરાબર રહેશે.

૭૨.૪ નિયંત્રણ મુદતના દરેક વાર્ષિક મુદત માટે ટૂંકાગાળાના ખુલ્લા પ્રવેશના ખર્ચમાંથી મહેસૂલ, નિયંત્રણ મુદત શરૂ થયાના એક વર્ષ પૂર્વે વાર્ષિક મુદત દરમ્યાન પ્રવર્તમાન હોય તે મુજબ ગણવામાં આવશે. આમછતાં, ટૂંકાગાળાના ખુલ્લા પ્રવેશ ચાર્જમાંથી ખરેખરા મહેસૂલમાં તફાવતને કારણે સમાયોજન, વાર્ષિક ટ્રુ-અપ કરતી વખતે હાથ ધરાશે.

**૭૩. પ્રોત્સાહન :**

૭૩.૧ પ્રવહન પરવાનેદાર, નીચેની ફોર્મ્યુલા અનુસાર વિનિયમ ૬૭(૨) હેઠળ ઠરાવેલ લક્ષ્યાંક પ્રાપ્યતા ઉપરાંતની વાર્ષિક પ્રાપ્યતામાં વધારો કરવા પ્રોત્સાહન માટે હકદાર બનશે.

$$\text{પ્રોત્સાહન} = ATC \times \frac{[\text{વાર્ષિક હાંસલ કરેલ પ્રાપ્યતા} - \text{લક્ષ્યાંક પ્રાપ્યતા}]}{\text{લક્ષ્યાંક પ્રાપ્યતા}}$$

જ્યાં ATC = સંબંધિત વર્ષ માટે પ્રવહન પરવાનેદારની પ્રવહન સિસ્ટમ માટે આયોગે નક્કી કરેલ વાર્ષિક પ્રવહન ખર્ચ

૭૩.૨ વર્ષ માટે તેમની ફાળવેલ સરેરાશ પ્રવહન ક્ષમતાના ગુણોત્તરમાં લાંબાગાળાના અને મધ્યમગાળાના વપરાશકર્તાઓ દ્વારા પ્રોત્સાહનમાં વહેંચણી કરાશે.

**૭૪. આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમનો ઉપયોગ :**

૭૪.૧ ખુલ્લા પ્રવેશની લેવડ-દેવડોને લગતી તમામ બાબતો આયોગ દ્વારા વખતોવખત બહાર પડતાના આદેશો મારફત સુધારા કર્યા મુજબ અને લાગુ પડે તે પ્રમાણે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતરરાજ્ય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો, ૨૦૧૧ અનુસાર હાથ ધરવામાં આવશે.

૭૪.૨ આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આંતર-રાજ્ય પ્રવહન ઉપયોગ માટેનું ખર્ચ વિવિધ પ્રવહન સિસ્ટમ યુનિટોમાં વહેંચાશે.

**૭૫. પ્રવહન ઘટ :**

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નક્કી કરાયા પ્રમાણે, પ્રવહન પરવાનેદારની પ્રવહન સિસ્ટમની વીજળી ખાધ, પ્રવહન સિસ્ટમના વપરાશકર્તાઓ, આંતર-રાજ્ય પ્રવહન સિસ્ટમના તેમના ઉપયોગના પ્રમાણમાં ભોગવશે.

૭૬. **ભારત સરકારની કોઇપણ યોજનાની પારિણામિક અસર**

અન્ય એકમો દ્વારા એકમ/એકમો માટે ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ પર, એકમ/એકમો માટે પ્રવહન ખર્ચ, પ્રોત્સાહન અને ખાધ જતી કરવા/ ઘટાડો કરવાની ભારત સરકારની કોઇપણ યોજનાની પારિણામિક અસર અંગે આયોગે વખતોવખત બહાર પાડેલા અલગ આદેશો મારફત કામગીરી હાથ ધરાશે.

**પ્રકરણ-૬**

**રાજય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ખર્ચ :**

૭૭. **પ્રયોજ્યતા :**

રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા વસૂલ કરવાની ફી અને ખર્ચ નકકી કરવા, આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો લાગુ પડશે.

૭૮. **મૂડી રોકાણ યોજના :**

૭૮.૧ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાત ભાગ તરીકે આયોગની મંજૂરી માટે દર વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના, નાણા-ધિરાણ યોજના અને ભૌતિક લક્ષ્યાંક રજૂ કરશે.

૭૮.૨ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, આ વિનિયમોના પ્રકરણ-૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મૂડીરોકાણ યોજના રજૂ કરશે.

૭૯. **વીજ ઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી ખર્ચ લેવો અને વસૂલાત :**

૭૯.૧ રાજય વીજભાર રવાનગી કેન્દ્રે કરેલું તમામ ખર્ચ અલગથી હિસાબે લેવાશે.

૭૯.૨ વીજળી અધિનિયમની કલમ-૩૨ માં નિર્દિષ્ટ કરેલાં કાર્યો બજાવવામાં, રાજય વીજભાર રવાનગી કેન્દ્રએ કરેલું ખર્ચ વીજઉત્પાદન કંપની, પરવાનેદાર અને મધ્યમગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી ચાર્જીસ મારફત વસૂલ કરાશે.

૭૯.૩ વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદાર અને મધ્યમગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી વસૂલ કરવાનું ખર્ચ નીચેના ખર્ચને ધ્યાનમાં લઈને નકકી કરાશે.

(ક) સંચાલન અને નિભાવ ખર્ચ

(ખ) ઘસારા-ખર્ચ

(ગ) વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ

(ઘ) કાર્યકારી મૂડી પર વ્યાજ

(ચ) ઈક્વિટી પર રીટર્ન

બાદ

(છ) બિન-પ્રશુલ્ક આવક :

પરંતુ, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર માટે ઘસારા ખર્ચ, વ્યાજ અને નાણા-ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઈક્વિટી પર રિટર્નની, આ વિનિયમોના પ્રકરણ-૩ માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં વિવેકપૂર્ણ તપાસને આધીન, કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોને આધારે ટ્રુ-અપ કામગીરી કરતી વખતે આયોગ દ્વારા પૂર્વ-મુદતી આવક/ખર્ચ મંજૂર કરાશે.

૭૯.૪ **સંચાલન અને નિભાવ ખર્ચ :**

(ક) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે વીમા સહિત સંચાલન અને નિભાવ ખર્ચ તારવવામાં આવશે.

(ખ) વીમા સહિત આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ધ્યાનમાં લેવાશે અને ૨૦૨૦- ૨૧ સુધીના પાછળના નાણાકીય વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ કાઢવા ૫.૭૨ % ના વૃદ્ધિ ફેકટર પ્રમાણે વર્ષોવર્ષ વધારાશે.

૮૦. **બિનપ્રશુલ્ક આવક :**

૮૦.૧ આયોગે મંજૂર કર્યા પ્રમાણે રાજય વીજભાર રવાનગી કેન્દ્રને લગતા બિનપ્રશુલ્ક આવકની રકમ, રાજય વીજભાર રવાનગી કેન્દ્રના ચાર્જીસ નકકી કરવામાં એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તેવા ફોર્મમાં, આયોગને બિન–પ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરી વિગતો રજૂ કરશે.

૮૦.૨ બિનપ્રશુલ્ક આવક અન્વયે વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે પ્રમાણે ધ્યાનમાં લેવામાં આવશે.

(ક) જમીન કે મકાન પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ;

(ઘ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(ચ) કોન્ટ્રાકટરો પાસેથી ભાડું;

(છ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી થતી આવક;

(જ) અનુસૂચિ તૈયાર કરવા અને સિસ્ટમ સંચાલન ખર્ચ;

(ઝ) અરજી ફી, વગેરે જેવી મિસેલેનીયસ રીસીપ્ટ;

(ટ) પ્રત્યક્ષ ખરાઇ પર જણાયેલ વધારો;

(ઠ) મૂડી રોકાણો, નિયત અને કોલ અનામતો અને બેંક પૂરાંત પર વ્યાજ;

(જ) પૂર્વે મુદતની આવક વગેરે;

પરંતુ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ઇક્વિટી પરના રિટર્નમાંથી કરેલ મૂડી રોકાણમાંની અર્જીત વ્યાજ/ ડિવિડન્ડનો બિન–પ્રશુલ્ક આવકમાં સમાવેશ કરાશે નહીં.

**૮૧. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને અરજી નક્કી કરવા :**

આયોગે માંગેલ તમામ માહિતી અને સ્પષ્ટીકરણ રજૂ કરવામાં આવ્યાં છે અને તમામ સંબંધિત પક્ષકારોને પૂરતી તક આપવામાં આવી છે એવી આયોગને ખાતરી થતાં, તે અંદાજીત ખર્ચ પર યોગ્ય આદેશો પસાર કરશે અને વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ પાસેથી વસૂલપાત્ર ફી અને ચાર્જીસ નક્કી કરશે.

૮૧.૨ આયોગે નક્કી કરેલ ફી અને ચાર્જ, આગામી સુધારણાને મંજૂર ન અપાય ત્યાં સુધી કાયદેસર ગણાશે.

૮૧.3 આ વિનિયમોના પ્રકરણ–૨ અનુસાર, આયોગ દ્વારા રાજ્ય વિજભાર રવાનગી કેંન્દ્ર દ્વારા કરવામાં આવેલ અરજીને આધારે રાજ્ય વિજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ નક્કી કરવામાં આવશે.

૮૧.૪ ગ્રિડના ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા, આયોગ નક્કી કરે તે પ્રમાણે આવી અનુસૂચિ તૈયાર કરવાની અને સિસ્ટમ સંચાલનના ચાર્જની ચુકવણી કરશે.

**૮૨. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ખર્ચના બિલો તૈયાર કરવા અને તેની વસૂલાત કરવી**

૮૨.૧ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, નીચેની ફોર્મ્યુલાને આધારે, આગલા મહિનાના છેલ્લા દિવસ પછીના સાત દિવસની અંદર દરેક બિલિંગ મહિના માટે વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ મુદતના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ અંગે જરૂરી માસિક બિલો મોકલશે.

**મહિના માટે ચૂકવવાપાત્ર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના ચાર્જીસ** = (SC/12) * (ACi/SACi)

**જ્યાં**

SC = વર્ષ માટે મંજૂર કરેલ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની એકંદર મહેસૂલી જરૂરિયાત;

ACi = 'i' મહિના માટે વિજઉત્પાદન મથકના કેસમાં ખરેખર સ્થાપિત શક્તિ/વેચાણકર્તાના કેસમાં લાંબાગાળા અને મધ્યમગાળાની કરારયુક્ત ક્ષમતાઓ/વિતરણ પરવાનેદારના કેસમાં એકંદરે ફાળવેલી ક્ષમતા અને કરારયુક્ત ક્ષમતા/ખરીદકર્તાના કેસમાં લાંબાગાળાની કરારયુક્ત ક્ષમતા;

SACi = ' i' મહિના માટે વીજઉત્પાદન મથકોના (ગુજરાતની અંદર) કેસમાં ખરેખર સ્થાપિત શક્તિનો સરવાળો, વેચાણકર્તાઓના કેસમાં લાંબાગાળા અને મધ્યમ ગાળાની કરારમુક્ત ક્ષમતા, વિતરણ પરવાનેદારના કેસમાં એકંદર ફાળવેલ ક્ષમતા અને ખરીદકર્તાના કેસમાં લાંબાગાળાની કરારમુક્ત ક્ષમતા :

૮૨.૨ વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ, બિલ મળ્યાની તારીખથી પંદર (૧૫) દિવસની અંદર બાકી રકમની રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને ચુકવણી કરશે.

૮૨.3 નિયત તારીખની અંદર ચુકવણી ન કરાય તો, સંબંધિત નાણાકીય વર્ષની ૧લી, એપ્રિલે પ્રવર્તમાન સ્ટેટ બેંક આધાર દર પર વધુ બસો પચાસ પોઇન્ટસના દરે વણચૂકવાયેલી રકમ પર શિક્ષાત્મક વ્યાજ ચૂકવશે.

૮૨.૪ વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને મધ્યમ ગાળાના ખુલ્લા પ્રવેશના હિતાધિકારીઓ, વૈધાનિક ચુકવણીઓ સિવાય બીજી તમામ ચુકવણીઓથી ઉપર આ ચાર્જ ચુકવણી ગોઠવણ અગ્રતા ધોરણે કરશે.

૮૩. **ગ્રિડ જોડાણ માટે અરજી :**

૮૩.૧ ગ્રિડના પ્રવેશ માગતી વીજઉત્પાદન કંપનીઓ, પરવાનેદારો અને હિતાધિકારીઓ, વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (આંતર-રાજ્ય ખુલ્લા પ્રવેશ અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૧ના અનુસાર, વાર્ષિક પ્રશુલ્ક આદેશોમાં આયોગે નક્કી કરેલી ફી સાથેની અરજી રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને મોકલશે.

૮૩.૨ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, અરજી ચકાસ્યા પછી અને અરજીમાં રજૂ કરેલી માહિતીની સંપૂર્ણતા સાચાપણાની ખાતરી કર્યા પછી તેનો સ્વીકાર કર્યાની અરજદારને યોગ્ય રીતે જાણ કરીને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રના રેકર્ડમાં અરજીની નોંધણી કરશે.

૮૪. **રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રનું વિકાસ ફંડ :**

રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની એક વખત સ્વતંત્ર કંપની તરીકે રચના થાય એટલે તેણે દાખલ કરેલી પીટીશનને આધારે આયોગને યોગ્ય જણાય તે પ્રમાણે તેવા હેતુસર અને તેવા આવકના સાધનોમાંથી એક અલગ વિકાસ ફંડ ઉભું કરી જાળવવાની આયોગ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને પરવાનગી આપશે.

## પ્રકરણ- ૭

## વિતરણ વાયર ધંધો

૮૫. **પ્રયોજયતા :**

આ પ્રકરણમાં સમાવિષ્ટ વિનિયમો, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ઉપયોગ માટે ચૂકવવાપાત્ર પ્રશુલ્ક નક્કી કરવામાટે લાગુ પડશે.

૮૬. **વિતરણ વાયર ધંધા માટે એકંદર મહેસૂલી જરૂરિયાતના ઘટકો :**

વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધા માટે એકંદર વ્હીલીંગ ખર્ચ, એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઇ કરશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે:

(ક) ઘસારા-ખર્ચ;

(ખ) લોન મૂડી પર વ્યાજ અને નાણા-ધિરાણ ખર્ચ;

(ગ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ પાસેથી અનામત;

(ઘ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ચ) આકસ્મિક અનામતમાં ફાળો, કોઇ હોય તો;

બાદ

(છ) બિન-પ્રશુલ્ક આવક અને ;

(જ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણમાં અન્ય ધંધામાંથી આવક :

પરંતુ આ વિનિયમોના પ્રકરણ-૩ માં નિર્દિષ્ટ જોગવાઇઓ અનુસાર વિતરણ વાયર ધંધા માટે ઘસારા ખર્ચ, લોન મૂડી પર વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઇક્વિટી પર રિટર્ન પર મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં વિવેકપૂર્ણ તપાસને આધીન, કેસથી કેસના ધોરણે, ઓડિટ કરેલા હિસાબોને આધારે ટ્રુ-અપ કરતી વખતે આયોગ દ્વારા પૂર્વ મુદતી આવક/ખર્ચ મંજૂર કરાશે.

પરંતુ આ વિનિયમોના પ્રકરણ-૨ અનુસાર વિતરણ પરવાનેદારે કરેલ પ્રશુલ્ક નિર્ણય માટેની અરજીના આધારે આયોગ દ્વારા વિતરણ પરવાનેદારનું વ્હીલીંગ ચાર્જ નક્કી કરાશે.

પરંતુ, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તે પ્રમાણે વિતરણ સિસ્ટમ વપરાશકર્તા પાસેથી વસૂલાતના હેતુ કે આવું કોઇ મૂલ્ય નક્કી કરવા, વ્હીલીંગ ચાર્જનું રૂપિયા/કિ.વો.ક.ના સંદર્ભમાં મૂલ્ય નક્કી કરાશે.

૮૬.૨ **સંચાલન અને નિભાવ ખર્ચ :**

(ક) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરાં થતાં ત્રણ વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને ધોરણે સંચાલન અને નિભાવ ખર્ચ તારવવામાં આવશે.

(ખ) આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે ગણાશે અને પછીના ૨૦૨૦-૨૧ સુધીના નાણાકીય વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવા, ૫.૭૨%ના વૃદ્ધિ ફેક્ટર પ્રમાણે વર્ષોવર્ષ વધારવામાં આવશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આ વિનિયમો અમલમાં આવ્યાની તારીખે ઓછામાં ઓછા ત્રણ (૩) વર્ષ કરતા ઓછા સમયથી સંચાલિત હોય તો, સંચાલન અને નિભાવ ખર્ચ કેસથી કેસના ધોરણે નકકી કરાશે.

**૮૬.૩ આકસ્મિક અનામતોમાં ફાળો :**

૮૬.૩.૧ વિતરણ પરવાનેદાર, વર્ષની શરૂઆતમાં નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના વધુમાં વધુ ૦.૫% સુધીની રકમનો આકસ્મિક અનામત ખાતે વિનિયોગ કરી શકશે, જેને એકંદર મહેસૂલી જરૂરિયાતની ગણતરીમાં મંજૂરી અપાશે.

પરંતુ આવા આકસ્મિક અનામતની રકમ નિયત અસ્કયામતોના મૂળ ખર્ચના પાંચ(૫) ટકા કરતાં વધી જાય ત્યાં, ઉક્ત અધિકતમ રકમ ઉપરાંત વધેલા અનામતની અસર રહે તેવો કોઇ વિનિયોગ કરવાની મંજુરી આપશે નહીં.

પરંતુ વધુમાં આ રીતે વિનિયોગ કરાયેલી રકમનું ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિનિયમ હેઠળ અધિકૃત જામીનગીરીઓમાં રોકાણ કરી શકાશે અથવા નાણાકીય વર્ષ પૂરૂં થયાના છ મહિનાની મુદતમાં કોઇપણ જામીનગીરીમાં રોકાણ કરી શકાશે.

પરંતુ આ રીતે વિનિયોગ કરાયેલી રકમનું જામીનગીરીઓમાં રોકાણ કરાય તો વિતરણ પરવાનેદાર દ્વારા અર્જીત ખરેખરા વ્યાજની આવક, બિન-પ્રશુલ્ક આવક અન્વયે સમાવિષ્ટ કરાશે.

પરંતુ આવી વિનિયોગ કરાયેલી રકમનું જામીનગીરીઓમાં રોકાણ ન કરાય તો વર્ષ માટે વેઇટેજ સરેરાશ સ્ટેટ બેંક આધાર દર પ્રમાણે ગણી કાઢેલ, સાધારણ વ્યાજ આવક વિતરણ પરવાનેદારની બિનપ્રશુલ્ક આવક હેઠળ સમાવિષ્ટ કરાશે.

૮૬.૩.૨ આયોગે મંજૂર કર્યા પ્રમાણે નીચે મુજબના ખર્ચને પહોંચી વળવા સિવાય લાઇસન્સની મુદત દરમિયાન આકસ્મિક અનામતની રકમ ઉપાડાશે નહીં.

(ક) મેનેજમેન્ટથી નિવારી ન શકાય તેવા અકસ્માતો કુદરતી આફતો કે સંજોગોને કારણ થતો ખર્ચ કે નફામાં નુકસાન;

(ખ) સાધારણ નિભાવ કે નવીનકરણ માટે જરૂરી ખર્ચ સિવાયનું પ્લાન્ટ કે કામોની ફેરબદલી કે રદ કરવા માટેનું અન્ય ખર્ચ;

(ગ) તત્સમય પૂરતું અમલમાં હોય તેવા કોઇ કાયદા અન્વયે ચૂકવવાપાત્ર વળતર, જે માટે બીજી જોગવાઇ કરાઇ ન હોય:

પરંતુ, પરવાનેદારને વીમા કવચ અને સરકારી અનુદાન કોઇ હોય તો, તેના ભાગ તરીકે મળેલ હોય તેવા બીજા કોઇ વળતરને યોગ્ય સમાયોજન કર્યા પછી આકસ્મિક અનામતમાંથી આવા ઉપાડને ગણતરીમાં લેવાશે.

ઉપર જણાવ્યા મુજબ આકસ્મિક અનામતના મૂલ્યમાં કોઇ અંકિત મૂલ્યને પ્રશુલ્કના ભાગ તરીકે સમાયોજીત કરવા દેવામાં આવશે નહીં.

**૮૭. ફાળવણીની મેટ્રિક્સ :**

વિતરણ વાયર ધંધાના અલગ કરેલ હિસાબોના આધારે આયોગ, વિતરણ પરવાનેદારના વ્હીલીંગ ચાર્જ નકકી કરશે;

પરંતુ વિતરણ પરવાનેદાર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટેના ઓડિટ કરેલ અને પ્રમાણિત અલગ હિસાબો રજૂ ન કરી શકે તો, નીચેનું ફાળવણી મેટ્રિક્સ લાગુ પડશે.

**કોઠો- ૧૫ વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ખર્ચના વિભાજન માટે ફાળવણી મેટ્રિક્સ :**

| વિગતો | વાયર ધંધો (%) | છૂટક પૂરવઠા ધંધો(%) |
|---|---|---|
| વીજ ખરીદી ખર્ચ | ૦% | ૧૦૦% |
| આંતર-રાજય પ્રવહન ખર્ચ | ૦% | ૧૦૦% |
| કર્મચારી ખર્ચ | ૬૦% | ૪૦% |
| વહીવટ અને સામાન્ય ખર્ચ | ૫૦% | ૫૦% |
| મરામત અને નિભાવ ખર્ચ | ૯૦% | ૧૦% |
| ઘસારા ખર્ચ | ૯૦% | ૧૦% |
| લાંબાગાળાની લોન મૂડી પર વ્યાજ | ૯૦% | ૧૦% |
| કાર્યકારી મૂડી પર અને ગ્રાહક જામીન અનામત પર વ્યાજ | ૧૦% | ૯૦% |
| માંડવાળ કરેલ ખરાબ દેવું | ૦% | ૧૦૦% |
| આવક વેરો | ૯૦% | ૧૦% |
| આકસ્મિક અનામત, કોઇ હોય તો તેમાં ફાળો | ૧૦૦% | ૦% |
| ઇક્વિટી પર રિટર્ન | ૯૦% | ૧૦% |
| બિન-પ્રશુલ્ક આવક | ૧૦% | ૯૦% |

પરંતુ સંચાલન અને નિભાવ ખર્ચ માટે વેઈટેજ સરેરાશ ફાળવણી ટકાવારી નક્કી કરવાના મહત્વના ઘટકો તરીકે, કર્મચારી ખર્ચ, વહીવટ અને સામાન્ય ખર્ચ, મરામત અને નિભાવ ખર્ચ માટે ઉપર નિર્દિષ્ટ ટકાવારી વિચારણામાં લઈને વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે સંચાલન અને નિભાવ ખર્ચ ફાળવવામાં આવશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રણ હિસાબોની રજૂઆત માટે વિનિયમો જાહેર કરે એટલે વિતરણ પરવાનેદારના વ્હીલીંગ ચાર્જ, વિતરણ વાયર ધંધાના વિભાજીત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૮૮. **મૂડી રોકાણ યોજના :**

૮૮.૧ વિતરણ પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, વિતરણ ઘટમાં ઘટાડો, પુરવઠાની ગુણવત્તામાં સુધારો, વિશ્વસનીયતા વગેરેની જરૂરિયાત પહોંચી વળવા, નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડીરોકાણ યોજના, નાણા ધિરાણ યોજના તથા ભૌતિક લક્ષ્યાંકો, સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતના એક ભાગ તરીકે મંજૂરી માટે આયોગને રજૂ કરશે.

૮૮.૨ વિતરણ પરવાનેદારે, કાર્યક્ષમતા, ઉત્પાદકતા વધારવા અને આયોગ દ્વારા ઠરાવેલ કામગીરી ધોરણો પરિપૂર્ણ કરવા મહત્તમ મૂડીરોઅકાણ નિશ્ચિત કરવું જોઈશે.

૮૯. **બિન-પ્રશુલ્ક આવક**

૮૯.૧ આયોગ દ્વારા મંજૂર કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાના વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા, એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ, વિતરણ પરવાનેદાર, આયોગને વ્હીલીંગ ચાર્જ નક્કી કરવાની તેની અરજી સાથે બિન-પ્રશુલ્ક આવકની તેની આગાહીની પૂરેપૂરી વિગતો રજૂ કરશે.

૮૯.૨ **બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી :**

(ક) જમીન કે મકાન પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક રોકાણોમાંથી આવક;

(ઘ) આકસ્મિક અનામત રોકાણ પરના વ્યાજની આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાકટરોને પેશગી પર વ્યાજ;

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(જ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી થતી આવક;

(ઝ) જાહેર ખબર, વગેરેમાંથી આવક;

(ટ) મિસેલીનીયસ રીસીપ્ટ;

(ઠ) પુરવઠાકારોને પેશગી પર વ્યાજ;

(ડ) પ્રત્યક્ષ ખરાઇ પર જણાયેલ વધારો;

(ઢ) વાર્ષિક હિસાબો અનુસાર અનુદાન, સહાયકી વગેરેમાંથી વિલંબિત આવક;

(ણ) પૂર્વ-મુદતની આવક, વગેરે;

પરંતુ, વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાને આનુષંગિક ઈક્વિટી પરના રીટર્નમાંથી કરેલ રોકાણમાંથી અર્જીત વ્યાજ/ડિવિડંડનો બિન-પ્રશુલ્ક આવકમાં સમાવેશ કરાશે નહીં.

૯૦. **અન્ય ધંધામાંથી આવક :**

જ્યાં વિતરણ પરવાનેદાર અન્ય કોઇ ધંધામાં રોકાયેલો હોય ત્યાં આવા અન્ય ધંધાને કારણે થયેલ તમામ પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચ બાદ કર્યા પછી આવા બીજા ધંધામાંથી થતી આવકના એક તૃતીયાંશ જેટલી રકમ વિતરણ પરવાનેદારના વાયર ધંધાનું વ્હીલીંગ ચાર્જ નક્કી કરવા અંગે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરવામાં આવશે.

પરંતુ વિતરણ પરવાનેદારે, વિતરણ વાયર ધંધા અને અન્ય ધંધા વચ્ચે તમામ સંયુકત અને સામાન્ય ખર્ચની ફાળવણી માટે વાજબી આધારને અનુસરવું જોઇશે અને પોતાની વ્હીલીંગ ચાર્જ નક્કી કરવાની અરજીની સાથે વૈધાનિક ઓડિટરો દ્વારા યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક આયોગને રજૂ કરશે.

પરંતુ વધુમાં અન્ય ધંધાના પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચની કૂલ રકમ, આવા બીજા ધંધામાંથી મળતા મહેસૂલ કરતાં વધી જાય ત્યાં આવા ધંધાને કારણે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં કોઇ રકમ ઉમેરવા દેવામાં આવશે નહીં.

**૯૧. વ્હીલીંગ ચાર્જનો નિર્ણય :**

આયોગ, અધિનિયમની કલમ–૬૪ ની પેટા–કલમ(૩) અન્વયે પસાર કરેલ તેના ઓર્ડરમાં વિતરણ પરવાનેદારના વિતરણ વાયર ધંધાનો વ્હીલીંગ ચાર્જ નિર્દિષ્ટ કરશે.

પરંતૂ સમાન વિતરણ પરવાનેદાર પાસેથી વીજપુરવઠો મેળવનાર છૂટક ગ્રાહકો સિવાયના અન્ય વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા ચૂકવવાપાત્ર વ્હીલીંગ ચાર્જમાં, આવા ઓર્ડરમાં આયોગ દ્વારા નક્કી કરાય તે પ્રમાણે સ્થાયી/ માગ–ચાર્જ અને પરિવર્તી ચાર્જના કોઇપણ સંયોજનનો સમાવેશ થઈ શકશે.

પરંતુ વધુમાં ઉપરના પ્રોવીઝન અન્વયે, વિતરણ સિસ્ટમ વપરાશકર્તા દ્વારા ચૂકવાયેલ વ્હીલીંગ ચાર્જમાંથી થતી આવક, પ્રકરણ–૮ માં આપેલ વિનિયમો અનુસાર, સંબંધિત વિતરણ પરવાનેદારના છૂટક ગ્રાહકો પાસેથી વસૂલ કરવા ના વાયર ધંધાની એકંદર મહેસૂલ જરૂરિયાત ઘટાડવા માટે વપરાશે.

**૯૨. વ્હીલીંગ ઘટ :**

વિતરણ પરવાનેદારને સંબંધિત પ્રશુલ્ક આદેશમાં નિયત કર્યા પ્રમાણે, વિતરણ સિસ્ટમના સંચાલનથી પેદા થતી વ્હીલીંગ ઘટના મંજૂર કરેલા સ્તરે, પ્રકારે વસૂલ કરવા દેવામાં આવશે.

**પ્રકરણ–૮**

**વીજળીનો છૂટક પુરવઠો**

**૯૩. પ્રયોજયતા :**

વિતરણ પરવાનેદાર દ્વારા તેના વપરાશકર્તાઓને મોકલાતા છૂટક વીજળી પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવા આ વિનિયમ લાગુ પડશે.

**૯૪. પ્રશુલ્કતા ઘટકો :**

૯૪.૧ વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા માટેના પ્રશુલ્કમાં આયોગે નક્કી કર્યા પ્રમાણે નાણાકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતની વસૂલાત માટે જોગવાઇ કરાશે અને તેમાં નીચેનાનો સમાવેશ કરાશે.

(ક) પોતાનું વીજળી ઉત્પાદન ખર્ચ/ વીજળી ખરીદી ખર્ચ;

(ખ) પ્રવહન ખર્ચ;

(ગ) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જ;

(ઘ) ઘસારા–ખર્ચ;

(ચ) વ્યાજ અને નાણા ધિરાણ ખર્ચ;

(જ) કાર્યકારી મૂડી પર વ્યાજ અને ગ્રાહક જામીન અનામત પર વ્યાજ;

(ઝ) સંચાલન અને નિભાવ ખર્ચ;

(ટ) માંડવાળ કરેલું ખરાબ દેવું, કોઇ હોય તો;

(ઠ) ઇક્વિટી પર રીટર્ન;

(ડ) સમાન વિતરણ પરવાનેદાર પાસેથી વીજપુરવઠો મેળવનાર છૂટક ગ્રાહકો સિવાયના અન્ય વિતરણ સિસ્ટમ વપરાશકર્તાઓ દ્વારા ચૂકવવાપાત્ર વ્હીલીંગ ખર્ચમાંથી આવક બાદ કર્યા પછી આ વિનિયમોના પ્રકરણ–૭ માં નક્કી કર્યા પ્રમાણે વિતરણ વાયર ધંધા માટે બાકીની એકંદર મહેસૂલી જરૂરિયાત;

બાદ :

(ઢ) બિન–પ્રશુલ્ક આવક;

(ણ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ માત્રા સુધી અન્ય ધંધામાંથી આવક;

(ત) ક્રોસ–સબસીડી સરચાર્જ કારણે આવક;

(થ) વ્હીલીંગ ચાર્જ પરના વધારાના સરચાર્જને કારણે આવક;

પરંતુ આ વિનિયમોના પ્રકરણ–૩ માં નિર્દિષ્ટ જોગવાઈઓ અનુસાર છૂટક પુરવઠા ધંધા માટે ઘસારા ખર્ચ, વ્યાજ અને નાણા–ધિરાણ ખર્ચ, કાર્યકારી મૂડી પર વ્યાજ અને ઈક્વિટી પર રીટર્નની મંજૂરી અપાશે.

પરંતુ વધુમાં, વિવેકપૂર્ણ તપાસને અધીન કેસથી કેસના ધોરણે ઓડિટ કરેલા હિસાબોના આધારે ટ્રુ–અપ કરતી વખતે આયોગ દ્વારા પૂર્વ મુદતના ખર્ચ/આવકને આયોગ દ્વારા મંજૂર કરાશે.

પરંતુ ક્રોસ–સબસીડી સરચાર્જને કારણે મહેસૂલી આવકની ઓડિટ કરેલા હિસાબો અનુસાર ખરેખરી આવકને આધારે માત્ર ટ્રુઈંગ–અપ કરવાની કામગીરી વખતે વિચારણામાં લેવાશે.

૯૪.૨ વિતરણ પરવાનેદાર દ્વારા છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક, છૂટક પુરવઠા વિતરણ ધંધાના વિભાજીત હિસાબોને ધોરણે આયોગ દ્વારા નક્કી કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા માટે ઓડિટ કરેલ અને પ્રમાણિત અલગ હિસાબો રજૂ ન કરી શકે ત્યાં કોઠા–૧૫ માં આપ્યા મુજબ ફાળવણી મેટ્રિક્સ લાગુ પડશે.

પરંતુ સંચાલન અને નિભાવ ખર્ચની વેઈટેજ સરેરાશ ફાળવણી ટકાવારી નક્કી કરવા, મૂલ્ય તરીકે કર્મચારી ખર્ચ, વહીવટી અને સામાન્ય ખર્ચ તથા મરામત અને નિભાવ ખર્ચ માટે ફાળવણી મેટ્રિક્સમાં નિર્દિષ્ટ ટકાવારી વિચારણામાં લઈને વિતરણ વાયર ધંધા અને છૂટક પુરવઠા ધંધા વચ્ચે ફાળવવામાં આવશે.

પરંતુ આયોગ એકવાર નિયંત્રણ હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે પછી વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠાનું પ્રશુલ્ક છૂટક વિતરણ પુરવઠા ધંધાના વિભાજીત હિસાબોને આધારે આયોગ દ્વારા નક્કી કરાશે.

૯૪.૩ આ વિનિયમોના પ્રકરણ–૩ અનુસાર વિતરણ પરવાનેદારે પ્રશુલ્ક નક્કી કરવા કરેલી અરજીને આધારે, આયોગ, વિતરણ પરવાનેદાર દ્વારા છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરશે.

૯૪.૪ આયોગે નક્કી કરેલા પ્રશુલ્ક અને ચાર્જીસ પર ગ્રાહકોને રિબેટ આપવાની વિતરણ પરવાનેદારને મંજૂરી મળશે.

પરંતુ, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરાય તે રીતે અને તે ફોર્મમાં દરેક ત્રિમાસે વિતરણ પરવાનેદાસ આવા રિબેટની વિગતો આયોગ સમક્ષ રજૂ કરશે.

પરંતુ વિતરણ પરવાનેદાર દ્વારા અપાતા આવા રિબેટનો બોજ સંપૂર્ણપણે વિતરણ પરવાનેદાર ભોગવશે અને આવા રિબેટનો બોજ, કોઈપણ સ્વરૂપે ગ્રાહકો પર પસાર કરવા દેવામાં આવશે નહીં,

પરંતુ આવું રિબેટ, પસંદગીના કોઈ ગ્રાહકોને અપાશે નહીં અને પક્ષપાત વિના સમગ્ર ગ્રાહક વર્ગ/પેટા–વર્ગ/ વપરાશ–તબક્કા પ્રમાણે આપવાનું રહેશે.

**૯૪.૫ વીજઉત્પાદન/ વીજ ખરીદીનું ખર્ચ :**

૯૪.૫.૧ વિતરણ પરવાનેદારો, વીજઉત્પાદન ધંધા દ્વારા ઉત્પાદિત વીજળી અથવા આયોગે મંજૂર કરેલ વિતરણ પરવાનેદારની વીજપ્રાપ્તિ યોજનાને આધારે ગ્રાહકોને પૂરી પાડવા માન્ય સ્ત્રોતોમાંથી ખરીદીનું ખર્ચ વસૂલ કરવાની મંજૂરી રહેશે.

**૯૪.૬ પ્રવહન ખર્ચ**

૯૪.૬.૧ વિતરણ પરવાનેદારને આયોગ દ્વારા આ વિનિયમોના પ્રકરણ–૫ અન્વયે મંજૂર કરેલ પ્રશુલ્ક અનુસાર આંતર–રાજ્ય પ્રવહન સિસ્ટમમાં પ્રવેશ અને ઉપયોગ માટે ચૂકવવાપાત્ર પ્રવહન ખર્ચ વસૂલ કરવાની મંજૂરી અપાશે.

૯૪.૭ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની ફી અને ચાર્જીસ

૯૪.૭.૧ આ વિનિયમોના પ્રકરણ–૬ અન્વયે આયોગ દ્વારા મંજૂર પ્રશુલ્ક અનુસાર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને ચૂકવવાપાત્ર ફી અને ચાર્જીસ વસૂલ કરવાની વિતરણ પરવાનેદારને મંજૂરી રહેશે.

**૯૪.૮ સંચાલન અને નિભાવ ખર્ચ :**

(ક) આયોગ દ્વારા વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતાં ત્રણ(૩) વર્ષ માટે ખરેખર સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશને આધારે સંચાલન અને નિભાવ ખર્ચ મેળવવામાં આવશે.

આવા સંચાલન અને નિભાવ ખર્ચની સરેરાશ, ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ પૂરા થતાં નાણાકીય વર્ષ માટે સંચાલન અને નિભાવ ખર્ચ તરીકે વિચારણામાં લેવાશે અને ૨૦૨૦–૨૧ સુધીના પછીનાં વર્ષો માટે સંચાલન અને નિભાવ ખર્ચ કાઢવા ૫.૭૨%ના વૃદ્ધિ ફેક્ટર દરે વર્ષો વર્ષ વધારાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર આ વિનિયમો અમલમાં આવ્યા તે તારીખથી ત્રણ(૩) વર્ષ કરતાં ઓછા સમયથી સંચાલન કરતો હોય તો, સંચાલન અને નિભાવ ખર્ચ કેસથી કેસના ધોરણે નક્કી કરશે.

૯૪.૯ માંડવાળ કરવાનું ખરાબ દેવું :

૯૪.૯.૧ આયોગ, વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, આગલા વર્ષના ખરાબ દેવાને માંડવાળ કરવાના વલણને આધારે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી પસાર થવાના માર્ગ તરીકે ખરાબ દેવું માંડવાળ કરવાની મંજૂરી રહેશે.

પરંતુ વિવેકપૂર્ણ તપાસને આધીન રહીને, વર્ષ દરમિયાન જતા કરેલ DPC (વિલંબિત ફાળવણી ખર્ચ) સિવાય ખરેખર માંડવાળ કરેલ ખરાબ દેવાને આધારે, જો કોઇ હોય તો, એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ખરાબ દેવાની ટ્રુ-અપ કરશે.

પરંતુ ચોક્કસ ખરાબ દેવું માંડવાળ કર્યા પછી, આવા ખરાબ દેવામાંથી મહેસૂલ વસૂલ કરાય હોય અને તે મહેસૂલ જે વર્ષમાં વસૂલ કરાયું હોય તે વર્ષની બિન-પ્રશુલ્ક આવક અન્વયે બિન-નિયંત્રણપાત્ર બાબત તરીકે સમાવિષ્ટ કરાશે.

**૯૫. મૂડી રોકાણ યોજના :**

૯૫.૧ વિતરણ પરવાનેદાર, વીજભાર વૃદ્ધિ, વિતરણ ઘટમાં ઘટાડો, વસૂલાત કાર્યક્ષમતામાં વધારો, મીટર-વ્યવસ્થા, ગ્રાહક સેવા વગેરેની જરૂરિયાત પહોંચી વળવા, આયોગને, સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતના ભાગ તરીકે નિયંત્રણ મુદતના દરેક વર્ષ માટે વિગતવાર મૂડી રોકાણ યોજના, નાણા વ્યવસ્થા યોજના અને ભૌતિક લક્ષ્યાંકો રજૂ કરશે.

૯૫.૨ વિતરણ પરવાનેદારે કાર્યક્ષમતા, ઉત્પાદકતા વધારવાનું સુનિશ્ચિત કરવું જોઇશે અને આયોગ દ્વારા ઠરાવેલ કામગીરી ધોરણો પરિપૂર્ણ કરવાના રહેશે.

૯૫.૩ વિતરણ પરવાનેદાર, આ વિનિયમોના પ્રકરણ-૨ માં નિર્દિષ્ટ મૂડી રોકાણ યોજના રજૂ કરશે.

**૯૬. વેચાણ આગાહી :**

૯૬.૧ વિતરણ પરવાનેદાર આયોગને આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સમગ્ર નિયંત્રણ મુદત માટે બહુવર્ષીય એકંદર મહેસૂલી જરૂરિયાતની સાથોસાથ દરેક પ્રશુલ્ક વર્ગ/પેટા-વર્ગને અને આવા પ્રશુલ્ક વર્ગ/પેટા-વર્ગની અંદર દરેક પ્રશુલ્ક સ્લેબ/પેટા-વર્ગએ વીજળીના અપેક્ષિત વેચાણની આગાહી રજૂ કરશે.

૯૬.૨ વેચાણ આગાહી, ભૂતકાળની વિગતો અને ભવિષ્યની વાજબી ધારણાઓને આધારે કરાશે.

પરંતુ આયોગે કોઇ ચોક્કસ પ્રશુલ્ક વર્ગને વેચાણ કરવાની આગાહી માટેનું પદ્ધતિશાસ્ત્ર નક્કી કર્યું હોય ત્યાં, વિતરણ પરવાનેદાર આવા પ્રશુલ્ક વર્ગ માટે વેચાણ આગાહી વિકસાવવામાં આવા પદ્ધતિશાસ્ત્રનો સમાવેશ કરશે.

**૯૭. બિન-પ્રશુલ્ક આવક :**

૯૭.૧ આયોગે મંજૂર કર્યા મુજબ વીજળીના છૂટક પુરવઠાને લગતી બિન-પ્રશુલ્ક આવકની રકમ, વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટેનું પ્રશુલ્ક ગણી કાઢવાની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, પ્રશુલ્ક નક્કી કરવાની તેની અરજીની સાથોસાથ આયોગને બિન-પ્રશુલ્ક આવક અંગેની તેની આગાહીની પૂરેપૂરી વિગતો રજૂ કરશે.

૯૭.૨ બિન-પ્રશુલ્ક આવક માટે ધ્યાનમાં લેવાના વિવિધ સદરોની નિર્દેશક યાદી નીચે મુજબ રહેશે.

(ક) જમીન કે મકાન પરના ભાડામાંથી આવક;

(ખ) ભંગારના વેચાણમાંથી આવક;

(ગ) વૈધાનિક રોકાણોમાંથી આવક;

(ઘ) આકસ્મિક અનામત રોકાણ પરના વ્યાજની આવક;

(ચ) પુરવઠાકારો/કોન્ટ્રાક્ટરોને પેશગી પર વ્યાજ;

(છ) સ્ટાફ નિવાસોનું ભાડું;

(જ) કોન્ટ્રાકટર પાસેથી ભાડું;

(ઝ) કોન્ટ્રાકટરો અને અન્ય પાસેથી ભાડા ખર્ચમાંથી થતી આવક;

(ટ) જાહેર ખબર, વગેરેમાંથી આવક;

(ઠ) મીટર/મીટરની સાધન-સામગ્રી/સર્વિસ લાઇનનું ભાડું;

(ડ) સર્વિસ ચાર્જ;

(ઢ) ગ્રાહક ચાર્જ;

(ણ) વીજળીની ચોરી અને તફડંચી માટે વસુલાત;

(ત) તત્કાલ ચુકવણી રિબેટ;

(થ) મિસેલેનીયસ રીસીપ્ટ;

(ન) વાર્ષિક હિસાબો અનુસાર અનુદાન, સહાયકી વગેરેમાંથી વિલંબિત આવક;

(ફ) મુદત પૂર્વેની આવક; વિગેરે :

પરંતુ વિતરણ પરવાનેદારના છૂટક પુરવઠા ધંધાને આનુષંગિક ઈક્વિટી પરના રિટર્નમાંથી કરેલ રોકાણમાંથી અર્જીત વ્યાજ, ડિવિડન્ડ, બિન-પ્રશુલ્ક આવકમાં સમાવિષ્ટ કરાશે નહીં.

પરંતુ હયાત વીજખરીદી સમજૂતિઓ અથવા વિતરણ પરવાનેદારના વિતરણ ક્ષેત્રને ફાળવેલ જથ્થાબંધ પુરવઠા ક્ષમતાનો ઉપયોગ કરીને, અધિનિયમની કલમ-૪૯ અનુસાર, અન્ય વિતરણ પરવાનેદારો કે ગ્રાહકોને વીજળીનું વેચાણ કરીને, વિતરણ પરવાનેદારે મેળવેલી કોઈપણ આવક, પ્રશુલ્ક નકકી કરવાના હેતુ માટે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી ઘટાડવામાં આવશે.

૯૮. **અન્ય ધંધામાંથી આવક :**

વિતરણ પરવાનેદાર બીજાકોઇ ધંધામાં રોકાયેલ હોય ત્યાં, આવા બીજા ધંધાને કારણે થયેલ સીધા અને પરોક્ષ તમામ ખર્ચને બાદ કર્યા પછી આવા ધંધામાંથી થયેલ આવકના એક તૃતીયાંશ જેટલી રકમ, વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠામાંથી પ્રશુલ્ક ગણવા, એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

પરંતુ વિતરણ પરવાનેદાર, વિતરણ ધંધા અને અન્ય ધંધા વચ્ચે તમામ સંયુકત અને સામાન્ય ખર્ચની ફાળવણી માટે યોગ્ય આધારને અનુસરશે અને પ્રશુલ્ક નકકી કરવા માટેની તેની અરજીની સાથે વૈધાનિક ઓડિટરો મારફત યોગ્ય રીતે ઓડિટ કરેલ અને પ્રમાણિત કરેલ ફાળવણી પત્રક આયોગને રજૂ કરશે;

પરંતુ વધુમાં આયોગ એકવાર નિયંત્રક હિસાબો રજૂ કરવા માટેના વિનિયમો જાહેર કરે એટલે પ્રશુલ્ક નકકી કરવાની અરજીઓ અને તેને ટ્રુઇંગ-અપ કરવાની કામગીરી નિયંત્રણ હિસાબોને આધારે કરાશે.

પરંતુ આવા અન્ય ધંધાના સીધા અને પરોક્ષ ખર્ચનો કૂલ સરવાળો, આવા અન્ય ધંધામાંથી થયેલી આવક કરતાં વધી જાય ત્યાં, આવા બીજા ધંધાને કારણે વિતરણ પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરિયાતમાં ઉમેરવાની છૂટ અપાશે નહીં.

૯૯. **ક્રોસ-સબસીડી સરચાર્જને કારણે આવક :**

વિતરણ પરવાનેદારને વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજય ખુલ્લા પ્રવેશ અંગેની શરતો) વિનિયમો, ૨૦૧૧ના અનુસાર આયોગે મંજૂર કરેલ દર પ્રમાણે, ક્રોસ-સબસીડી સરચાર્જની રીતે મળેલી રકમ, ટ્રુઇંગ-અપ સમયે, આવા વિતરણ પરવાનેદારા દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક ગણતી વખતે એકંદર મહેસૂલ જરૂરિયાતમાંથી બાદ કરાશે.

૧૦૦. **વધારાના સરચાર્જને કારણે આવક :**

વિતરણ પરવાનેદારને, વખતોવખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર-રાજય ખુલ્લા પ્રવેશની શરતો) વિનિયમો, ૨૦૧૧ અનુસાર આયોગે મંજૂર કરેલા દરે મળેલ વધારાનો સરચાર્જ, તેની ટ્રુઇંગ-અપ કરતી વખતે આવા વિતરણ પરવાનેદાર દ્વારા વીજળીના છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક ગણતી વખતે એકંદર મહેસૂલી જરૂરિયાતમાંથી બાદ કરાશે.

૧૦૧. **વિતરણ ઘટ :**

વિતરણ પરવાનેદાર છૂટક પુરવઠામાંથી ઊભી થતી વિતરણ ઘટ, મંજૂર કરેલ સપાટી સુધી વસૂલ કરશે.

પરંતુ ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે વિતરણ ઘટની સપાટી ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટેના પ્રશુલ્ક આદેશમાં નકકી કરી શકાશે.

પરંતુ વિતરણ પરવાનેદારે વિનિયમ ૧૭.૨(ક) અન્વયે દાખલ કરવાની MYT પીટીશન પરના આદેશના ભાગ તરીકે, આ વિનિયમો અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ થી ૨૦૨૦–૨૧ની મુદત માટે આયોગ વિતરણ ઘટ માટેનો માર્ગ (trajectory) નક્કી કરશે.

પરંતુ વિતરણ ઘટની ખરેખર સપાટી અને મંજૂર કરાયેલ સપાટી વચ્ચેના કોઇપણ ફેરફારને, ટ્રુઇંગ–અપ કરવાની કામગીરીના ભાગ તરીકે હાથ ધરાશે.

**૧૦૨. પ્રશુલ્ક નિર્ધારણ :**

૧૦૨.૧ આયોગ, કોઇપણ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ, પુરવઠાનું સ્વરૂપ અને જે માટે પુરવઠો જરૂરી હોય તે હેતુને આધારે જે સમયે પુરવઠો જરૂરી હોય અથવા કોઇ નિર્દિષ્ટ મુદત દરમિયાન તેના વીજભાર ફેક્ટર, પાવર ફેક્ટર, વોલ્ટેજ, કૂલ વીજળી વપરાશને આધારે ગ્રાહકોનો પ્રકાર નક્કી કરશે.

૧૦૨.૨ સંબંધિત નાણાકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારના કૂલ વેચાણ આધારે વિનિયમ ૯૪.૧ અનુસાર નાણાકીય વર્ષ માટે વિતરણ પરવાનેદારની ગણેલી એકંદર મહેસૂલી જરૂરિયાતના ગુણોત્તર તરીકે, સરેરાશ પુરવઠા ખર્ચના આધારે જુદા જુદા ગ્રાહક વર્ગો માટે છૂટક પુરવઠા પ્રશુલ્ક નક્કી કરાશે.

૧૦૨.૩ આયોગ, અધિનિયમની જોગવાઇઓ અનુસાર, પુરવઠાના સરેરાશ ખર્ચ બાબતમાં ગ્રાહકના વર્ગો વચ્ચે ક્રમશઃ કોર–સબસીડી ઘટાડવાનો પ્રયાસ કરશે.

૧૦૨.૪ પ્રશુલ્ક નક્કી કરતી વખતે, આયોગ, જુદા જુદા વોલ્ટેજ સ્તરે પુરવઠાનું ખર્ચ અને કોઇપણ વર્ગના ગ્રાહકો માટે પ્રશુલ્ક આઘાત હળવો કરવાની બાબત પણ લક્ષમાં રાખશે.

**રૂપવંતસિંહ, આઇ.એ.એસ.**
સચિવ,
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર
તારીખ:૨૯/૦૬/૨૦૧૬

**જોડાણ – ૧**

**ઘસારા–ખર્ચ અનુસૂચિ**

| | અસ્કયામતોનું વર્ણન | ઘસારા ખર્ચ (સીધી રેખામાં) (બચાવેલ મિલ્કતનું મૂલ્ય ૧૦%) (%) |
|---|---|---|
| ક | પૂરેપૂરા માલિકી હક્ક હેઠળની જમીન | |
| ખ | પટ્ટા હેઠળની જમીન | |
| ક | અસ્કયામતો ઊભી કરવાના હેતુસર | ૩.૩૪% |
| ખ | સ્થળ પર સફાઇ ખર્ચ માટે | ૩.૩૪% |
| ગ | જળવિદ્યુત ઉત્પાદન મથકના કેસમાં જળાશય માટે જમીન | ૩.૩૪% |
| | | |
| ગ | નવી ખરીદેલી અસ્કયામતો | |
| ક | પ્લાન્ટ ફાઉંડેશન સહિત વીજઉત્પાદન મથકોમાં પ્લાન્ટ અને યંત્ર–સામગ્રી | |
| | (૧) જળવિદ્યુત | ૫.૨૮% |
| | (૨) બાષ્પ વિદ્યુત NHRB અને નકામી ઉષ્ણતા પાછી મેળવવાના બોઇલરો/પ્લાન્ટ | ૫.૨૮% |
| | (૩) ડીઝલ–વીજળી અને ગેસ પ્લાન્ટ | ૫.૨૮% |
| ખ | કુલિંગ ટાવર્સ અને પરિભ્રમણ કરતી જળ–સિસ્ટમ | ૫.૨૮% |
| ગ | જળવિદ્યુત ઉત્પાદન મથકોનાં ભાગ બનતાં હાઇડ્રોલિક કામો | – |
| | (૧) બંધો, સ્પીલવઇસ, બંધારાઓ, નહેરો, પ્રબલિત કોંક્રિટ ફ્લ્યુમ અને સાઇફન | ૫.૨૮% |
| | (૨) પ્રબલિત કોંક્રિટની પાઇપ લાઇનો અને મોટા (surge) તળાવો, સ્ટીલ સર્જ, હાઇડ્રોલિક નિયંત્રક વાલ્વ તથા અન્ય હાઇડ્રોકિલ કામો | ૫.૨૮% |
| ઘ | મકાન અને બાંધકામ ઇજનેરી કામો | |
| | (૧) કચેરી અને શો–રૂમો | ૩.૩૪% |
| | (૨) થર્મો–વીજળી ઉત્પાદન પ્લાન્ટ રાખવો | ૩.૩૪% |
| | (૩) જળ–વિદ્યુત ઉત્પાદન પ્લાન્ટ રાખવો | ૩.૩૪% |
| | (૪) લાકડાની સંરચના જેવાં કામચલાઉ બાંધકામ | ૧૦૦% |
| | (૫) કાચા મર્ગો સિવાયના માર્ગો | ૩.૩૪% |
| | (૬) અન્ય | ૩.૩૪% |
| ચ | ટ્રાન્સફોર્મરો, ટ્રાન્સફોર્મર(કિયોસ્ક), પેટા–મથક સાધન–સામગ્રી અને અન્ય સ્થાયી સાધનો (પ્લાન્ટ ફાઉન્ડેશન સહિત) | |
| | (૧) ૧૦૦ કિલો વોલ્ટ એમ્પીયર અને તેથી વધુ રેટિંગ ધરાવતાં ટ્રાન્સફોર્મરો (ફાઉંડેશન સહિત) | ૫.૨૮% |
| | (૨) અન્ય | ૫.૨૮% |
| છ | કેબલ જોડાણો સહિત સ્વિચ ગિયર | |
| જ | વીજળી રોધકો | |
| | (૧) સ્થાયી પ્રકાર | ૫.૨૮% |
| | (૨) પોલ પ્રકાર | ૫.૨૮% |
| | (૩) સિન્ક્રોનોઅસ કન્ડેન્સર | ૫.૨૮% |
| ઝ | બેટરી | ૫.૨૮% |
| | (૧) સંયુક્ત બોકસો અને જોડાણ વિનાના બોકસો સહિત ભૂગર્ભ કેબલ | ૫.૨૮% |
| | (૨) કેબલ ડકટ સિસ્ટમ | ૫.૨૮% |
| ટ | કેબલ ટેકા સહિત ઓવરહેડ લાઇનો | |
| | (૧) ૬૬ કે.વી કરતાં વધુ બંધારાઓ વોલ્ટેજે સંચાલિત સ્ટીલ ટેકા પર લાઇનો | ૫.૨૮% |
| | (૨) ૧૩.૨ કિ.વોટ કરતાં વધુ પરંતુ ૬૬ કિ.વો કરતાં વધુ નહીં તેવા બંધારાઓ વોલ્ટેજે સંચાલિત સ્ટીલ ટેકા પરની લાઇનો | ૫.૨૮% |
| | (૩) સ્ટીલ કે પ્રબલિત કોંક્રિટ ટેકા પર લાઇનો | ૫.૨૮% |

| | અસ્કયામતોનું વર્ણન | ઘસારા ખર્ચ (સીધી રેખામાં) (બચાવેલ મિલ્કતનું મૂલ્ય ૧૦%) (%) |
|---|---|---|
| | (૪) સારવાર કરાયેલ કાકડાના ટેકા પરની લાઇનો | ૫.૨૮% |
| ઠ | મીટરો | ૫.૨૮% |
| ડ | સ્વસંચાલિત વાહનો | ૯.૫૦% |
| ઢ | એરકંડિશનિંગ પ્લાન્ટ : | |
| | (૧) સ્થાયી | ૫.૨૮% |
| | (૨) ખસેડી શકાય તેવાં | ૯.૫૦% |
| ણ | | |
| | (૧) ઓફિસ ફર્નિચર અને ફીટીંગ્સ | ૬.૩૩% |
| | (૨) ઓફીસ સાધન સામગ્રી | ૬.૩૩% |
| | (૩) ફીટીંગસ અને સાધનો અંદરનું વાયરીંગ | ૬.૩૩% |
| | (૪) શેરીની બત્તીઓનું ફિટીંગ | ૫.૨૮% |
| ત | ભાડેથી આપેલા સાધનો | |
| | (૧) મોટરો સિવાય અન્ય | ૯.૫૦% |
| | (૨) મોટરો | ૬.૩૩% |
| થ | સંદેશા વ્યવહાર સાધન-સામગ્રી | |
| | (૧) રેડિયો અને ઉંચી ફ્રિકવન્સી કેરીયર સિસ્ટમ | ૬.૩૩% |
| | (૨) ટેલિફોન લાઇન અને ટેલિફોન | ૬.૩૩% |
| દ | આઇ.ટી સાધન-સામગ્રી | ૧૫.૦૦% |
| ધ | સોફ્ટવેર | ૩૦.૦૦% |
| ન | ઉપર હેઠળ ન આવરી લીધેલ બીજી કોઇ અસ્કયામતો | ૫.૨૮% |

**જોડાણ – ૨**

**મહિના માટે પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતાની ગણતરીની કાર્યપદ્ધતિ**

૧ કેલેન્ડર મહિનાના પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતા ફેક્ટરની ગણતરી દરેક AC અને HVDC પ્રવહન સિસ્ટમ માટે પ્રવાહન ચાર્જીસની હિસ્સેદારી અલગ રીતે અને વર્ગીકૃત રીતે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રમાણિત કરાયેલ સંબંધિત પ્રવહન પરવાનેદાર દ્વારા કરાશે

૨. TAFM, ની ટકાવારીમાં (100 – 100 x NAFM), ની બરાબર રહેશે જ્યાં NAFM, પ્રવહન સિસ્ટમ/પેટા-સિસ્ટમ માટે મહિના માટે યુનિટ દીઠ અપ્રાપ્યતા ફેક્ટર છે.

૩. A.C. સિસ્ટમ/પેટા-સિસ્ટમ માટે NAFMની ગણતરી નીચે મુજબ કરાશે.

NAFM =

$$NAFM = [\sum_{l=1}^{L} (OH_l \times Cktkm_l \times NSC_l) + \sum_{t=1}^{T} (OH_t \times MVA_t \times 2.5)$$

$$+\sum_{r=1}^{R} (OH_r \times MVAR_r \times 4)] \div THM \times [\sum_{l=1}^{L} (Cktkm_l \times NSC_l)$$

$$+\sum_{t=1}^{T} (MVA_t \times 2.5) + \sum_{r=1}^{R} (MVAR_r \times 4)]$$

જ્યાં

| | | |
|---|---|---|
| l | | પ્રવહન લાઇન સર્કિટ મુકરર કરે છે. |
| t | | ટ્રાન્સફોર્મર/ ICT મુકરર કરે છે. |
| r | | બસ રિએક્ટર, સ્વિચેબલ લાઇન રિએક્ટર અને SVC મુકરર કરે છે. |
| L | = | લાઇન સર્કિટની કૂલ સંખ્યા |
| T | = | ટ્રાન્સફોર્મરો અને ICTs ની કૂલ સંખ્યા |
| R | = | બસ રિએક્ટર, સ્વિચેબલ લાઇન રિએક્ટર અને SVC ની કૂલ સંખ્યા |
| OH | = | મહિનામાં આઉટેજના કલાકો અથવા અપ્રાપ્યતાના કલાકો બાદ કલમ (૫) અનુસાર પ્રવહન પરવાનેદાર, કોઇ હોય તો, તેના કારણોસર હોય તેવા અનુપયોગી કાળની મુદત, કોઇ હોય તો, |
| Ckt km | = | પ્રવહન લાઇન સર્કિટની લંબાઇ કિલોમીટરમાં |
| NSC | = | ફેઝ દીઠ ગૌણ કન્ડકટરોની સંખ્યા |
| MVA | = | ટ્રાન્સફોર્મર/ ICT નું MVA રેટીંગ |
| MVAR | = | બસ રિએક્ટર, સ્વિચેબલ લાઇન રિએક્ટર અથવા S V C નું M V A R રેટીંગ (જેમાં તે કેસમાં કેપેસીટીવ અને ઇંડીક્ટિવ ક્ષમતાઓનો સરવાળો હશે.) |
| THM | = | મહિનાના કૂલ કલાકો |

૪ દરેક HVDC સિસ્ટમ માટે NAFMની ગણતરી, અલગ રીતે નીચે મુજબ કરાશે

NAFM = [ Σ (TCR x hours)] ÷ [ THM x RC]

જ્યાં,

TCR = સિસ્ટમની પ્રવહન ક્ષમતામાં ઘટાડો – મે.વો. માં (MW)

RC = સિસ્ટમની નિર્ધારિત ક્ષમતા –મે.વો. માં

ઉપરના હેતુસર HVDC ટર્મિનલો અને HVDC સિસ્ટમની સીધેસીધી જોડાયેલ EHV / HVDC લાઇનોને એક સંકલિત સિસ્ટમ તરીકે ગણવામાં આવશે.

૫. નીચેના કારણોસર અનુપયોગ ગાળા હેઠળ પ્રવહન ઘટકો પ્રાપ્ય હોવાનું ગણવામાં આવશે.

(૧) અન્ય પ્રવહન યોજનાના ઘટકોના નિભાવ કે બાંધકામ માટે શટડાઉનનો લાભ મળે. અન્ય પ્રવહન યોજના પ્રવહન પરવાનેદારની હોય તો, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC), સામેલ કામ માટે વાજબી ગણેલ, માની લીધેલ પ્રાપ્યતા ગાળો પ્રતિબંધિત કરી શકશે.

(૨) રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વધુ વોલ્ટેજ અને સ્વિચયુક્ત રિએક્ટરની મેન્યુઅલ ટ્રિપિંગને પ્રતિબંધિત કરવા પ્રવહન લાઇન બંધ કરવી.

૬. નીચેની આકસ્મિકતાઓ માટે પ્રવહન ઘટકોનો અનુપયોગ સમય, વિચારણા હેઠળના ઘટકના કૂલ સમયમાંથી બાદ કરવો.

(૧) ઇશ્વરનાં કાર્યો અને પ્રવહન પરવાનેદારના સંકુશમાં ન હોય તેવી કુદરતી આફતોને કારણે ઉભો થતો ઘટકોનો અનુપયોગ સમયગાળો અલબત્ત ડિઝાઇન નિષ્ફળ જવાને કારણે નહીં પરંતુ ઉપર્યુક્ત ઘટનાઓને કારણે અનુપયોગ સમયગાળો ઊભો થયો હોવાની રાજય વીજભાર રવાનગી કેન્દ્રને ખાતરી કરાવવાની જવાબદારી પ્રવહન પરવાનેદારની રહેશે. આ ઘટક માટે પુનર્સ્થાપનનો વાજબી સમય, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ધ્યાનમાં લેવાશે અને વાજબી સમય ઉપરાંત ઘટકના પુનર્સ્થાપન માટે પ્રવહન પરવાનેદારે લીધેલા વધારાના સમયને, પ્રવહન પરવાનેદારને કારણે ઉભો થયેલ અનુપયોગ સમય–ગાળો ગણવામાં આવશે. રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, પુનર્સ્થાપનના વાજબી સમયનો અંદાજ કાઢવા પ્રવહન પરવાનેદાર કે કોઇ નિષ્ણાતની સલાહ લઈ શકે. (સંકટકાલિન પુનર્સ્થાપન સિસ્ટમ) ERS મારફત પુનર્સ્થાપિત સર્કિટ, ઉપલભ્ય હોવાનું ગણવામાં આવશે.

(૨) પ્રવહન પરવાનેદાર કારણભૂત ન હોય તેવો ગ્રિડ બનાવ/ખલેલને કારણે ઉભો થયેલ અનુપયોગ સમય–ગાળો દા.ત. અન્ય એજન્સીની માલિકીના ગૌણ મથક કે બે (bays) માં ફોલ્ટને કારણે પ્રવહન પરવાનેદારના ઘટકમાં ઉભો થતો

અનુપયોગ સમય અને ગ્રિડમાં ખલેલને કારણે લાઈનોનું ટ્રિપીંગ, ICTs, HVDC, વગેરે. ગ્રિડ બનાવ/ખલેલ પછી સિસ્ટમને સામાન્ય કરતી વખતે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તરફથી આદેશ મળતાં વાજબી સમયમાં ઘટકનું પુનસ્ર્થાપન ન કરાય તો, રાજય વીજભાર રવાનગી કેન્દ્રના પુનસ્ર્થાપન માટેનો આદેશ ઇશ્યૂ થયા પછી, તે ઘટકને અનુપયોગ સમય-ગાળા માટે ઉપલભ્ય ન હોવાનું ગણવામાં આવશે.

૭. રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રાપ્યતા પ્રમાણપત્ર ઇશ્યૂ કરવાનું ફોર્મેટ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ છે.

## પરિશિષ્ટ-૧

### રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા પ્રાપ્યતા પ્રમાણપત્ર ઇશ્યૂ કરવા માટેનું ફોર્મ :-

### રાજય વીજભાર રવાનગી કેન્દ્રના લેટરહેડ પર

**સંદર્ભ :** **તા.**

**પ્રતિ,**

વિષય : **GETCO માટે પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતા પ્રમાણપત્ર**

સંદર્ભ

ઉપર્યુક્ત વિષય સંબંધમાં, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષીય પ્રશુલ્ક વિનિયમ, ૨૦૧૬ અનુસાર ગણી કાઢેલ ............. વર્ષ માટેના GETCO નેટવર્કની અવરોધક વિગતો સાથે પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતાની ગણતરી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને મળી છે.

૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષીય પ્રશુલ્ક અંગેના જોડાણ-૨ અનુસાર ગણી કાઢેલ અને ૨૦૧૬ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના બહુવર્ષીય પ્રશુલ્કના વિનિયમ-૬૭ની જોગવાઇઓ ધ્યાનમાં લીધા પછી, ............. વર્ષ માટેના GETCO નેટવર્કની એકંદર પ્રવહન સિસ્ટમ પ્રાપ્યતા ............. % છે.

**અધિકૃત હસ્તાક્ષર : ...........................**

**નકલ રવાના :**

------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.